નિસ્યંદન

(ગુજરાતી કવિતાનું ઈ–સામયિક)

ફેબ્રુઆરી ૨૦૧૬ વર્ષ – ૪ સળંગ અંક – ૨૩-૨૪

અસમિયા કાવ્ય વિશેષાંક
Assamese Poetry special



Kiron Jyoti

તંત્રી-સંપાદક

યોગેશ વૈદ્ય

o 'નિસ્યંદન' વિશે

o મૂલતઃ ગુજરાતી કવિતાને વરેલું 'નિસ્યંદન' અન્ય ભાષાની કવિતા તેમ જ અન્ય કળાઓને પણ સ્પર્શવા ધારે છે.

o લવાજમ : આપનો ઉમળકો અને આપની કાવ્યનિષ્ઠા

o 'નિસ્યંદન' આપના ઈ-મેઇલ આઇ.ડી. પર નિયમિત મેળવવા આટલું કરો :
અમારી વેબસાઇટ http://yogish.co.in પર જઈ 'નિસ્યંદન' નામક વિભાગમાં સાઇડબારમાં મૂકેલ 'નામાંકન પત્ર'માં વિગત ભરી submit કરો.
અથવા
https://docs.google.com/spreadsheet/embeddedform?formkey=dHRQTnYzLVI4YWZmNHpXVF9VS3R4cnc6MQ
કડી પર Ctrl+Click કરો. ખૂલેલા ફોર્મમાં વિગત ભરી **submit** કરો.

o આપના સાહિત્યકાર મિત્રો તેમજ કાવ્યરસિક મિત્રોને 'નિસ્યંદન'ના નામાંકન માટે પ્રેરી 'નિસ્યંદન'ના પ્રસાર માટે મદદરૂપ થવા વિનંતી.

o 'નિસ્યંદન' માટે આવકાર્ય છે

o અપ્રગટ મૌલિક કાવ્યરચનાઓ તથા કાવ્યાનુવાદ / મીમાંસા.
કૃતિ સાથે સાહિત્યકારે પોતાનો ફોટોગ્રાફ પણ જોડવો.

o *અપ્રગટ રચનાઓ જ મોકલશો. બ્લોગ / વેબસાઇટ પર મૂકાયેલી પ્રગટ રચનાઓ મોકલવી નહીં.*

o આપની આસપાસ / સંસ્થામાં બનતી સાહિત્યિક ઘટનાઓના સમાચાર/ લઘુવૃત્તાંત (ફોટોગ્રાફ તથા વીડિયો ક્લિપિંગ પણ મોકલી શકો.)

o આપના અંગત સંગ્રહમાંથી કાવ્યપઠનની ઑડિયો/વીડિયો ક્લિપિંગ.

o પુસ્તક-પરિચય માટે પુસ્તકની એક નકલ.

o *'નિસ્યંદન'માં પ્રગટ થતા વિચારોની જવાબદારી જે તે કવિ / લેખકની રહે છે.*

o કૃતિના સ્વીકાર / અસ્વીકારનો નિર્ણય એક માસમાં લઈ લેવાય છે.

o અમને મળવાનાં ઠામ-ઠેકાણાં :

o ટપાલ દ્વારા - યોગેશ વૈદ્ય, 'હૃદય કુંજ', યોગેશ્વર સોસાયટી, ૬૦ ફૂટ રોડ, વેરાવળ - ૩૬૨ ૨૬૫ (ગુજરાત) ભારત.

o ઇ-મેઇલ દ્વારા - mryogi62@gmail.com

o વેબસાઈટ - http://yogish.co.in

o બ્લોગ - http://yogesh-vaidya.blogspot.com

o ફેઇસબુક પેઇજ https://www.facebook.com/Nisyandan

પરામર્શક
જનક દવે
સાહિલ
શશિકાંત ભટ્ટ 'શૈશવ'
જિતુ પુરોહિત

*

પરિકલ્પના અને સજાવટ
યોગેશ વૈદ્ય

*

પ્રૂફરીડિંગ
જિતુ ત્રિવેદી

*

ફોટોગ્રાફિ સહયોગ

The Photography Club of Assam

*

ટેકનિકલ સહયોગ
ગુંજા વૈદ્ય મંદાર દવે

અનુક્રમ
Index

(પૃષ્ઠ નંબર પર ક્લિક કરો અને સીધા ઇચ્છિત પૃષ્ઠ પર પહોંચો, પૃષ્ઠના તળિયે મૂકેલ સંજ્ઞા ⪢ પર ક્લિક કરી અનુક્રમ પર પરત આવો)

(Click on Page No and directlt go to page, click on ⪢ and come back)

નવ્ય કવિઓ (Up-comming Poets)

સંપાદકીય



મણિપુરી કવિતાના વિશેષાંકને મળેલા વ્યાપક આવકારે આવું જ કામ અસમિયા કવિતા માટે પણ કરવાની પ્રેરણા આપી છે.

શરૂઆતમાં અસમિયા કવિ અનુભવ તુલસી અને એમ. કમાલુદ્દીન અહેમદ પાસે આ વિશેષાંકની વાત મૂકી. તેમનો ઉમળકાસભર આવકાર કામ કરી ગયો. પછી શરૂ થઈ કવિઓ અને કવિતાઓની પસંદગીની કવાયત જે લગભગ અંત સુધી ચાલી. મણિપુરી કવિતાના વિષેશાંક વખતના બધા જ અનુભવને કામે લગાડ્યા. શ્રી અનુભવ તુલસીએ એક મહત્ત્વનું પુસ્તક 'One Hundred Years Of Assamese Poetry' મોકલાવ્યું. અન્ય સંદર્ભ ગ્રંથો મેળવ્યા. સાહિત્ય અકાદેમીના મુખપત્ર 'સમકાલીન ભારતીય સાહિત્ય'ના જૂના અંકો દિલ્હીથી ખાસ મગાવ્યા. અને શરૂ કર્યું કવિતાઓના અનુવાદનું કામ. ઉત્સાહમાં ને ઉત્સાહમાં પચાસેક કવિતાઓનો અનુવાદ ક્યારે થઈ ગયો ખ્યાલ જ ન આવ્યો. પછી નક્કી કર્યું કે આ વખતે બધા જ અનુવાદો જાતે જ કરવા. અને કર્યા.

મારી સામે આસામના સાંસ્કૃતિક અને સામાજિક પરિવેશને સમજવાનો આ એક અનોખો અને દુર્લભ મોકો હતો અને મેં તેને બન્ને હાથે વધાવી લેવાનો પ્રયાસ કર્યો છે. હકીકતે આ કામે મને અંદરથી સમૃદ્ધ થવાની ઘણી તકો પણ આપી છે. કામ આગળ વધતું ગયું તેમ તેમ અનેક અસમિયા કવિઓની સાથે સંપર્ક સ્થપાયો. સદ્ભાગ્યે મણિપુરી કવિતા વિશેષાંકનું કામ અસમિયા સાહિત્ય જગતમાં પણ નોર્થ-ઈસ્ટ રાઈટર્સ ફોરમ અને અન્ય સંસ્થાઓને કારણે જાણીતું હતું, આથી ખૂબ જ સુગમતાથી સંપર્કો સ્થાપી શકાયા.

આ આખી પ્રક્રિયામાં શ્રી અનુભવ તુલસી અને શ્રી એમ. કમાલુદ્દીન એહમદ ઉપરાંત સર્વશ્રી નિલીમકુમાર, પ્રાંજિત બરા, કવિતા કર્મકાર અને બીપુલ કુમાર દત્તાનો પણ જરૂરી સહયોગ પ્રાપ્ત થયો છે. યુવા કવિ અલકેશ કલિતાનો ઉત્સાહ પણ ખરેખર સ્પર્શી ગયો. બધા સાથે ફોન પર લાંબી લાંબી વાતો થઈ છે. આપ સર્વેના નિર્વ્યાજ પ્રેમ અને સહકારને લીધે આ કામ સંપન્ન થઈ શક્યું છે. સંપાદનના આ કામે મને એવા ઘણા નવા મિત્રો આપ્યા છે જેમને હું રૂબરૂમાં હજુ સુધી મળ્યો નથી. આવા થોડા મિત્રો આસામમાંથી પણ ઉમેરાયા છે તેનો આનંદ છે. અહીં સમાવિષ્ટ ઘણા હયાત કવિઓનો સંપર્ક નથી થઈ શક્યો તેનો વસવસો પણ છે. હા, કવિ નીલમણિ ફુકન સાથે ફોન પર વાત કરવાનો અને આશીર્વાદ મેળવવાનો મોકો જરૂર મળ્યો છે.

કવિ નવકાંત બરુઆ અને ત્યાર પછીના કવિઓને અહીં સમાવાયા છે. સામયિકનું કદ અને અસમિયા કવિતાના વ્યાપ વચ્ચેથી આ મધ્યમાર્ગ કાઢી શકાયો છે. જો કે તેમાં થોડા અપવાદો પણ રહ્યા છે. આ અનુવાદો મૂળ અસમિયામાંથી થયેલા ઉપલબ્ધ હિંદી કે અંગ્રેજી અનુઆવાદો પરથી થયા છે. આથી જેમના આવા અનુવાદો ઉપલબ્ધ હતા તેમને જ તપાસી શકાયા છે. અને જેમની કવિતાઓ મળી છે તે તેમની ઉત્તમ કે નોંધપાત્ર રચના જ છે તે બાબતે મનમાં ઘણા પ્રશ્નો રહ્યા છે. જો કે સંદર્ભ તરીકે ઉપલબ્ધ સર્વસંગ્રહો અને વેબ-પોર્ટલોના સંપાદનની ગુણવત્તા તેમાં જે ઉત્તમ કે નોંધપાત્ર હશે તેને જ સમાવાયું હશે તેમ માનવા પ્રેરે છે. કેટલાક સમાવવા ધારેલા કવિઓની રચનાઓ તેમના અંગ્રેજી કે હિંદી અનુવાદો ન મળી શકવાથી સમાવી શકાઈ નથી. આ અંકમાં એંસી જેટલા કવિઓની કુલ સો કવિતાઓ સમાવાઈ છે.

અહીં થયેલા અનુવાદ મૂળ કવિતાના હિંદી કે અંગ્રેજી અનુવાદ પરથી થયા છે આથી મૂળ કવિતાના હાર્દ સુધી પહોંચાયું છે કે કેમ તેની સતત મૂંઝવણ રહ્યા કરી છે. મૂળ કવિતાના હાર્દ સુધી પહોંચવામાં ઘણી વખત અડચણો આવી છે. આ અનુવાદોને ત્રણ-ચાર વખત તપાસવામાં ખાસો સમય પણ વીત્યો છે. દરેક અનુવાદકે માધ્યમ દ્વારા ઊભા થતા આવા પડકારોનો સામનો કરવાનો હોય જ છે. મેં પણ મારા ગજા પ્રમાણે કોશિશ કરી છે.

આસામની સહુથી મોટી ફોટોગ્રાફિ સંસ્થા 'Photography Club Of Assam' એ આ ઉપક્રમને આવકારીને તેમના વેબ પોર્ટલ અને ૪૫૦૦૦થી વધુ સભ્યો ધરાવતા ફેઇસબૂક પેઈજ
પર મુકાયેલા કોઈપણ ફોટોને વાપરવાની આ સામયિકને મંજૂરી આપી છે તે બદલ તેમનો ખૂબ ખૂબ આભર માનીએ છીએ. તેમના આ સૌહાર્દપૂર્ણ અભિગમે આ કાર્યને ઘણી મોટી વ્યાપકતા બક્ષી છે.

કદાચ પહેલી જ વખત કોઈ સામયિક ' સંવર્ધિત થઈ શકે તેવા રૂપે' પ્રગટ થાય તેવું પણ સૂઝ્યું છે. આ અંક્માં કેટલીક વધારાની સામગ્રી આવનારા સમયમાં તેના અસમિયા વાચકોને પણ ધ્યાનમાં રાખીને ઉમેરીશું અને અન્ય મૂલ્યવર્ધન સાથે સંવર્ધિત પુનઃ પ્રકાશન કરીશું જેની વાચકોને સંવર્ધન માહિતી સાથેની કડી (As an Update) મોકલીશું .

અંતે આ કાર્યમાં મદદ રૂપ થયેલા સર્વે કવિશ્રીઓનો, ફોટો-કલાકારોનો આભાર માનીએ છીએ. આ અંક પ્રગટ કરવામાં ઘણું મોડું થઈ ગયું છે તે બદલ સુજ્ઞ વાચકોની ક્ષમાયાચના અને ફરીથી નિયમિત થઈ જવાની ખાતરી.

૦ યોગેશ વૈદ્ય — **તારીખઃ ૨૮. ૨. ૨૦૧૬**

અસમિયા કવિતાનો ઇતિહાસ

એવું મનાય છે કે અસમિયા સાહિત્યનો ઉદ્ભવ તેરમી સદીમાં થયો. તેનું પ્રારંભિક રૂપ ચર્યાપદના દોહાઓમાં મળે છે, જે છઠ્ઠી સદીથી તેરમી સદીની વચ્ચેનો સમય ગણાય છે. બારમી સદીના અંત સુધી લોકગાથાઓ, ગીતો વગેરે મૌખિક રૂપમાં જ હતાં. મણિકુંવર- ફૂલકુંવર ગીત એક લોકગાથા જ છે. તંત્ર-મંત્ર પણ મળે છે પણ લેખિત અસમિયા સાહિત્ય તો તેરમી સદી પછી જ મળે છે.

ઈ.સ. ૧૨૦૦થી ૧૪૪૯ સુધીના સહિત્યને આરંભિક કાળનું સાહિત્ય કહેવાયું છે (વૈષ્ણવ યુગ પહેલાનું) ઈ.સ. ૧૪૫૦થી ૧૬૫૦ સુધી વૈષ્ણવ કાળ. ઈ.સ. ૧૬૫૧થી ૧૯૨૫ સુધીનું સાહિત્ય બુરંજીકાળનું સાહિત્ય. અને ઈ.સ. ૧૯૨૫ પછી શરૂ થાય છે અસમિયા સાહિત્યનો આધુનિક કાળ જે ઈ.સ. ૧૯૪૭માં ભારતની આઝાદી સુધી લંબાય છે. તે પછીનું સાહિત્ય તે સ્વાતંત્ર્યેતર કાળનું સાહિત્ય ગણાય છે.

આરંભિક કાળમાં (વૈષ્ણવ કાળ પહેલાં) બે પ્રકારે કામ થયું. એક સંસ્કૃત ગ્રંથોનું ભાષાંતર અથવા તેના પત્રોના આધારે નવી રચનાઓ જે મોટાભાગે ધાર્મિક અને ભક્તિસાહિત્ય હતું અને બીજું કામ તે વીરોના મહાકાવ્યોની રચના. 'પ્રહલાદ ચરિત્ર' એ પ્રથમ ઉપલબ્ધ અસમિયા ગ્રંથ છે જેના રચયિતા હતા કવિ હેમ સરસ્વતી. તેરમી શતાબ્દીના જ અન્ય સાહિત્યકાર હતા પશ્ચિમ કામરૂપના કમતાપુરના રાજા દુર્લભ નારાયણ. માધવ કન્દલી આ કાળના સહુથી મોટા કવિ હતા જેમણે રામાયણનો અસમિયામાં કાવ્યાનુવાદ કર્યો. દુર્ગાવર, પીતાંબર અને મનકર પાસેથી ગીતો પણ મળ્યાં. દુર્ગાવરે રામાયણને ગીતોમાં ઢાળ્યું. પીતાંબરે 'ઉષા પરિણય' તથા મનકરે 'બેઉલા લખિન્દર' નામનાં પ્રણય-કાવ્યો રચ્યાં. આ જ કાળમાં તંત્ર-મંત્ર, મનસા પૂજા, ભૂત-પિશાચથી મુક્તિના મંત્રો અને સર્પના વિષ ઉતારવાના મંત્રો વગેરે પણ લેખિત રૂપમાં આવ્યા. જે આ કાળની સામાજિક પરિસ્થિતિઓનું પ્રતિબિંબ પાડે છે.

વૈષ્ણવ કાળમાં શંકરદેવ જેવા કવિ અને ધર્મપ્રચારક થયા. જેની સામે આ યુગના શાક્ત બ્રાહ્મણો, આહોમ તથા કોચ રાજાઓ દ્વારા અવરોધો પણ ઊભા થયા. પરંતુ ધીમે ધીમે વૈષ્ણવ ભક્તિથી તેઓ પણ પ્રભાવિત થવા લાગ્યા. શંકરદેવે અસમિયા સાહિત્ય જ નહીં; આસામના જનજીવનને પણ નવી દિશા પ્રદાન કરી. તેમણે ભાગવતી ધર્મ સ્થાપ્યો. 'કીર્તનઘોષા' એ શંકરદેવની પ્રમુખ રચના છે. તેઓ એક નાટ્યકાર પણ હતા. તેમના એકાંકી નાટકોમાં બરગીત નામનું પદ્ય પણ સમાવિષ્ટ થતું. વૈષ્ણવ કાળના બીજા મહાન કવિ છે માધવદેવ. 'નામ-ઘોષા' એ તેમની પ્રમુખ રચના. અન્ય મોટા કવિઓમાં અનંત કંદલી, શ્રીધર કંદલી અને રામ સરસ્વતી મુખ્ય છે. રામ સરસ્વતીએ મહાભારતને અસમિયામાં ઉતાર્યું. અસમિયા ગદ્યસાહિત્યનો વિસ્તાર સોળમી સદીમાં ભટ્ટદેવ દ્વારા થયો. અને ત્યાર પછી ગદ્ય, બુરંજી (અજ્ઞાત કથાઓનો ભંડાર) તથા અન્ય સાહિત્ય આવ્યું. ધર્મથી અલગ એવું સાહિત્યનું સર્જન આ કાળમાં થવા લાગ્યું હતું. કવિરાજ ચક્રવર્તી તથા ધર્મદેવ ભટ્ટ એ આ કાળના અન્ય મહત્ત્વપૂર્ણ કવિઓ. આ કાળમાં સાહિત્ય ઉપરાંત જ્યોતિષ, આયુર્વેદ, ગણિત વગેરે પર પણ ઘણું લખાયું.

ઓગણીમી સદીનો પ્રારંભ થતાં થતાં આહોમ રાજા કમજોર થઈ ગયા અને ઈ.સ. ૧૮૧૭-૧૮માં આસામ બર્માના કબજામાં આવી ગયું. ત્યાર પછી ઈ.સ. ૧૯૨૬માં આસામ પર અંગ્રેજોનું શાસન આવ્યું જેની આસામના જનજીવન અને વિચારધારા પર લાંબા ગાળાની અસર પડવી શરૂ થઈ. અસમિયા સાહિત્યને મળતો રાજ્યાશ્રય સમાપ્ત થઈ ગયો. સાહિત્ય ધર્મસ્થાનો અને મઠોથી પણ અલગ થવા લાગ્યું. બંગાળથી અનેક લોકો નોકરી કરવા આસામમાં આવ્યા અને અસમિયા એ કોઈ સ્વતંત્ર ભાષા નથી પણ બંગાળીનું જ એક રૂપ છે એવું ઠસાવવાના પ્રયાસો થયા. પરિણામસ્વરૂપ અંગ્રેજોએ ઈ.સ ૧૯૩૬માં રાજકાજ અને વિદ્યાલયોમાંથી અસમિયા ભાષાને કાઢી નાખી. પછી અસમિયા શિક્ષિત સમુદાયે અસમિયાને અલગ ભાષા તરીકે સ્થાપિત કરવાના પ્રયત્નો કર્યા. ઈસાઈ પાદરીઓ, ખાસ કરીને અમેરિકન પાદરીઓએ ધર્મ પ્રચાર માટે અસમિયા ભાષાનો જ ઉપયોગ કર્યો. અસમિયાના છાપખાનાં ખૂલ્યાં અને અસમિયામાં પુસ્તકો છપાવાં શરૂ થયાં. ઈ.સ. ૧૮૧૩માં બાઇબલનો અસમિયા અનુવાદ પ્રકાશિત થયો જે અસમિયાનો પહેલો છપાયેલો ગ્રંથ છે. ઈ.સ. ૧૮૪૬માં પહેલું અસમિયા માસિકપત્ર અરુણોદય છપાવાનું શરૂ થયું. આ આંદોલનના કારણે અંતે ઈ.સ. ૧૮૭૩માં સરકારે અસમિયાને એક અલગ ભાષા તરીકે માન્યતા આપી. આ કાળમાં પાશ્ચાત્ય વિચારો પર આધારિત અસમિયા સાહિત્યનું સ્વરૂપ ઊભરવા લાગ્યું. આનંદરામ ઢેકલિયા ફુકન આ કાળના પ્રમુખ લેખક.

ઓગણીસમી સદીના અંતમાં કલકત્તાની કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓએ 'જોનકી' નામક એક અસમિયા સામયિક કાઢ્યું. જે અસમિયા સાહિત્ય માટે નવી દિશા ખોલી આપનારું સાબિત થયું. અસમિયા સાહિત્યમાં આ સામયિકમાં લખનારા સાહિત્યકારોને જોનકી સમૂહના સાહિત્યકારો કહેવાય છે. જેમાં મુખ્ય હતા લક્ષ્મીનાથ બેજબરુ(૧૮૬૮-૧૯૩૮), હેમચંદ્ર ગોસ્વામી, ચંદ્ર કુમાર અગરવાલ (૧૮૬૭-૧૯૩૮) અને રજનીકંત બરદૌલે. આ અગાઉના કવિઓમાં કમલકાંત ભટ્ટાચાર્ય (૧૮૫૮-૧૯૩૬) એક દાર્શનિક કવિ હતા. ભોલાનાથ દાસ (૧૮૫૮-૧૯૨૯) એ અન્ય ઊર્મિ કવિ. હિતેશ્વર બરુઆએ(૧૮૭૬-૧૯૩૯) મુક્તકો અને સોનેટ લખ્યાં. રઘુનાથ ચૌધરી પ્રકૃતિના કવિ હતા તો અંબિકાગિરિ રાયચૌધરી (૧૮૮૫-૧૯૬૭) અને

પ્રસન્નલાલ ચૌધરી વિદ્રોહી કવિ તરીકે પ્રખ્યાત થયા. ચંદ્રધર બરુઆ (૧૮૭૬-૧૯૬૧) રંગદર્શી કવિતાના પ્રણેતા રહ્યા. રઘુનાથ ચૌધરીને (૧૮૭૯-૧૯૬૮) આસામના વિહગકવિ કહેવાયા. અન્ય મુખ્ય કવિઓ જતીન્દ્રનાથ દુવારા (૧૮૯૨-૧૯૬૪), રત્નકાંત બરકાકતી (૧૮૯૭-૧૯૬૩), નીલમણિ ફુકન સીનિયર (૧૮૮૦-૧૯૭૮), શૈલાધર રાજખોવા, લક્ષ્મીનાથ ફુકન, ડિમ્બેશ્વર નેઓગ (૧૯૦૦-૧૯૬૬) બિનંદચંદ્ર બરુઆ, પદ્મધર ચલિહા (૧૮૯૫-૧૯૬૮), ઉમેશચંદ્ર ચૌધરી, જ્યોતિપ્રસાદ અગરવાલ અને મુખ્ય કવયિત્રીઓ ધર્મેશ્વર દેવી (૧૮૯૨-૧૯૬૦), નલિનીબાલા દેવી અને પદ્માવતી દેવી.

લગભગ આ જ ગાળામં આકાશવાણીના શિલોંગ- ગૌહાટિ સ્ટેશનની સ્થાપના થઈ અને અસમિયા ગીતોનો એક નવો પ્રવાહ શરૂ થયો. સંખ્યાબંધ ગીતસંગ્રહો પ્રગટ થવા લાગ્યા. જેમાં મહેશ ગોસ્વામી, મલીના બરા, ભૂપેન હઝારિકા, લક્ષ્ય હીરા, તફઝઝુલ અલી, કમલા ચૌધરી, સૂર્ય બરા, અલીમુન્નીસા પિઆ, દેવેન શર્મા, કેશવ મહંતા વગેરે મુખ્ય ગીતકવિઓ આ સમયગાળામાં થયા.

બીજા વિશ્વયુદ્ધના ગાળામાં અમૂલ્ય બરુઆની કવિતાઓથી પ્રગતિશીલ અસમિયા કવિતાનો પ્રવાહ શરૂ થયો. નવસાહિત્યનો આ ઉદયકાળ. વીસમી સદીના પ્રથમ અઢી દાયકાઓમાં અસમિયા કવિતા પર મુખ્યત્વે અંગ્રેજી કવિતાનો પ્રભાવ રહ્યો. અને વિશ્વયુદ્ધ પછી ફ્રેંચ, રશિયન, જર્મન, જપાની અને ચીની કવિતાની અસરો પણ દેખાવા લાગી. બોદલેર, પૉલ વાલેરી, સ્તેફાન માલાર્મે અને રિલ્કેની કવિતામાં છે તેવાં સંગીત, કલ્પનો અને રૂપકો રૂપાંતરિત થતાં જોઈ શકાય છે. શરૂઆતે હોમ બરુઆ, નવકાંત બરુઆ, હરિબર કાક્તી, હોમેન બરગોહાઈ, વીરેન્દ્ર ભટ્ટાચાર્ય, મહેન્દ્ર બરા વગેરે પ્રમુખ કવિ થયા. ત્યાર બાદ દિનેશ ગોસ્વામી, નીલમણિ ફુકન(જુનિયર), બિરેશ્વરા બરુઆ, અજિત બરુઆ, હરેક્રિશ્ના ડેકા, ભાબેન બરુઆ, હીરેન ગોહાઈ, માહિમ બરા, રાજીવ બરુઆ, હીરેન ભટ્ટાચાર્ય, કેશવમહંતા, નલિનીધર ભટ્ટાચાર્ય, નિર્મલપ્રભા બરદોલોઈ, સૈયદ અબ્દુલ હાલીમ, તોષપ્રભા કલીતા, હિરેન્દ્રનાથ ડેકા, કબિન ફુકન વગેરેએ નોંધપાત્ર કામ કર્યું.

ત્યાર પછીના (અનુ-આધુનિક) કાળમાં નિલીમ કુમાર, અનુભવ તુલસી, સનંત તંતી, અનિસ ઉસ ઝમાન, અનુપમા બાસુમતારી, સમીર તંતી, બિપુલજ્યોતિ સૈકિયા, કમલુદીન અહેમદ વગેરે અનેક કવિઓ પ્રવૃત્ત છે અને તે ઉપરાંત પોતાનો નવો જ અવાજ પ્રગટાવવાની કોશિશ કરતા જીબન નરાહ, કુશાલ દત્ત, મૃદુલ હાલોઈ, પ્રતીમ બરુઆ, પ્રાંજિત બરા જેવા અનેક યુવા કવિઓની એક ટોળકી અસમિયા કવિતાને પોતીકી રીતે સમૃદ્ધ કરી રહી છે.

અરે, એથી આગળ પણ ઘણા આશાસ્પદ નવોદિતો (તેમાંના દશેક કવિઓને આ સંચયમાં સમાવ્યા છે) ઉત્સાહભેર કાવ્યસર્જન કરી રહ્યા છે.

એક વિશાળ સમૂહમાં અસમિયા કવિઓ કવિતાના સર્જનમાં પ્રવૃત્ત છે. પાંચેક શુદ્ધ સાહિત્યિક સામયિકો પ્રગટ થઈ રહ્યાં છે. આ ઉપરાંત લગભગ દરેક સામયિક અને દૈનિક્માં અસમિયા કવિતાઓ છપાઈ રહી છે. બીહુ અને દુર્ગા પૂજા પર વિશેષાંકો પ્રગટ થઈ રહ્યાં છે. પુસ્તક-પ્રકાશન પણ વિપુલ માત્રામાં થઈ રહ્યું છે. જો કે છપાઈ રહેલા આ વિપુલ સાહિત્યમાંથી કેટલું ટકી રહેશે તે તો આવનારો સમય જ નક્કી કરશે.

O યોગેશ વૈદ્ય

સંદર્ભઃ અસમિયા સાહિત્યના ઇતિહાસની રૂપરેખા (બિરંચીકુમાર બરુઆ, અનુ. રમેશ દવે. સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી.)
તથા ઇન્ટરનેટ પર ઉપલબ્ધ સામગ્રી.



Binoy B Gogoi

અહીંથી આગળ પાણી જ પાણી

નીલમણિ ફુકન

અહીંથી પાણીનો વિસ્તાર
ક્ષિતિજની પણ પેલી પાર સુધી

તું બાજુઓને ફેલાવ ને
કેળનાં પાન ઝૂલવા લાગે
તું તારો કેશકલાપ છોડે
ને વરસાદ તૂટી પડે

મારા હૃદયમાં
એક બીજ થઈને ફણગાયું છે કશુંક
ખાતાં ખાતાં છોડી દીધેલું જે કોઈ અલ્લડ અલગારીએ.

એક પંખી ઊડીને આવ્યું છે
તેની ચાંચમાં એક તણખલું
કે જસ્મિનની માળા !

હવે કોઈ પણ મરતું નથી કશેય
ન બાળક
ન વૃદ્ધ

અહીંથી દેખાય સૂરજ આથમતો
અને
અહીંથી ચંદ્ર ઊગતો દેખાય

અહીંથી
દ્વાર ઊઘાડીએ તો દેખાય
નિતાંત ભ્રમણશીલ
સ્નેહહૂંફાળી એક પૃથ્વી
પેલી બે ચિરયૌવના સ્ત્રીઓ
દા-પ્રબાતીયાના* દ્વારે ઉભેલી સ્વાગતમુદ્રામાં

તારા પગતળેથી જ
નીકળીને વિસ્તરતું પાણી
છેક ક્ષિતિજની પેલી પાર સુધી.

અનુ. યોગેશ વૈદ્ય
(હીરેન ગોહાઈના અંગ્રેજી અનુવાદ પરથી)

* દા-પ્રબાતીયા – બ્રહ્મપુત્રાના ઉત્તરેય કાંઠે, તેજપુર પાસેનું નાનું ગામડું. જ્યાં ગુપ્તવંશીય મંદિરના દરવાજાની બન્ને બાજુએ બે જળ-દેવીઓના શિલ્પ જળવાયેલા છે.



Binoy B Gogoi

બે-એક દિવસમાં જ

નીલમણિ ફૂકન

બે-એક દિવસમાં જ
ધુમ્મસ ઘેરી લેશે આ આખાય શહેરને
સોય જેટલીય જગ્યા નહીં બચે.

નદી અને પર્વતોની જેમ
લોકોના ઉચ્છ્વાસમાંય ધુમ્મસ નીકળશે
લોકોને ખબરેય નહીં પડે

લાલચટાક સૂર્યને ટગર ટગર જોતાં જોતાં
પાકી ગયેલી નારંગીઓ ખરી જશે
સ્ત્રીઓની આંગળીઓ ઠીંગરાઈ જશે ટાઢની મારી

લોકોના મનની ઠંડી ઉજ્જડ વીથિકા પરથી
સૂકાં પાંદડાંઓનો ખિન્ન ખખડાટ પસાર થઈ જશે
ડાઘુઓનો પદરવ થઈને

મુનિયાઓના એક પછી એક ઝુંડ ઊડી જશે શાશ્વતીમાં
ચુપચાપ વિહરશે નભમાં
એક વધુ પીળો સમય પસાર થઈ જશે
છતાંય લોકોને તેની ખબર સુધ્ધાં નહીં પડે
અને પછી
તેઓ એક એક કરીને ફેરવાઈ જશે
શિયાળાના નિસ્તેજ આકારમાં

અનુ. યોગેશ વૈદ્ય
(નીરેન્દ્રનાથ ઠાકુરિયાના અંગ્રેજી અનુવાદ પરથી)

માપ
નવકાંત બરુઆ

બપોર થઈ છે

તો ચાલો દરજીને ત્યાં જઈને માપ લેવડાવીએ
માપ લેવડાવીએ ગળાનાં, છાતીનાં, હાથ અને બાવડાનાં
માપ હથેળીનાં અને હૈયાનાં
માપ આપીશું આપણે આંતરડાંનાં
ગુરદાનાં અને પિત્તાશયનાં
આપણા હોર્મોનનાં માપ દઈએ અને માપ દઈએ અનુરાગનાં

ચલો જિંદગીનાં માપ આપીએ
ફલાણાનાં અને ઢીકણાનાં માપ આપીએ
ફક્ત માપ જ આપીએ
કપડાં સિવડાવવાનું તો આપણે છે....ક પછીથી વિચારીશું
અત્યારે ફકત માપ આપીએ.

આપણે ફક્ત ગણતરી જ માંડી શકીએ
આપણે નોંધીએ કે
આપઘાતો વધી પડ્યા છે ઠીકોઠીક
આપણે અક્ષરોની ગણતરી કરી બતાવશું ભાષણોમાંથી
કે અરબસ્તાનમાં વસતા ખ્રિસ્તીઓની વસ્તીનો આંક આપીએ.
ફકત માપ જ આપીએ.

કપડાં સિવડાવવાનું તો આપણે પછીથી વિચારશું.
તે પણ કેવળ વિચારશું જ.

આપણાં પછી
કોઈનાં નવાં માપ આવશે
કહેશે કે આપણાં માપ ખોટાં લેવાયાં હતાં
નવા નક્કોર માપ લેશે તેઓ.
ફકત માપ જ લેશે.

તો, કોઈ ક્યારે સીવશે
માણસને બંધબેસતું કપડું ભલા?

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)

રેંટિયાનો દોરીપટ્ટો
નવકાંત બરુઆ

મારી માના રેંટિયાને ઘુમાવતો દોરીપટ્ટો
રહસ્યમય હતો મારા માટે.
એક પછી એક ફરકડીઓ વપરાઈ ગઈ.
દોરા ભરાયેલ કોકડાંનો ઢગલો થઈ ગયો ટોપલીમાં.
ખાલી થઈ ગયેલું રીલ
એક-બે આંટા ફરી અને અટકી ગયું.

પણ આ રેંટિયાનો દોરીપટ્ટો
અટકતો નથી
મને તે અટકે તેવું લાગતુંય નથી, જોયા કરું છું તેને ઘૂમ્યા કરતો.
હું મારી પાટીમાં ચીવટપૂર્વક શબ્દ પાડું છું -
શાશ્વત.

એક દિવસ રેંટિયાનો દોરીપટ્ટો, દોરીપટ્ટો મટી જઈને
કંઈક બીજું જ બની ગયો.
મેં સાવ ગળી ગયેલી એક દોરીને
સિમેન્ટની ફરસ પર પડેલી જોઈ
અને તે પછી
અમે માને ભોં પર લીધી અને તેને બાળી.

હવે ચરખો ફરે છે
પણ ફરકડી ફરતી નથી,
કોકડામાં છે એક ગાંઠાળું દોરાનું ગૂંચળું....
મારા મનના અંધારામાં બેઠેલું છાનુંમાનું
અને રવીન્દ્રિય અક્ષરોમાં લખ્યું ચોપડે :
અંતિમ,
સાવરના અજવાળે.
મેં - એક તોતડા કવિએ તેને વાંચ્યું :
અંન- ટિમ..

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)

માટી
નવકાંત બરુઆ

કેસૂડાંની ફાટી આગના દિવસો વહી ગયા છે
વહી ગયા છે
સાલ અને દેવદારનાં જંગલોમાં થઈને વાસંતી વાયરા
બર્માની ચડાઈઓના એ દિવસો
કેટલાં સપનાં ખરીને પડ્યાં, કોણે ગણ્યાં છે ?
કોલોંગ, કપિલિ, ડિજુના કાંઠે
દટાઈને પડ્યાં છે દાદાજીનાં અસ્થિઓ
એક જંગલી ફૂલ ઊગી નીકળેલું
દાદીના હૃદય સોંસરું.

વાદળાંએ શું કહ્યું'તું,
આપ, વધુ ને વધુ આપ, તારું બધું જ આપી દે,
વૃક્ષો વાવ રસ્તાની ધારે, એક નિશાળ ખોલ,
પેલો પ્રવાસી તો રસ્તા પર જ મળશે હંમેશાં
નિસાસો મૂક.
છાપરાંઓ પરથી વહી જાઓ પાણી
કરોળિયાના મરખોલાનું પૂર ઊમટી પડો
આપણી માટીથી કોલોંગના કાંઠાઓ ફળદ્રુપ થાઓ.

આપણે જાગતા રહીશું
આપણા પૌત્રોની નવી વાડીના ચાસમાં, ચીલાઓમાં
આપણાં અશ્મિલોમાં તેઓ વાંચશે
રસપ્રદ વાર્તાઓ જાતિસ્મરની

આપણે રહીએ છીએ
આંધળાં સપનાંઓની ગલીઓમાં.
તેમનું ભવિષ્ય છે ગટરોમાં.

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)



Asutosh Kashyap



Vikramjit Kakati

મીનીની બાતમી
કેશવ મહંતા

આ પાંદડી ચૂંટતા હાથ છે કેળવાયેલા
અને કેળવાયેલા છે માટે જ છે ઝડપીલા પણ

મીનીની આંખો
છાતીભેર ચાના છોડવાઓ પર ખોડાયેલી રહે
તેનું હૈયું જોકે બીજે હોય.
મીનીના પાંદડી ચૂંટતાં હાથ બહુ ઝડપીલા
પણ એ બધું તો ટેવવશ માત્ર.

આજે અમને તો મીનીની કોઈ બાતમી જ નથી મળતી
ચાના બગીચામાં
તે જમવા ગઈ
અને બસ ખોવાઈ ગઈ ક્યાંક
પાંદડાંથી ઢંકાયેલ ઝળાં-ઝાંખળાંમાં.

ન તેની કુશળ આંગળીઓની કોઈ બાતમી મળે
કે ન તેની લચકતી કમરની
ન કોઈ બાતમી તેના દાડમની કળી જેવી
દન્ત પંક્તિના હાસ્યની મળે
અરે તેના અણીદાર સ્તનોની બાતમી પણ ન મળે.
ક્યારેક કોઈને તે પાંદડાંના અંધારિયા માંડવામાં દેખાય
પણ એ તો સહુ તેને તે રીતે જોવા ટેવાયેલા હોય ને, એટલે માત્ર!

કોઈક તકે
ક્યાંક અનભિજ્ઞ પરગ્રહવાસી પળ થઈને
મીની દેખા દે
રહસ્યમય અને ધુંધવાયેલી.
આ મીનીની બાતમીઓ તો જાણે બગીચાના કારખાનાનું બળતણ
ચીમની વાટે ગોટા વળીને નીકળ્યા કરે.

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)

જંગરાઈ ૧૯૬૩

અજિત બરુઆ

અંધારું થવાને થોડી વાર હતી
અમે સુબંસીરીમાં નાવ ઉતારી
અને લોટો એક પાણી સુબંસરીનું લઈને
નાવના તૂતકને પખાળ્યું.

અમે અંધવિશ્વાસુ
પૂરેપૂરા
એકપણ છિદ્ર વગરના અંધવિશ્વસવાળા
અંધ.

રાતે સુબંસરીના એક નાનકડા ટાપુના કાંઠે
અમે અમારી નાવને લાંગરી
(ટાપુનો રખોલિયો આત્મા અમારા પર નજર રાખતો હશે કે શું ?)
ઉપર તારોડિયું આકાશ
બ્રહ્માંડનું સંગીત વાગે અમારી ભેંસોની ઘંટડીઓમાં
અને આ શું -
શું આ ભય છે
પેલા વાઘની ગંધથી થથરી ઊઠીને
વિખેરાઈ ગયેલી ભેંસોની ઘંટડીઓનો ?

વમળોની ગંધ ફાટી પડતી
તારાઓની ગંધ ખીલી જતી.
વમળોની ગંધ ખીલી જતી
તારાઓની ગંધ ફાટી પડતી !!!

તૂતક પર સૂઈને
જોઈ શકાય ગારાને અને તારાઓને હારોહાર.
વાઘની ત્રાડ, ભેંસની ઘંટડીઓ,
મત્સ્યકન્યાનું ગાયન
આ બધાં સાથે મળીને વગાડે એક સરગમ વિસંવાદી.

અડધી રાતે
દૂરના સીમાડે ઝાંખાપાખાં નજરે પડતા
કે પછી જાણે મારી કીકીની અંદર જ ભળાતા
બે આગના કાકડા
આવે અને જાય અવિરતપણે
કીચડ પર ઝાંખું બળતા સ્ફુરદીપ,
જાણે યમરાજના દ્વારપાલ મારા અંતસમયના
તે ભડકા જ કદાચ મારી ચિતાને દેન દેશે .
“ ભાઈ ભડકા, મારા પર દયા કરો બાપલા આ ઘડીએ “*
“ ઓહ.. કેવી આગે બાળી આંખો “
“ જો તું વિચારે ને લીલીમાઈ, આ જીવનમાં કશું જ નથી”

સવાર પડી ત્યારે અમારી નાવનું લંગર છોડ્યું
અને
(મારા માટે આ બધું અણચિંત્યું બની ગયું)
બે વાબગલીઓ ધુમ્મસમાં ઘુમરાવા લાગી.

અનુ. યોગેશ વૈદ્ય
(કવિના અંગ્રેજી અનુવાદ પરથી)

જંગરાઈ – આસામના લખમીપુર જિલ્લામાં આવેલ નદી. બ્રમપુત્રાની એક ધારા
સુબંસારી- જંગરાઈ નદીમાં વિલીન થઈ ગયેલી નદી.
*- ભાઈ ભડકા, મારા પર દયા કરો બાપલા આ ઘડીએ - સેંટ ફ્રાંસિસ ઑફ અસિસિ (૧૧૮૨-૧૨૨૬) નું વિધાન તેમની આંખના ઑપરેશન દરમ્યાન (તે દિવસોમાં લોખંડના ગરમ સળિયા વડે આંખનું ઑપરેશન થતું.)

લટકતાં ચામાચીડિયાંઓની રાત

અજિત બરુઆ

આપઘાત કરાવે તેવી સૌરભ ઉડાડે છે
આ ટીંબરવાનાં ફળ અને સાગનાં ફૂલો
ઓહ, મારા હ્રદયનું આ જીવલેણ પલળવું
આ ભીંજાયેલી કન્યાને વીંટાળવાની ચાદર
કે એ નાડી
જે તેને બાંધી છે....
બે સાગડાં શું આટલાં બધાં સમાંતર ? એક સરખા ?
આ રાત, આ દિવસ અને આ ઘાટ્ટાં ખેતરો
શું એટલાં બધાં નિઃસ્પૃહી હશે જીવન અને મૃત્યુ પ્રત્યે ?
આ લટકતાં ચામાચીડિયાંઓની રાત
ઉજ્જડ આંખોવાળા ચામાચીડિયાંઓનું આંધળું ભટકવું આ
તે કોઈ આંધળું ચામાચીડિયું છે કે ટીમરાં છે
કે પછી કોઈ આત્મા છે આપઘાતીનો
જે મિટાવી દે છે એકાએક
નેત્રપટલ પર કેન્દ્રિત થયેલી ચેતનાઓને.

પણ મારી ટ્રેન તો દોડશે
મારું ભવિષ્ય પણ.
રાતની ટ્રેન, કરાંજતા હરણાં જેવી ટ્રેન
દોડશે મારાં પાંસળાંઓના સલેપાટ પર
દોડશે અંધત્વની પેલે પાર સુધી

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)

ઉદય
હરેક્રિશ્ન ડેકા

નીતિભ્રષ્ટ બેરેક્સ પર
કાગડા કરાંજે છે

રાત દૂર ધકેલાઈ ગઈ છે
રાહ જોતી નદીના પાણીમાં

લાકડાના ભાંગેલા પૂલ નીચે
શું સૈનિકો છુપાયેલા છે ?

નહાવા આવેલ પર્વતીય સ્ત્રીઓને
તેની ખબરેય નહીં હોય

તેમના ઊજળાં વક્ષ પર તડકો પડ્યો
અને પીળા સરસવ ધ્રૂજી ગયા

ફરીથી
બેરેક્સ માથે ઘોર અંધારી રાત પડી છે

પર્વતીય સ્ત્રીઓ ખડખડાટ હસી રહી છે
હજુ સુધી તેમને ખબર નથી કે

આખી રાત લોહીમાં ડૂબકી માર્યા પછીનું
સવારનું આકાશ કેવું લાલ હશે

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)



Hirak J Das



Pranjit Boruah

ખિજાયેલો છોકરો જંગલમાં
નલીનીધર ભટ્ટાચાર્ય

કળણમાં ખૂંપી ગયેલા હરણા જેવો
ભૂખ અને તરસ વડે ચોંટી ગયેલો
તે છોકરો હવે ગુસ્સે ભરાયો છે

વસંત ફાટી પડે તેની રાહ જુએ છે તે
જંગલનું એકેએક ઝાડવું હવે ગાય
વાંસળીના સૂરમાં સૂર મેળવીને

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)



અમૂલ્ય બરુઆ



ડિમ્બેશ્વર નેઓગ



નલિનીબાલા દેવી



અંબિકાગિરિ રાયચૌધરી

મારી પાંસળી
રામ ગોગોઈ

મારી પાંસળીમાંથી
મેં બનાવી હતી વાંસળી ગોવાળિયાની
અને એક વાર મારું ઉચ્છંગ મન નાચ્યું છે તેની ધૂનમાં.
મારું મન હવા થઈને ભળી જતું
તંતુવાદ્યનો એક આછો તરંગ થઈને
મહાસાગરોના અફાટ જળરાશિમાં

ભયાવહ જંગલોની પ્રગાઢ શાંતિ સાદ પાડે છે
મારું હૈયું ઊગી નીકળે છે સહસા
સંવેદન ઝાકળનું બુંદ થઈને ટપકે છે
મારી વાંસળીમાંથી
જે બનાવી છે મેં મારી પાંસળીમાંથી
મારી ઊર્મિઓ, પેલો પ્રગટ ઉચ્છૃંખલ પ્રેમ
ફૂંક થઈ જઈને ઊઠતા સૂરમાં
બ્રહ્માંડના ૐમાં ભળી જાય છે

પરસેવો
ખેતરમાં કામ કરતા મારા બાપનો
અને કારખાનાઓમાં ઢસરડા કરતા સંબંધીઓનો
ભીંજવી નાખે છે મારી વાંસળીને
જે બનાવી છે મેં મારી પાંસળીમાંથી
આ ગોવાળિયાની વાંસળીને મેં ખંગાળી છે
મારી માનાં આંસુઓથી
અને પછી ફૂંકના અંતરાલોમાં
પડઘા પાડ્યા છે મેઘગર્જના જેમ
મારા બાપના, મારા સંબંધીઓના સાચુકલા અવાજોના
આંસુઓ પાડ્યાં છે કરુણાનાં,
મારી અને બીજી અનેકો અજાણી માતાઓ માટે
મારી વાંસળીમાં પછી નાચ્યું છે અદમ્ય યૌવન
જેણે મને મૂકી આપ્યો છે જીવનના ઉન્મત્ત રસ્તા ઉપર
વાંસળી મારી પાસળીમાંથી બનેલી
મારી શક્તિ, મારો સંવાદ.

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદના આધારે)

મુઠ્ઠીભર ચોખા
બીરેન્દ્ર કુમાર ભટ્ટાચાર્ય

એક મુઠ્ઠીભર ચોખા માટે
તલસે છે મન
ગાંડીતૂર નદીના
બન્ને કાંઠે
ખરે છે આંસુઓ અસહાય

ચંદ્ર સોદાગર
નાવમાં લઈ જાય ડાંગર છાનીમાની
ન લૂંટીએ ગોદામ
તો જીવીએ કેમ કરીને ?
મંદિરમાં ઘીના દીવા
રસોડે ઠંડા ચૂલા
મોતી ચારો હંસલાઓને
ભૂખે મરે બીચારી ગાય
ભૂખ્યો રોટલો માગે તો
ચીપિયાથી ચામડી ઊખડે
... જેરેંગાના મેદાનમાં
પ્રાણાંતક યાતનાના મૂક સાક્ષી તે વૃક્ષો
આજ પણ ત્યાં જ ઊભાં છે.
હજુય કેટલી યાતનાઓ છે બાકી
માણસના ભાગ્યમાં ?

નિયતિની કેવી મજાક બની ને
ખોવાઈ ગઈ સોનેરી કવિતા
એક મુઠ્ઠીભર ચોખા માટે હાય રે !
તલસતું રહી ગયું છે મન.

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)



Jeetu Dk

શિયાળાની એક નિસ્તેજ સાંજ

હરી બરકાક્તી

શિયાળાની કોઈ એક નિસ્તેજ સાંજે
ઘેરાતા ધુમ્મસના સર્પ જેવા ઠંડા સ્પર્શથી ઉભડક થઈ ગયેલું મન
જો એમના વિષે વિચારે
જેમને તું ખરેખર તો ભૂલી જ ગયો છે
પણ તેની છાયાઓ અચેત મનમાં ઊપસવા મથી રહી છે
જો મનોજવની રેખાઓ ફંટાઈ પડીને ફૂટી નીકળે
આ કરમાયેલા જીવનના વીત્યા યૌવનના રોમાંચ સાથે
તો તેને રોકીશ નહીં

અસ્તિત્વની શૂન્યતાના જુગજૂના ઇતિહાસને
પામવા
તું તારા કાનને સરવા કર
ત્યાં હું મળીશ તને
જો કે હું ખોવાઈ ગયો છું

તે તને કહેશે મારી કરણી
કહેશે કે
મારી ઝંખના રહી છે સતત
રસ્તાની ધારે ખોડાયેલા રાખોડી અને ધોળા પથ્થર બનીને રહેવાની

જીવનવસંતનો છંટકાવ કરતું કોઈક
ક્યારેક આવી ચડશે અને મને જગાડશે
બની શકે તો
તારી આંખોમાં આંજી લે સૂરમો
દાવાનળની ઊડતી રાખનો અને
સળગતી જૂની યાદનો

બધા ટુકડા ભેગા કર
કંઈક અર્થ કાઢવા.
મેં જ કહ્યું હતું એ બધું અનાયાસ
એ મારાં જ પદચિહ્નો છે.
આ પૃથ્વીના કૂણા ફૂલમાં પડેલાં
સર્જનનાં બીજને વાવતો હું
આવતો રહ્યો છું
જતો રહ્યો છું
મને ખબર છે તું શોધી રહ્યો છે હજુ તેમને
તેં ભૂંસી નાખ્યાં નથી

બસ અંતે આટલું જ કહેવાનું છે
આ શીયાળાની નિસ્તેજ સાંજે.

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)



Saurabh Hazarika

તળપદા અવાજોનું વહેણ

હીરેન ભટ્ટાચાર્ય

શબ્દો આપણી બોલીમાં પ્રજળે છે ફરી ફરીને.
અને કરમાઈ જાય છે ગ્લાનિના માર્યા જ્યારે તેની ઉપેક્ષા થાય છે.
કેટલાયે શબ્દો
આપણી જાણ બહાર વિસ્મૃતિના લિસોટાઓમાં વહી જાય છે
આપણે આપણી માની આંખોમાં જોઈએ તો ખ્યાલ આવે છે કે
ખોવાઈ ગયેલા શબ્દોની ખોટ કોઈ પૂરી શકતું નથી.

આજે મારી માના ચહેરાને ઘણા લાંબા સમય સુધી હું જોતો રહ્યો.
તળપદા શબ્દોનું એક વહેણ
મારી માના હસતા મોઢામાંથી નીકળી
વળી રહ્યું હતું દૂરના રસ્તે.

અનુ. યોગેશ વૈદ્ય
(પલ્લવી બરુઆના અંગ્રેજી અનુવાદ પરથી)

કવિતા તેમના માટે છે
નીલમણિ ફુકન

કોઈ કવિએ કહ્યું છે
કવિતા તેમના માટે છે જેઓ તેને કદી વાંચતા જ નથી
તેમના હૈયાના ઘાવ માટે
તેમના કાંટા ખૂંચેલા હાથ માટે
તેમના જીવન અને મૃત્યુના સંતાપ માટે અને આનંદ માટે
રસ્તાઓ પર રાત દી ઘસડાતી તેમની બૂમરાણ માટે
વેરાન સૂરજ માટે
મૃત્યુના અર્થ માટે અને
જીવતરના ખાલીપા માટે
વિધ્વંસમાં ભાંગીને ભુક્કો થઈ ગયેલ કાળા પથ્થરો માટે.
કુંવારકાઓના કામુક હોઠોની વચ્ચેના લાલ ટપકા માટે
કાંટાળા તાર પર પાંખ ફેલાવી બેસેલા પીળા પતંગિયા માટે.
જીવ-જંતુઓ માટે, ગોકળગાયો માટે, શેવાળ માટે
સાંજના આકાશમાં ઊડતા એકાકી પંખી માટે
આગ અને પાણીમાં રહેલા ધલવલાટ માટે
પચાસ કરોડ માંદાં અને ભૂખ્યાં બાળકોની માવડીઓ માટે
લોહી જેમ લાલ થઈ જતાં ચંદ્રના ભય માટે
દરેક નિઃસ્તબ્ધ પળ માટે
ધૂમતા રહેતા શબ્દો માટે
તારા એક ચુમ્બન માટે
ધૂળનો માણસ ફરીથી ધૂળ થઈ જશે
- એ કહેવત માટે.

અનુ. યોગેશ વૈદ્ય
(નીરેન્દ્રનાથ ઠાકુરિયાના અંગ્રેજી અનુવાદ પરથી)


Saurabh Hazarika


Sheikh Abdul Nadim

લીલીનો રોંઢો
બિરેશ્વર બરુઆ

મારી આંગળીના વેઢા પર ગણાવી શકું
ક્ષણિક અનુભૂતિના
એ લેખાજોખા
જે રહે છે સિસ્મોગ્રાફના ચગદાની બહાર
એકાદ માયાળુ શબ્દ કે
મારા હાથમાં મુકાયેલ એક કપ કૉફીનો

કાલીપ લીંપાય
તેવા હિસાબી ટીપણાંઓ માથે
ન્યાયનો દેવ ? વિધાતા ? કોણ એ ?
કોણ અંતે ટાંકી શકે સપનાં
એ પાંદડાંઓને અને ડાળીઓને
જ્યાં ખિસકોલીની પૂંછડીની તોફાની દોડાદોડ થાય છે

ખરું કહો તો તેમણે ન્હોતાં સાંભળવાં બાળગીતો
કે તેઓ તમને કોયલના માળામાં પૂરીને રાખે
અરે મારા ચક્રમ !
સવારે આકાશનાં વાદળાંને
તમે કેમ કરીને વિખેરી શકશો
તમારા બે હાથ વડે ?
તેઓ બનાવે છે તરકટી રોંઢાને
તમારા યૌવનની સમાધિ પરનો ચંદરવો.

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)

મિતભાષ
નગેન શાઈકીયા

ધવલ કપાસ

ધવલ કપાસ જેવી વાદળોની ચાદર ઉપર થઈને
હું જ્યારે ચાલ્યો આવતો હતો, ખબર નહીં કેમ
મારી બન્ને પાંખોને આગ લાગી ગઈ. ખબર નહીં કેમ
વહેતી હવાએ આગની જ્વાળાઓને પોષી
અને બન્ને પાંખોને બાળી નાખી.
હું વાદળોના વક્ષ વચ્ચે થઈને નીચે પડવા લાગ્યો.

કોણ હતું તે

કોણ હતું તેની મને ખબર નથી. ક્યાં જોયું હતું તેને તે પણ નહીં.
ભૂલી ગયો. પણ તેના ચહેરાની છબી સાથે લઈને
ફરું છું હું. તેની ભીતર પ્રસ્ફુટિત થઈ હતી
તેના હૃદયની પ્રતિછબી. કોમળ. આસો માસ જેવી
કોમળ, શાંત- ખરેલા શેફાલીનાં ફૂલોના દુઃખથી
ભીંજાયેલુ રૂપ. ઘણી વખત પ્રયત્ન કર્યા મેં તેના
ચહેરાનું ચિત્ર બનાવીને રાખવાનો, પણ કરી ન શક્યો.
કારણ કે તેનું કોઈ પ્રતિરૂપ જ નહીં. આ રીતે જ કદાચ બધા લોકો
એક ન બની શકતા ચિત્રનો ભાર ઉપાડતા ફરે છે.

આ ફૂલ બીજી વખત નહીં ખીલે

આ જ એક ફૂલ બીજી વખત નહીં ખીલે. નહીં આવે કદી
તેના રૂપ-રસ-રંગ-ગંધ લઈને ફરીથી. તે જ્યારે જશે,
સદાકાળ માટે અનંતમાં સમાઈ જશે. માટે તો
તને હૈયામાં છુપાવી લેવાની ઇચ્છા છે. પણ કાળના અમોઘ
શસ્ત્રથી હું છું ઘવાયેલો જર્જરિત. એક વૃક્ષની જેમ
મેં પણ મારી લીલપ ખોઈ નાંખી છે અને પીળો પડવા લાગ્યો છું.
ક્યાં રાખું, ક્યાં રાખું મારા આ ફૂલને ?

અનુ. યોગેશ વૈદ્ય
(દીવેપ્રસાદ બાર્ગોદિયાના હિંદી અનુવાદ પરથી)



Keshar Jyoti Das

ઋતુઓ
નિર્મલપ્રભા બરદોલોઈ

વસંત

૧)
આખુંય ગામ
ઝૂલી રહ્યું છે નવાંઅંકુરિત થઈને
કેતકીની સુગંધમાં
કૂણો સૂરજ બોધિવૃક્ષ વચ્ચે ઊગ્યો છે
શરીરના જંગલમાં
કોયલનો ટહુકો
ઝરણું થઈને ખળખળ વહે.

૨)
જાણે દૂરના જંગલોમાંથી
એક પતંગિયું હળવેથી વહી આવતું
તેની સોનેરી પાંખો જાણે કે ફૂલ
સવાર તેમાં મર્મરે

૩)
ગોવાળિયા ધણને ઘર ભણી હાંકતા
કેળના પાનની સીટી વગાડતા
ટેકરી ઊતરી ને
હળવેકથી હૃદયમાં વહી આવતા.

૪)
જાણે કે નવોનક્કોર ચકચકિત અરીસો
પીળકના સામટા ઉડ્ડયનોની સોનેરી ફ્રેમમાં જડાયેલો
કેતકીનાં ફૂલો ઊડતાં રહે દિવસ આખો
પીળી પરાગ-રજ સાથે.

ગ્રીષ્મ

૧)
ખેડૂતની ખૂંધ પર સવાર
ગ્રીષ્મની સવાર, બપોર અને રોંઢો


૨)
ફણસની લીલી પેશીઓ જે તમે ખાઓ છો
સાચવીને રાખે છે ગ્રીષ્મના રંગોને.

૩)
એક સૂર્યમુખી ઊઘડતું મોટ્ટું અને ઊજમાળું
તેની દરેક પાંખડીનુ ઊઘડવું – તાજા ખબર !


૪)
ભીના સૂરજ તરફ ઢળેલી
પાકી કુંવારકાઓ રાહ જોતી
ચંપકના ફૂલ જેવા ખીલતા ચહેરાઓની.
સોનવર્ષા જેવું હસતી
તેમના અંબોડામાં ગુલમહોર.

૫)
વરસાદ :
બશીષ્ઠાના પથ્થરો પર
કોઈ ભરેલો ઘડો છલકાયો

૬)
વરસાદ :
ગારાથી ખરડાયેલી માલણ બાઈઓએ
શિયાળુ ઉજાણીઓના કેળના કુમળાં પત્તાંઓને ભાગ્યે જ બચવા દીધા છે
ઢાંકી દીધાં છે ખેતરોના ખેતરોને



Vikramjit Kakati


Himanka B Deka

બેસતી પાનખર

ગલનાં ફૂલો ચોફેર
કેડસમાણા, પુરબહાર
અરે આકાશ પણ સફેદ ઉપરણું ઓઢી
તાબે થઈને રહે આખોય મહિનો.

પાનખર

૧)
કેવું વિચિત્ર
કે એની એ જ લીલૂડી જાત
સ્ફુર્યા કરે સીટી થઈને
આખાયે વગડામાં.

૨)
ભાદરવા પાસે કયું સંગીત છે !
એક લીલી નદી
તેની ઉપર વહે બીજી નદી
ધુમ્મસના રંગની.
સલૂકાઈથી.

૩)
ગુંજતી સૌરભ પાનખરની
તૂટેલો પૂલ વળોટે
પણે દૂર
નાજુક પડછાયા પડે વક્ષ પર
સપનું થઈને.

૪)
પાનખર
સૌરભ છે અભીપ્સાઓની
ઝંખવાઈ રહેલા તુલસી તળે.



Bhrigu Kumar Bayan

પાકી પાનખર

૧)
કારતક એક કસાયેલો યુવાન છે
પાંદડાં અને વનસ્પતિઓથી
ડાંગર અને માછલીઓથી
ફાટફાટ

૨)
સૌરભ પોતાની પાંખો ફેલાવે છે
ખળભળે છે પીગળેલા સોનાનો રંગ.

૩)
ઝાકળે ટેકરી પર રાવટી નાખી છે
શીખવવા પથ્થરોને : કેમ ઊડવું

બેસતો શિયાળો

૧)
પીળા પતંગિયાનો બુટ્ટો
સરસવનાં ફૂલ
ઊડીને આવે
ઊડીને જાય

૨)
ઓહોહો !
આ સરસવનાં ફૂલો તો
બાકી સરસવનાં ફૂલો જ !

૩)
ઉલ્લાસિત મન
ખેતરનાં ખૂપરાં પર થઈને વહી જાય છે
ઘાસિયાં મેદાનોનાં
બધાં જ જંગલી ફૂલ ફરતે ચકરાવા લેતો
ઈંધણાં વીણતો
શિયાળો.

ભર શિયાળો

૧)
આ પગ પછાડતી ભગરી ભેંસોની વચ્ચે
ખેતરનાં ખૂપરાં નીચેની લહેરખીને તો
તું ભાગ્યે જ સાંભળી શકે, ઓ રંગ-ઘર*

૨)
સૂર્ય નહાતો હતો સવારમાં
ધુમ્મસે નદી પર પડદો ખેંચ્યો.

ઊતરતો શિયાળો

૧)
ગયા વર્ષનાં ગીતો લોહીમાં ફણગાયાં
હૃદય ધબકારો ચૂકી ગયું, શ્વાસ અધૂરિયો

૨)
આવા કોઈક દિવસે
આકાશ નીચે ઊતરી આવે
તડકો અને ચાંદની
હારોહાર ખીલે વૃક્ષો પર.

૩)
ભૂરા રેશમી વસ્ત્ર પર
હોળીની મીંડાભાત

૪)
કોણે વાંસળી પર આંગળીઓ મૂકી
કે ગુંજી ઊઠ્યાં ફૂલો તેનાં મૂળ સુધી

બેસતી વસંત

એક છોકરી મોજીલી, રમતિયાળ
તેણે બામ માછલીઓને ગોઠવી ચોફેર
બિલાડીના ટોપનો બુટ્ટો ભર્યો
ખેતરમાં, છીછરી નદીમાં
અને તેની અસ્તવ્યસ્ત બપોરને
સફેદ રેતી પર પડેલા કાચબાની પીઠ પર મૂકી દીધી.
છોકરી રમતિયાળ !

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)

(* આસામનું પ્રાચીન ક્રીડાઘર જ્યાં ભેંસોની લડાઈ યોજાતી)

તું અને હું - ઑફિસ રૂમમાં

રાજીવ બરુઆ

ઑફિસનો સમય પૂરો થઈ ગયા પછી
ક્યારેક સાવ એકલો પડું છું
ખાલી થઈ ગયેલા ઓરડામાં
ખાલી ખુરશીઓ વચ્ચે આંટા મારું છું
અને મારા ટેબલની સામેની એકાદ ખુરશી પર બેસું છું.

થોડી વાર પહેલાં જ્યાં મુલાકાતીઓ બેઠા હતા હારબંધ
ત્યાં જ બેસીને,
તેમની આંખો વડે ધ્યાનપૂર્વક જોઉં છું મારી જાતને.
મારી સુંવાળી ગાદીવાળી આરામદાયક ખુરશી
જેને મોકળાશ છે આજુબાજુનું બધું જ જોવાની.
સામેની બાજુથી હું મારી જાતને તેમની નજરે નીરખું છું.
મારી વાત કરવાની રીત, મારો મિજાજ અને તેમના ઉભરણ.
મારી જાતને અત્યારે ફરીથી પૂછું છું
તેમણે મને પૂછેલા પ્રશ્નો
અથવા તો એવા પ્રશ્નો જે તેઓ મને પૂછવા માગતા હતા
પણ પૂછી ન્હોતા શક્યા.
પછી મારો જવાબ સાંભળવા સરવા કરું છું હું
તેમના કાન.

હું તેમની ઇચ્છાને ઇચ્છું છું.
ધ્યાનપૂર્વક નીરખું છું
તેમના એકના એક સવાલને ફરી ફરી પૂછવાથી
મારા ચહેરા પર ઊપસી આવતા ચીડના ભાવને,
પછી એમની આંખો દ્વારા જોઈને એ પણ ખાતરી કરી લઉં છું કે
મારી ફાઇલોમાં છૂપાયા છબરડાઓને
ક્યાંક તેઓ ભાળી તો નથી ગયા ને?


માત્ર એક જ કામ કરાવવા માટે
ખાવા પડતા દશ દશ ધક્કાના તેમના થાકને માપું છું
'તેમના' થાકને અવગણવાની કોશિશ કરતો
અને તેમના અયોગ્ય અનુરોધને નકારી કાઢતો રહી
હું 'તેમના' ઊંડા નિસાસા મૂકું છું.

જ્યારે હું સાચ્ચે જ તેમના વિચારોમાં પ્રવેશી શકું છું
અને તેમની અપેક્ષાઓને સમજી શકું છું
ત્યારે એક સચ્ચાઈને ક્યાંય છુપાવી નથી શકતો
કે નથી કરી શકતો તેને બુઠ્ઠી.
મને દેખાઈ ગયું છે એક અક્ષત સત્ય પૂરેપૂરું.
મારા કાચમઢ્યા ટેબલ પર
સામસામેના બે વિરુદ્ધોની આરપાર

જ્યારે ઉદાસ સાંજ અંધારું લઈને મારા ઓરડામાં પ્રવેશે છે
વિષાદની છાંટવાળો એક ગોળમટોળ ચહેરો
સ્પષ્ટપણે ઊભરીને આવે છે મારી સામે.

કોનો છે આ ચહેરો ?
મારો છે ?
કે કોઈ એક જણનો છે, જે આવ્યો છે મને મળવા?

અનુ. યોગેશ વૈદ્ય
(હીરેન્દ્રનાથ દત્તના અંગ્રેજી અનુવાદ પરથી)



Binoy B Gogoi

ઉંચે ચડવાનો ઘોડો

રાજીવ બરુઆ

મને સ્પષ્ટ સંભળાય છે કે
મારી પત્ની મને સાદ પાડે છે
તેની જરૂરિયાતો ઊંચાઈ પરની છે
એટલી ઊંચાઈ કે જ્યાં તે પહોંચી નથી શકતી
તેને જોઈએ છે મારી ઊંચાઈ.

તેને હું શોધ્યો જડતો નથી
આ જ રીતે હું વારે વારે ખોવાઈ જાઉં છું
અને તે રઘવાઈ થઈને મારી શોધખોળ કર્યા કરે છે.
અમારા લગ્નની પ્રથમ રાતે
હું ખોવાઈ ગયેલો
તેના કરિયાવરના ચળકાટમાં.

આજે પણ હું ઊંઘી જવાનો ઢોંગ કરું છું.
જો કે હું તેનો અવાજ સાંભળી શકું છું. સર્પ જેવો ઠંડો.
કોઈ જવાબ ન મળતા તેણે પલંગ નીચેથી
એક ઘોડો ખેંચી કાઢ્યો
(આ અગાઉ તો મેં આ ઘોડો કદી જોયો ન્હોતો !)
અને તે ઘોડા ઉપર ચડીને
તેણે પોતાની જરૂરિયાતોને ચંચળ હાથ વડે પકડમાં લીધી
એક પછી એક

અમારા સંસારજીવનનું પૈડું ફરીથી ગબડવા લાગ્યું
આ વખતે તેણે મને સુવાડવા રીતસરનું હાલરડું ગાયું
મારી ગાઢ નિદ્રામાં
મને ઈર્ષા ઉપજી પેલા લાકડાના ઘોડાની.....

તા.ક. મારી પુત્રી તેર વર્ષની થઈ ગઈ છે
પ્રાર્થના કરું કે તે એટલી તો ઊંચી થઈ જાય કે
લાકડાના ઘોડાની જરૂર ન પડે.

અનુ. યોગેશ વૈદ્ય
(ક્રિષ્ના દુઆલ બરુઆના અંગ્રેજી અનુવાદ પરથી)


Swarnav Choudhury

એક કાવ્ય

નીલમણિ ફુકન

દિવસો સુધી
મેં સાંભળ્યો ફક્ત એક જ અવાજ.
દિવસ અને રાત
એક સળગતું ટાયર દુર્ગંધ મારે છે
મેં આંસુઓને ખેરવી નાખ્યાં
એને લૂછી નાખ્યાં
એક હાથથી
બેઉ હાથથી.
મારાં આંસુઓમાં પથ્થર પલળ્યા
લોહીઝાણ ઘાસ હતું ત્યાં
તે પલળ્યું આંસુઓમાં.
ફૂલફટાકડા સૂરજમુખી કરમાઈ જવાનાં હતાં
તે કરમાયા નહીં.
દીચોઈ અને દીબાંગ ઠરીને હિમ થઈ જવાના હતા
હિમ થયા નથી.
દિવસો સુધી
દીરોઈ રંગાલી ઉપર ચંદ્રોદય થયો નથી.
તેં કદાચ તારા કડવાં આંસુઓને ખેરવી નાખીને
ભીના અંબોડે
માટીના કોડિયામાં દીવો પેટાવ્યો હોય.
સળગતા ટાયરની વાસ હજુયે આવે છે.
અને મને તેનો તે જ અવાજ ફરી સંભળાય છે
કાલ સવારે સૂરજ નજરે ચડશે,
લાલ કે કાળો ?
તેની તને પણ ખબર નથી.

અનુ. યોગેશ વૈદ્ય
નીરેન્દ્રનાથ ઠાકુરિયાના અંગ્રેજી અનુવાદ પરથી)



હેમ બરુઆ



નલિનીધર ભટ્ટાચાર્ય



બિરેશ્વરા બરુઆ



અજિત બરુઆ

એ પાછો આવી રહ્યો છે કદાચ
હેમાંગ બિસ્વાસ

બે'ક લીટર જેવડી તરસ લઈને
ગોળીઓથી વીંધાઈને ચાળણી થઈ ગયેલી થેલી
ખાબોચિયા પાસે પડી છે ભર બપોરે
કીચડથી ખરડાયેલી.

છોકરો આજે પણ પાછો નથી આવ્યો
તે ઊભો હતો રોજીરોટીની કતારમાં
તેની ભૂખે મરતી મા
ભીની આંખે રાહ જોયા કરે છે
રાહ જોયા કરે છે

પછીના જ દિવસે
પાણીની એક છાલકે પાકા રાજપથ પરના
તે લોહીના ડાઘાને ધોઈ નાખ્યા.
પોપડા અને લોહીનાં ખાબોચિયાં
તપસ્વી જેવા સંયમ સાથે આછરી ગયાં
કાંટાળા પારિજાત પર
ફૂલ બનીને ઊગી જવા માટે.

વસંત બેઠી છે
લાલ ધજાના સપાટા અને ફડફડાટ
અને દૂરની દિશામાં
કૂચના સૂત્રોચ્ચારો.
આજે તે હિંમત કરીને બહાર નીકળી આવી છે
કદાચ તે પાછો આવી રહ્યો છે...

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)


Himangshu Lahkar


Palash Nath

કુથોરી
ચંદ્ર ફૂકન

ગામ અને કસબાઓથી દૂર
ઘેરાં જંગલો અને પર્વતમાળાઓની વચ્ચે
અડધા ઢંકાયેલ આદિવાસીઓનાં યાયાવરી ધાડાં
પાળેલાં પ્રાણીઓ સાથે હરીફાઈમાં ઊતર્યાં છે
અને આદિવાસીઓની એક નવી આવૃત્તિ જેવો
હું ત્યાં તેમની વચ્ચે.
મારા હૃદયમાં આદિમ અનુરક્તિ
અને મારા ટેબલ પર
રવીન્દ્રનાથના ઊંઘરેટા ગ્રંથો દળદાર.
આદિવાસીઓ આપી જાય છે
દારૂની બોટલ અને હરણના માંસનો ટુકડો
મારા કવિમનમાં ચાલી રહેલાં ચિંતન અને
કવિતામાં ભજવાતાં દશ્યો વચ્ચે
એકાએક ઊભરી આવે છે
નામપૂરતાં જ વસ્ત્રો પહેરેલી એક કન્યા
સિંહ-ચર્મ ખેંચાયેલું તેના વક્ષને ઢાંકતું
બસ આ જ છે કુથોરી
ખરા અર્થમાં.

(અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)

કુથોરી – નાગાંઓ જિલ્લામાં આવેલું આદિવાસી વસ્તીવાળું સ્થળ

કવિ

અનિસ ઉઝ ઝમાન

અજાણ્યા શબ્દો રણક્યા કરે
કવિના હૃદયમાં

એકલી અટૂલી રાત જાગે
પાવાના સૂરમાં

ક્યારેક મોકો મળે તો
કવિના હૈયે મારા કાન ચાંપું
કવિ કોઈ મદિરા પીધેલ છાકટો લાગે.

એકાંત અને પંખીઓનો ચહકાટ
ઊભા ઘાસનું હવામાં હલવું
ઝરણાંનું કરાડ પરથી દડદડવું
બધા અવાજો મારામાં ઊંડે ઊતરી રહ્યા છે.

રાતે હું મારી પત્નીના નીકળેલા, આશાવાન પેટ પર
કાન માંડું છું.

રાતની સ્તબ્ધતામાં
શબ્દોનો કોલાહલ ગીતોમાં વળી જાય છે
જેવી રીતે
મારી એકાંતની પળો
સગર્ભા સ્તનોના ભારથી ઝૂકી જાય છે

શબ્દો કવિના હૃદયમાં શીર્ણ-વિશીર્ણ
બુદ્ધિ, સામાન્ય જન, યુદ્ધરત અશ્વો,
આ શબ્દોને જણનાર કવિએ
ગઈ રાતે આપઘાત કર્યો છે.

કવિને ફાટેલો અને રડતો છોડીને
શબ્દોની ટેક તરડાઈ છે
અર્થોની શોધ ગૂંચવાઈ ગઈ છે
પણ
બિલાડીનાં નવ નવ જન્મારા તો
કવિને વળગેલા જ રહ્યા છે

તે આદિપુરુષ છે
તેણે તોફાનોને ખાળ્યાં છે
પૃથ્વીને ઉજાળી છે
તેને તમે દેશનિકાલ કરો કે ઝેર પાઈ દો
તેના શબ્દો તો રહેશે ત્યાં ને ત્યાં જ, અવિચળ

હસ્ના હાનાની સુગંધમાં
ધૂંધળા કાચમાં
અને ભીંજાયેલા તારોડિયાઓમાં

કોઈ એકાંતવાસી યતિ, પૂજારી, કર્ણધાર
પ્રેમી, નટ, લડવૈયો
દરેક કવિ
ચંદ્ર છે મકાઈના ખેતર પર નાચતો

ના, હું એકલો નહીં
તમે પણ જો સરવા કાને સાંભળશો તેના વક્ષને
તો સંભળાશે તમને એકાંતનો રઘવાટ.

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)



Sagar Sarma

ઝિબ્રાઇલ- આકાશગંગામાં

સૈયદ અબ્દુલ હાલીમ

અઝાઝેલ મારા પર હસ્યો
કેમકે હું છું અત્તરિયો
અઝાઝેલ શેતાન છે.
આજકાલ એ હર કોઈ પર હસે છે
અને આ હસવું તેને પોતાને જ મિટાવી દેશે
લોહી જે માટીના માટલામાં ભમતું
લોહી જે અદ્ભુત જીવંત-કણોથી ઊભરાતું
છસો કરોડ પ્રકાશવર્ષમાં ફેલાયેલું
ફૂલોની સુગંધવાળું લોહી.

બે લાખ કરોડ પ્રકાશવર્ષનો થાક મારી પાંખોમાં
ઠીંગરાયેલા તારાઓનો
જાણે હું ક્ષણોનાં વનોમાંથી પસાર થઈ રહ્યો
એક તૂટેલું ટીપું કિરમજી ઝાકળનું
એક તીર માફક હું પસાર થઈ ગયો
દૂધિયલ આકાશગંગાની આરપાર
રાતડા રાક્ષસી ગ્રહોની તીણી ચીસો
અંધકારના પિશાચી આત્માના ગમગીન બોગદાં
જાણે અદશ્ય જીભથી ટપકતું પોતાનું જ મૃત્યુ
ઇચ્છા અને સંતુષ્ટિનું ઊઘડતું હ્રદય
અનંત અમાપતા
હું અશરીર છું
આ યાત્રાની અકથ્ય ત્વરામાં હું સળગીને રાખ થઈ ગયો છું

અત્તરિયાના વ્યવસાયને છોડીને
મને એક ખાસ શોખ થાય છે
ગુલાબ ઉગાડવાનો.
જોકે મને ફૂલો નીચોવી અને અત્તર કાઢવાની
સ્હેજેય આવડત નથી.
જૂની આકાશગંગામાંથી છૂટું પડીને
રથનું પૈડું સેસામુખના મટિયલ મારગના કળણમાં ખૂંપી ગયું
કાદવ અને પાણી ઉડાડતું
ઝીણકા સૂર્યનું નાનકડું કુટુંબ
જેના ફળિયામાં વાડ બનાવીને મેં ઉગાડ્યાં છે ગુલાબ અનેક
ઉગાડ્યાં છે ગુલાબ
એ પ્રાણીઓનાં હૈયાઓમાં જે બળે છે અણુઊર્જામાં,
ઇજિપ્શિયન નેતા ફેરોની ભૂમિમાં,
જામ્બુ દ્વીપના ભૂખે મરતા ભિખારી છોકરાના ચહેરા પર,

જો કે મને ફૂલોને નિચોવીને
એક ટીપુંય અત્તર કાઢતાં નથી જ આવડતું.

આ એન્ડ્રોમેડાનો કરોડોનો તારકગણ
આ નક્ષત્રો અને આ કાંઠાઓ
એકલતાના ડામરિયા કાળા દરિયાને પાર કરતાં
એ સપનાંઓ કે જેનો કોઈ છેડો નથી,
મારા શરીરના અણુએ અણુને, હ્રદયના દરેક ધબકારને કોરી ખાય છે
આ યંત્ર કરોડો ગ્રહોને હણી નાખે છે
હું પણ અંધારું, પથરો, અશરીરી
કાંટાળી ઝાડીઓમાંનો ઝબકારો
અસંખ્ય સૂર્યોના અગણિત વંશજો
શાંત કબરોમાંથી જંગલ માફક ઊગી નીકળે
નિહારિકાના ભૂરા મઠવાસીઓ
આજુબાજુ હોડીઓ હંકારે
તેમના મૃત્યુ-પ્રાર્થનાનાં ભૂરાં રુદન ગૂંગળાવે

તેમની તરફ એક અનંત ત્રિજ્યાનો ખાલી કૂવો
પ્રકાશથી ઝળહળે
અને હું ? હું સોફુરાનો પતિ
ફેઅરોની ભૂમિમાં ધાડ પાડતો.

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)

*- ઝિબ્રાઈલ = શ્રેષ્ઠ કક્ષાનો દેવદૂત
*- અઝાઝેલ= ઓલ્ડ ટેસ્ટામેન્ટનો દુષ્ટ આત્મા જેને પ્રાયશ્ચિતના દિવસે ‘હોળીનું નળિયેર’ મોકલાયું.
*- એન્ડ્રોમેડા= આ નામની કુંતલાકાર આકાશગંગા
*- સેસામુખ = આસામનું એક નાનકડું ગામડું


Nabajyoti Kalita



કેશવ મહંતા



હરી બરકાક્તી



નીલમણિ ફૂકન



નવકાંત બરુઆ

તેઓ આવશે
સનંત તાંતી

તેઓ રાતે અહીં આવશે
વાતો કરશે, સલાહ-સૂચન કરીને
ચાલ્યા જશે પાછા.
ત્યારે તમે હશો
ગાઢ નીંદરમાં અથવા સપનાં જોતા હશો

તમને ખબર નહીં પડે કે તેઓ અહીં આવ્યા'તા
અને મારી સાથે વાતો કરી હતી
નહીં જાણી શકો કે તેઓ તમારા ઘર-ફળિયામાં ઊછરતી
યંત્રણાના ચહેરા અંધારામાં જોઈને પાછા વળી ગયા હતા
તમને ખબર નહીં પડે કે તેઓ આવ્યા હતા અને
મારી સાથે વિતાવી હતી કેટલીક ઉદાસ ક્ષણો.

રાતે તેઓ અહીં આવશે
મારી સાથે સાથે રડશે. મારા શ્વાસોમાંથી
સમેટીને લઈ જશે મારી આકૃતિ
મારા લોહીમાંથી લઈ જશે લોહીની ગંધ
મારા વક્ષમાંથી લઈ જશે થોડી ઇચ્છાઓ.

મેં તેમને ઘણા દિવસોથી સાચવી રાખ્યા છે
માટે દૂર રાખ્યા છે સ્પર્શથી
નજરથી છુપાવીને રાખ્યા છે

રાતે તેઓ લઈ આવશે મારા માટે
વાયુવેગી એક ઘોડો
જેની પર સવાર થઈને હું આગળ વધી જઈશ.

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)



Binoy B Gogoi



Ajoy Dutta

ગેંડો
સનંત તાંતી

મારા ઘરની સામે જ્યાં આકાશના જેવું ખુલ્લું મેદાન છે
બસ એ જ મેદાનમાં તે લોકોએ જંગલી પશુઓ માટે તંબુ તાણ્યા છે
વાઘથી પણ વધારે બર્બર અને દયાવિહીન એ બેપગાંઓ વિષે બધાં જાણે છે
મારા ચાર વર્ષના દીકરા સ્વાગતને જો પૂછો તો તે પણ કહેશે કે
આ પ્રાણીઓ કેટલા બર્બર અને હિંસક છે.
મારી અડોશપડોશમાં રહેતા લગભગ બધા જ લોકો જાણે છે કે
આ પ્રાણીઓ ગળી ગયાં છે
યુવક-યુવતીઓનાં સરકાર વિરોધી આંદોલનને
ગળી ગયાં છે સૃષ્ટિશીલ બુદ્ધિજીવીઓને
ક્યારેક આ પ્રાણીઓ બાળકોનું લોહી પીએ છે પાણીની જેમ
ક્યારેક સ્ત્રીના ગર્ભમાંથી ભ્રૂણ કાઢી લેતા કે વક્ષના માસપિંડને ચૂંથે
આદિમ અસભ્ય નખ વડે
આ પ્રાણીઓ શાસકોના રક્ષક આતતાયી છે
આ લોકોને પાળીને રાખે છે શાસક તેના નિષ્ઠુર ભવનમાં
હવે તેમનું નામ રખાયું છે ' ગેંડા'
એ પ્રાણીના ગુણ પ્રમાણે આ લોકો પણ હિંસક અને તાંડવપ્રિય
તીખા અને જટિલ
ચોવીસે કલાક યૌન-અધીરા, બલાત્કારી નિર્લજ્જ કામુક
મારા ઘરની સામે જ્યાં હતો સહુથી સુંદર બગીચો
બરાબર તે જ સ્થળે
પ્રાણીઓના પદચિહ્નો જોઈ હવે ડરી ગયો છે ખુદ સમય.

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)

તે દિવસે રવિવાર હતો
નીલમણિ ફૂકન

તે દિવસે રવિવાર હતો
એક તાજા લોહીનો રેલો ખાટકીને ત્યાંથી નીકળી
શેરીમાંથી વહીને બાજુના ખાડામાં ગયો
ઘોંઘાટિયા રાહદારીઓએ નોંધ ન લીધી
આ લોહીના રેલાની.
વાંકી પૂંછડીવાળા ખસિયા કૂતરાની એક જોડી
આ અક્ષમ્ય લોહીને ચાટતી હતી
બેચેન લોકોના ચહેરા ખોપડી જેવા હતા
શબઘરમાંથી ઊભા થયેલા માણસની ચીસ
ટેલીફોનના તારમાંથી આવ-જા કરતી રહી.
ચકલાંની જોડી બેઠી'તી ટેલીફોનના તાર પર.

તે દિવસે રવિવાર હતો
બજાર સંતરાંઓથી ઊભરાઈ પડી હતી
હરાજી પૂરી થાય તે પહેલાં જ
બીજો રવિવાર શરૂ થઈ ચૂક્યો હતો

અનુ. યોગેશ વૈદ્ય
(આલોપ આગોતે આમી કી કથા પાતી આશીલો- નામક પુસ્તકમાંના
અંગ્રેજી અનુવાદ પરથી)


Bitu Chetia

ફાટફાટ
હીરેન ભટ્ટાચાર્ય

તમને ખબર છે
આ કવિ પાસે કશું જ નથી
સિવાય કે આ એક શર્ટ
સિલાઈમાંથી ફાટી ગયેલું.

પ્રેમનું પણ લગભગ એવું જ છે
હૃદયને ધરવી દેવા જાતે અનાવૃત થઈ જવું

અનુ. યોગેશ વૈદ્ય
(આલોપ આગોતે આમી કી કથા પાતી આશીલો- નામક પુસ્તકમાંના
અંગ્રેજી અનુવાદ પરથી)

કવિતા માટે એકલ પ્રાર્થના
હીરેન ભટ્ટાચાર્ય

મને આ કવિતા મારી રીતે જ પૂરી કરી લેવા દો
ભવિષ્યનો અજાણ્યો ઝંડો લઈને.
ઝંડો એ સંદેશાનો કે બેચેન મોતે મરી રહ્યું છે લોહી
આ વિરૂપ નગ્ન શરીરમાં.

મને છૂટ આપો કે
હું આ અતિપરિચિત શબ્દોની ઉદાસીનતાને
ભાંગીને ભુક્કો કરી નાખું.
કે પછી
કાપીને કટકેકટકા કરી નાખું
આ પાંડુરોગી, મરણોન્મુખ અને વસૂકી ગયેલા વાસ્તવના
કોઈ તેજીલી અને અજેય તલવારથી

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)

શૈશવ
નીલિમ કુમાર

એક

ઉધેઈનો રાફડો હતો ત્યાં
બાજુમાં વાંસનો પરિવાર, વૃદ્ધ પુરુષો હતા ભાલુકા વાંસ

વાંસ જાતિની હતી તેની સુંદર સ્ત્રીઓ
જેના પાલવને ઝાલ્યા હતા બિજુલી વાંસે, જાણે તેનાં નાનાં બચ્ચાં.

અમે પણ રમ્યાં હતાં તેની ડાળે-ડાળે, પાને-પાને અને છાંયડામાં
તેની સાથે અમને જોઈને ભાલુકા વાંસ બડબડ્યાં
મારી વ્હાલુડી બહેન બેઠી'તી ઉધઈના રાફડા પર
જેની છાતી પર હતાં બે સ્તન-ચિહ્ન

બે

અણબનાવની ગીચ ઝાડીઓમાં હતાં મોટા મોટા સાપ
દાદાએ અમને શીખવેલુ ડરવાનું, મારા હાથમાં હતી નાની લાકડી
અને ઊભાં રુંવાડાં સાથે અમે બગીચાઓમાં રમ્યાં હતાં
ચાવ્યાં હતાં ખાટ્ટાં પાંદડાં અને લીલી ગંધ.
વાંસના માચડા પર હતી પથારી,
વનવાસી થઈને પડ્યાં હતાં સપનાંઓ ઓશીકા નીચે.
એક દરવાજા વગરનો જૂનો કબાટ
પાટી-પેનની બાજુમાં
જ્યાં અમે ભેગા કર્યા હતા રંગીન કપડાના લીરા
તૂટ્યા કાચનાં સુંદર અંગ, ચમકતા પથ્થર
તૂટ્યાં ફૂટ્યાં અને વળેલાં સપનાં.

ત્રણ

એક ગળતા સપનાની નીચે, કદીક પિતાજીએ મને બરાબરનો પીટ્યો હતો
અને દુઃખના માર્યા મારી પાણીના ઊંડા પ્રતિબિંબમાં
ડૂબી મરવાની ઇચ્છા થઈ ત્યારે યાદ આવી નાની જાકોઈ,
ઠંડી માછલીઓનાં નાનાંમોટાં કૂંડાં, જ્યાં કાગળની હોડીઓ બનાવીને
તરાવ્યાં હતાં મારી આંખોનાં સપનાંઓ અને આંગળીઓનો સ્પર્શ.
અને એ પછી ચોતરફ હર્ષોલ્લાસ : બપોરે ખેતરમાંથી વાઢ્યાં હતાં પરાળ
અને તેના ઢગલામાં ગાળ્યા હતા પીળા ખાડા
જ્યાં અમારા નાના-નાના શરીરે પહેલી મૈથુનમુદ્રા પ્રાપ્ત કરી હતી
અને મહેકી ઉઠ્યાં હતાં અમે જામફળની જેમ.

ચાર

એક દિવસ મારા દાદાએ પહેરાવી'તી
મને દુઃખના રંગની નાની ધોતી.
હાથમાં મશાલ લઈને ઉત્સવ અને આક્રંદના સમૂહને ચીરતો ગયો હતો હું
માની અરથીની પાછળ પાછળ. મરેલા ઝરણાની બાજુમા હતું સ્મશાન.



Sadhana Konwar Gogoi

માની પથારી ન્હોતી. મારી યાતનાનો એ પહેલો દિવસ હતો.,
કેમકે આગની વચ્ચેથી મને જોઈ મા પાછી આવવા માગતી'તી,
પિતાને જોઈને નહીં.
અને મારા અભાગિયા હાથોને
દાદાજીએ તેની સફેદ ભુજાઓમાં ભીંસી લીધા'તા

પાંચ

મને ગમતું હતું ઘરડા માણસનાં હોઠ અને નાક ચૂમવાનું
જે પ્રસરી જતાં હતાં દાદાજીના માથા અને ગળાની રેખાઓ સુધી
એક અર્ધવિકસિત નોકરે મને કપડાં ખોલીને બતાવ્યો હતો
તેની નાભિની નીચેનો અરણ્યપથ.
એવી જ રીતે કોઈક રાતે વૈધવ્ય ઓઢેલી નવયૌવનાએ
મને ચૂમ્યો હતો તેની પ્રલંબ રાતો વડે
અને મને સારું લાગવાનું શરૂ થયેલું.

છ

આવી રીતે રંગ-બેરંગી રોશનીમાં
જૂની ચોપડીઓના ઢગલા અને તલસાંકળીની વચ્ચે
રંગહીન સપનાંઓ અને નાપસંદ રંગીલા ખેલની વચ્ચે
એક વૃક્ષની જેમ વિકસી રહ્યો હતો
લીલાથી પીળા સુધીનો રસ્તો.
યાતનાઓની વિકૃત રેખાઓમાં
દોડતા રહીને મેં શ્વાસ લીધા હતા
તે બોલચાલની હરીભરી બપોર અને સાંજમાં
લાકડાંના વેર જેવા સુક્કા રસ્તા પર થઈને
હું એક લથડતા મુસાફરની જેમ ક્યાંક જઈ રહ્યો છું.
મારી નિયતિ લીલો ડગલો ઓઢીને રખડે છે મારા શૈશવમાં
અને મેં જે ગીત રચ્યું હતું
તે હતું ભવિષ્યહીન શરીરનું ગીત.

અનુ. યોગેશ વૈદ્ય
(રંજના ગુંજનના હિંદી અનુવાદ પરથી)

વરસાદ

નીલિમ કુમાર

હાથ ઊંચો કરીને વરસાદે બસ રોકાવી
અને ફટાફટ બસમાં અંદર સમાઈ ગયો
કોઈ સીટ ખાલી નહોતી
મારી અડોઅડ આવીને ઊભો રહી ગયો વરસાદ
હેન્ડલ પકડીને.

હવા કે વાદળ કે વીજળી કે ગડગડાટ,
વરસાદનું કોઈ જ જોડીદાર બેઠું નહોતું સીટ પર
સીટ પર જે લોકો બેઠા હતા
તેઓ અજાણ્યા હતા વરસાદ માટે.

બસના હલવાથી વચ્ચે વચ્ચે
વરસાદનાં ટીંપાં અને વાછંટનો અવાજ
લોકોના દેહ પર પડતો'તો છાંટો છાંટો
કેટલાંક લોકો ગરદન ઉઠાવીને, કેટલાક લોકો
બીજાના ખભાની ઉપરથી જોતા હતા વરસાદ
જે એક નખરાળી છોકરીની જેમ
હેન્ડલ પકડીને ઊભો હતો

ધીમે ધીમે બસનું આખું તળિયું
વરસાદના પાણીથી થઈ ગયું હતું ભીનું-ભીનું
તોપણ કોઈ કશું બોલતાં નહોતાં
બધાં મૌન હતાં
હળવેથી મારા ખભા પર
તેનો એક હાથ મૂકી દીધો વરસાદે
મારા ખિસ્સામાંના કાગળો
પલળી ગયા ખમીસની સાથે
અને ભીંજાઈને રેળાઈ ગઈ
કાગળોની વચ્ચે મારી એક અધૂરી કવિતા પણ
નાક પરથી ઊતરતું ટીપું ટીપું પાણી
પીધું મારા હોઠે અજાણતા

આ રીતે વરસાદ અજાણતા
મારી અંદર સમાઈ ગયો.
મારી અંદર હતું એક નાનકડું આકાશ
આકાશને જોતાં જ
વરસાદ વરસવા લાગ્યો.

ભીતરથી અને બહારથી પલળતાં પલળતાં
હું જ્યારે બેહાલ થઈ ગયો
વરસાદે મારા કાનમાં ફૂંક મારતાં પૂછ્યું-
'તું ક્યાંય પલળ્યો તો નથીને વરસાદમાં?'

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)



Arpan Kalita

૭૧

અનુભવ તુલસી

આ તે નથી
ના, આને 'ઇકોતેર' - એમ ન વાંચો
સાત દશુ વત્તા એક કે ત્રણ વીસું વત્તા અગિયાર,,
અરે કહ્યુંને.. પહાડા ન ફાડો..

આદત સમજો આદત
દરેક અવગુણનું મૂળ
તેને તમે કહો છો
એકમાત્ર ખૂલો રસ્તો

આ તે નથી
તમારી ધારણા પણ જ્યાં ન પહોંચી શકે
મેં તેને ત્યાં રોપી દીધું છે.

પુનરાવૃત્તિમાં
બુદ્ધિ વિવર્ણ, મન ફુગાઈ ગયેલું

આ કાચું, સાચું ખનિજ છે
મેં સમજ્યું, મેં ખોદી કાઢ્યું છે
અંધારાની જાળમાં ફસાવ્યું છે.

ચામાચીડિયાંના દેશમાં લટકી ન શક્યું આ
તે જમીન પર ઊતરી આવ્યું

આ અજાણ્યું છે એટલે કે બહિરાગત છે
એટલે બરછી-ભાલાં લઈને તેને ખદેડો મા

આ મારી સ્થિતિ છે
આ તમારુંય ઠેકાણું છે

આજે કે કાલે
કે પછી પરમ દિવસે પણ
અહીંથી તમને કે મને
પત્ર મળશે જ.
નક્કી છે.

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)

વરસાદ

અનુભવ તુલસી

કાંટા જેવું જ કંઈક
વરસાદમાં પણ છે

એક ઓશીકામાં મોં છુપાવી દઈને
તે પોતામાં સ્થિર થવા માગે છે.
અને સપનાને બાળે છે સાંઠીકડાં સાથે

વરસાદ મને લઈ જાય છે
એક વણદીઠી નદીના
કોઈ કલકલતા ઘાટ તરફ

વરસાદના એક ઊગતા બુંદને લઈ
હું મીણબત્તીના સ્ટૅન્ડને શણગારું છું.

વરસાદ મને ખેડે છે
અને તેના હૈયામાં હું વાવું છું ડાંગરના દાણા

કોઈક વખત
વરસાદ સાથે હું પતંગ ચગાવું છું

અમે બન્ને
રસ્સાખેંચની રમત રમીએ છીએ.

અનુ. યોગેશ વૈદ્ય
(નીરેન ઠાકુરિયાના અંગ્રેજી અનુવાદ પરથી)



Krishna Chauhan


કૂતરો
અનુભવ તુલસી

મારા લોહીમાં એક કૂતરો ચચરાટ ભરીને ભસી રહ્યો છે ક્યારનો
ત્રિભેટા પર અંધારું થવાનું ટાણું છે
ક્રેનના પડખાંમાંથી
વાંકાચૂકા નવજાત બાળક જેવો એક ટ્રક નીકળે છે
અને કોલસાની ભૂકીની ડમરી ચડી છે

એક ચોપડી વાંચી હતી, સવારની બારીમાંથી એક ફિલમ જોઈ હતી
સાંજનો રસ્તો ટૂંકાવવા માટે બસ-કંન્ડકટર સાથે લડ્યો હતો
ગીતની આકૃતિમાં સજાવ્યા હતા ઍશ ટ્રે, અસ્થિપાત્ર અને આકાશ
જ્યારે કે એક કૂતરો ચચરાટ ભરીને ભસી રહ્યો છે ક્યારનો

રાખમાં વિચારનું સત્વ નહીં,
જાણે ચાના બગીચાના છોડવા, એક સરખા ઊંચા, એક સરખા લીલા,
પાંદડાંય એકસરખાં. ભર બપોરે શિરીષના છાંયડે
ચોતાલ જોબન આડે પડખે થયું છે.
મગમાં ભરેલ ચાના પહેલા ઘૂંટડે જ શું સાંભળ્યો હતો
તેના ભસવાનો અવાજ ?

સંબંધના ઊંડાણમાં સંદેહની સંભાવના ન હોવા છતાંય
ભસવાના અવાજ સાથે ઢોલકીના સમને વચ્ચે વચ્ચે વધઘટ કરું છું
ઇતિહાસ, વેદ, ભૂગોળ, કથાના લાંબા રસ્તાને કાંઠેની ધર્મશાળામાં
અથવા કપડાંની કોઈ મોંઘી દુકાનમાં કદાચ
પહેલી વાર પરિચય થયો હતો તેનો.
કેટલાક દિવસો પહેલાની વાત છે એ ?
પહેલા વરસાદનાં હળવા છાંટણાના સમયની ?
ત્યારે પંખીની ચાંચમાં લખ્યું હતું શું ઊડતી માટીનું સરનામું ?
પાણી નીચે કોઈએ શ્વાસ લીધા'તા શું ?
કદાચ આ દરમ્યાન
રેસાદાર ઊનની વચ્ચે નારીના સળગતા રૂપને હું શોધી ચુક્યો છું...


Binoy B Gogoi


Pulak Nath

આ ભસવાના અવાજના પડઘા જરૂર બીજાઓને આકર્ષિત કરી રહ્યા છે
એક અગ્નિશામક દળ પણ બન્યું છે.
અથાગ જળના દ્વિઅર્થી ઊંડાણોમાં ડૂબકી લગાવી છે
કેટલાયે અજાણ્યા મરજીવાઓએ.

દાંત અને નખના ધારદાર ઉચ્ચારણોથી ઘવાયાં છે નક્ષત્રો જેવાં કેટલાં
નીલકમળો .
આ અનુશાસિત કૂતરા સાથે સાંજે દરિયાકિનારે લટાર મારવાની
મને જૂની આદત છે;
જ્યારે કે તેના જોરથી ભસવા સાથે
આજે ત્રિભેટા પર મારી ભારે જીભાજોડી થઈ ગઈ.

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)

અંધકારના હાથ
ભાબેન બરુઆ

તારા હાથનો સ્પર્શ
જાણે ડામરિયા રસ્તા પર
રાતે ઠંડીનું લખલખું થઈને આવે
ગીતના ખોડંગાતા લયમાં

તારા હાથનો સ્પર્શ
ચામડાના ટુકડા પર ખૂંપી ગયેલા
કૂતરાના દાંતની વચ્ચે.

તારા હાથમાં
કાંપતાં પીળાં પાંદડાં.
હવાથી તૂટી જતા કાચનો અવાજ
તારા હાથમાં.

જોજનો સુધી ફેલાયેલી નિર્જનતા
ફરતી કાંટાળી વાડ
અવાજ ફક્ત પવનનો
ફક્ત પવનનો અવાજ

ભૂરા તરંગોના અફાટ વિસ્તારમાં
સર્પોના શ્વાસોચ્છવાસ વચ્ચે
તારા હાથમાં ઊગે
અમર ઊંઘનાં કમળ

ચાંદની ઝળકે
વાડના કાંટાળા તાર પર.

અનુ. યોગેશ વૈદ્ય
(કવિના અંગ્રેજી અનુવાદ પરથી)


Arik Yusuf

હત્યા
દીનેશ ગોસ્વામી

આ જ સમય છે કંગાલિયતને હણી નાખવાનો.
આ જ તો એ ઘડી છે.

મારા બારણે એક ટકોરો પડ્યો પાછલી રાતે
મેં બારણાનો આગળિયો ખોલ્યો
હસતી હસતી કંગાલિયત અંદર આવી
આ તો અગણિત નામોવાળી અત્યાકર્ષક કંગાલિયત
કોઈ સર્વોપરી દૈવીતત્ત્વને ભાવપૂર્વક બોલાવતો હોઉં
તેમ મેં તેનું નામ ઉચ્ચાર્યું –કંગાલિયત
વારંવાર ઉચ્ચાર્યું એનું નામ
પણ પછી મને બીજો જ વિચાર આવ્યો.

હું કંગાલિયતના સજ્જડ ઘેરામાં હતો
મેં તેના હોઠ પર સળગતું ચુંબન ચાંપ્યું
અને તેના એક પછી એક વસ્ત્રો ઉતાર્યાં
તેની ભૂરી ચાદર, તેનાં અંતઃવસ્ત્રો
તેનાં સ્તનો બહાર નીકળી અવ્યાં,
થોડાં ત્રાંસાં થઈ ગયેલાં અને ઘાટ ગુમાવી ચૂકેલાં સ્તનો
મેં તેનાં સ્તનોને હણી નાખ્યાં.
તેના દેહના નકશાઓ તપાસ્યા.
કંગાલિયતે મને ચુંબન કર્યું
તું વ્યભિચારિણી છે? મારા મગજમાં એમ જ ઊગી આવ્યું
તેની ફરતે ખિલ ખિલ હસતું અને પ્રકાશિત થતું.
એક સળગતા હાસ્ય સાથે
તેણે મને તેના શરીર પર ખેંચ્યો


એકાએક હું મારી સભાનતામાં પાછો ફર્યો.
તે પૂરી સંતુષ્ટ હતી અને હું ખર્ચાઈ ચૂક્યો હતો
તે અને તે જ ક્ષણે મેં તેના ડાબા સ્તન પર છરીથી વાઢ મૂક્યો.
તે જોરથી થડથડી અને પછી ખોડંગાઈને વિરમી ગઈ

ચાલો, હવે સમય થઈ ગયો છે સૂઈ જવાનો
સમય થઈ ગયો છે સવાર માટે તૈયાર થવાનો.

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)



હરેક્રિશ્ન ડેકા



હીરેન ભટ્ટાચાર્ય



માહિમ બરા



નિર્મલપ્રભા બરદોલોઈ

માછીમારનાં ગીત

હિરેન્દ્રનાથ દત્તા

એક
(કાંઠે ઊભેલાની પ્રાર્થના)

અમને લઈ જા
નદી પર આથમતા પેલા કિરમજી ગોળા સુધી
લઈ જા અમને
સાંજના આછા અંધારાથી ઘેરાયેલા એક પરિચિત ગામના
કોઈ શાંત ઊંઘરેટા નદી કિનારે

અમે પીડાગ્રસ્ત, રોગના મૂળ અમારી ભીતરે
વીંધાયેલા અને ક્ષીણ થઈને મરવા નિર્માયેલા,
અમારી છેલ્લી ઇચ્છા પૂરી કરીશ ?
એક યાત્રા કરાવીશ ખુલ્લી સવારમાં
જળપંખીઓના ચહકાટની વચ્ચે ?

અમે ગટરની દુર્ગંધથી ભરાઈ પડેલા
અમને શ્વસવા દે
નદીના વ્હેણમાં પડતી
ચંદ્રપ્રકાશની ઝાંયવાળા નાવડિયાના ગીત જેવી
નિર્ભેળ અને અબોટ તાજી હવામાં

અમને
અમળાતા જળ-તરંગો પર
તરતી નાવનું વહેવું આપ
અમે ખૂંપી ગયા છીએ
નિષ્ઠુર ઇચ્છાઓના કળણમાં.



Kanchan Choudhury



wapnil Bora

બે-
(માછીમારનો ઉત્તર)

દિવસ ને રાત, તડકામાં અને ચાંદનીમાં
અમારો પરસેવો પાડીએ
મટમેલા વહેણમાં.
અમારું હોવું એ તો છે ખારી ચિખલની ગંધ
અમારી ચાલમાં જાળની કડીઓનો ધાત્વિક રણકો
તૂતક પર બળતા દીવાને
અમારી ધૂંધળી પ્રતીક્ષાની સાથે
બાળતા ને ઠારતા રહીએ રાતે.
ધસમસ પ્રવાહનું ઝલમલ નૃત્ય,
અને ધોવાતા ઢાળ પરના ભીની ભાષાના ચહકાટ
ભળી જાય અમારી ઊંઘમાં.

ધૂળભર્યા માથાવાળું
શણિયારનું એક અધમૂઉં ઝૂમખું
ચડતા પાણીમાંથી ક્યારેક ક્યારેક ડોકિયાં કાઢે
કાંઠે ઊભેલાં આ ભાવશૂન્યો
જાણે કે કુટુંબ કોઈ ઘરવછોયા પૂરપીડિતોનું
જેને હાંકી કાઢેલું હોય ડ્હોળા પાણીએ.

ખારા પાણીના આ લોઢ
લિસોટા કરતા જાય તેમના કપાળે
એ તેમની ભાગ્યરેખા
અને અમારી પણ
ઘૂમ્યા કરીએ અમે આ વિનાશરેખાઓ ફરતે

અનુ. યોગેશ વૈદ્ય
(કવિના અંગ્રેજી અનુવાદ પરથી)

ગૌહાટી
કિશોર ભટ્ટાચારજી

૧)

લોકો રાતે રાત્રી-સુપર ટ્રેન પકડે છે
દિવસે તેઓ બેસે છે લાઇન બસોમાં
તેઓને રસ્તાના કાંઠે જ ઉતારી પડે છે
સ્ટેશનનું ચલણ જાણે ખોવાઈ ગયું છે.

દરેક મણસ ઘર શોધતો
શોધતો તાળાં અને ચાવીઓને
જો ક્યાંય કોઈ ઘર હોય અને તેની ચાવી ન હોય
તો લોકો આકાશ-પાતાળ એક કરી નાખે છે
ચાવી એ તો શિષ્ટાચાર છે
જરૂર પડે તો તેઓ
'આવજો'-ની આપ-લે કર્યા વગર પણ ચલાવી લે

૨)

કિતાબઘરથી લુઈત કેટલું દૂર છે
શંકરદેવથી લઈને આજ સુધીમાં ઘણું શોષાઈ ગયું છે
જ્યોતિ અગ્રવાલનાં ગીતો, હાઈકુ, લોર્કા અને લોકગીતો
કિશ્નકાંતા હેન્ડીક, રાધાગોવિંદ બરુઆ
અને મોનાલીસાનું પિંગ પોંગ
હજુ તો તમે લુઈતથી ઘણા દૂર છો.

કેટલાક ભણેશરીઓએ ઇતિહાસને ફાડી નાખ્યો છે
અને ધીમે ધીમે વિલાઈ રહ્યા છે
કરબી અને કચારી ગામ.
તમે સૌરભ ચાલીહાને વાંચ્યા નથી
પણ તમારી પાસે ઝૂ રોડ પર એક પ્લૉટ છે તમારી માલિકીનો
એક નામઘર બનાવવા સમાધિ સ્થળ પર
આ સમય છે આપણે લુઈતનું હૈયું ખોદી અને ઉસરડી નાખીએ

૩)
જુના ગૌહાટીના ગણેશનાં પૂતળાં હજુ ત્યાં જ પડ્યાં છે
માછીમારી કરતાં ગામડાંનાં લોકોમાં સૌહાર્દ નથી રહ્યો.
હરિસભા હજુ છે
પણ ઘણા સમય થયે મેં ત્યાં પૂજા નથી કરી.
ચિક્કાર ગર્દી
તમારે દરવાજાઓથી બહાર નીકળી જ જવું પડે.
ગોએન્કા રેડીમેડ અને .એસી માર્કેટ
ટાઈપિન્ગ સ્કૂલ અને ટ્યુશન ક્લાસીસ



Vikramjit Kakati

અને તમને ઊંચી આશાઓ હોય તો
કમ્પ્યુટર ટ્રેનિંગ અને સ્થાનિક ઉદ્યમ કેન્દ્રો
જો તમારી વગદાર લોકોની સાથે ઓળખાણ હોય તો
મંત્રીનું પીઠબળ અથવા બેંકની મોટી લોન.

પાનબજારના ચાના ગલ્લે
વરસને ટકાવી રાખનારી ભ્રમણાઓ ભેગી થાય છે
પાછલી અડધી જિંદગીમાં તમારે જોઈએ છે
સિલાઈ મશીન તમારા કુટુંબ માટે.
તમને ફૂટપાથ પર મળી જાય છે
'ખોબા ખોબી'ની વાર્તાઓ
અથવા ઋક્મિણીહરણનું નાટક
અને જાણકારો માટે દત્તા બરુઆ પણ
રવીન્દ્રભવન છે ત્યાં

૪)

બાર કે જ્યાં આનંદ અને મોત
એક સાથે બન્ને બાજુથી આવે
બધા વિખવાદો ભૂલીને

જીવન શોધતો તું
રાત આખી લતાસીલમાં બીહુના કાર્યક્રમો જુએ
અને ઝાલુકબારી જા
થોડા ડગલાં ઢીલાં-ઢાલાં મૃત્યુ તરફ
એક નાનકડો રસ્તો

દીસપુરથી કોર્ટ સુધી
અથવા ફક્ત છત્રકાર સમાધિ પર
કોઈ કદાચ કશુંક અલગ કરવાના હેતુથી આવે
કશુંક સર્જનાત્મક કે ગમે તે કરે
પોતાની યાદદાસ્તના આધારે.

૫)

મારે તે પાછાં જોઈએ
મારા દુઃખ, મારો ગુસ્સો અને પ્રેમ
એક રાતે મારી બારીઓને ખોલી નાખીને
મારે બાણેશ્વર મંદિરના ખૂલ્લા મેદાનોમાં સૂતાં લોકોની
અસહાયતા અનુભવવી છે
આપણી ઘેલછા અને આપણો ખાલીપો.
ઘણાં વર્ષો પછી આજે મને મન થયું છે
સવારે વહેલાં ઊઠવાનું
(મારી માને કહીશ કે વહેલો ઊઠાડે મને)
સવારના પહોરમાં
એક પણ કાર પસાર થાય એ પહેલાં
હું આખા રસ્તાને રંગીશ
અને એક ગુલાબનો ગજરો મૂકીશ
તારા બારણે.

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)



Tanvir Parves Ahmed



Beda Dutta

સોગાત

લક્ષહીરા દાસ

આ કેળનાં પાંદડાંની ભૂંગળી ફાડી
નીકળતી સિસોટી તો કમાલની છે !

હવામાં સફેદ ધૂમ્ર-વલય
હું જીવું કે મરી જાઉં.
આ શાંત સુખનો પડછાયો
મારા પર પડશે કે પાછો હટી જશે.

તમને ખબર નહીં હોય
પણ ફૂલો પરથી આવતી દરેક લહેરખી
અને પંખીનો દરેક ટહુકાર
ખોલી આપે છે એક પ્રલંબ અને અખૂટ રસ્તાને.

મારામાં રહેલો માણસ
હજુ ડગ્યો નથી હઠીલો.
તે જ પોતાના બન્ને હાથ વડે ઊંચકી લેશે
તારી આ બધી જ સોગાતોને
પ્રેમની કે ધિક્કારની.

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)

જીવન

મહેશ્વર નેઓગ

રસ્તાના કાંઠે ઊભા માણસે
ફાટી પડેલ આંખો સાથે પૂછ્યું
-પણ તું તો ગયા શનિવારની ભયભીત સાંજે જ મરી ગયો હતો ને ?
બધાંય એમ જ કહે છે

સાચ્ચે ? કહેવા દો તેમને.
મૃત્યુની ઝાંયવાળી આંખો
ઝાકળનો ઠંડો સ્પર્શ છોડે નહીં
કે શોધી શકાય તાજાં ઊગેલાં પર્ણોના કોંટા
ગમે ત્યાં સંતાડી દીધું હોય તેની આંખોનું જીવંત મૃત્યુ.

હું મરી ગયો છું ? કદાચ એટલા માટે જ
તમે મને જોઈ રહ્યા છો જીવતો અને સચેત

ઠીંગરાવી દેતા શિયાળામાં, આ ધૂળિયા મારગે
કરમાઈને મરી જતા ઘાસનો
કોયલના ગીતના સ્પર્શવાળો એક મૃત્યુ-કોલ છે-
હું તો ફરી નાચીશ આવતી વસંતે.

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)



Bitu Chetia

વિકલ્પ

હેમોન બોરગોહાઈ

આ ધૂળિયો મારગ
આશાનો, પ્રેમનો અને અસંખ્ય સૂક્ષ્મ મૃત્યુનો.
આ સ્વપ્નિલ નગર સાંજનું
અને સૂર્યાસ્તના સોનેરી શરાબના વિષાદ-છાંટણાં
મને ખૂબ વ્હાલાં છે તારા ચહેરાની જેમ.

દીવાઓ બળતા દરેક ઘરમાં
પછી ભલે ઊમટતું હોય અજગરી અંધારું
અપેક્ષા, પ્રેમ અને દુઃખનું.
અંધારું, આ મૃત શહેરની સૂરજમુખીની સાંકડી ગલીના મોઢે ભેગું થતું
જેના આત્માની સૌરભ ઉપર ચડતી હો ધૂમ્રસેર થઈ.

બસ આટલો જ અમસ્તો ઇતિહાસ છે
આ ઊતરતાં મૂલ્યોના કાળમાં
ટૂંકી વારતા કંઈક અગ્યારેક શૈલીઓમાં ચાલતી
કે એક સૉનેટ અનિતા વર્માનું નિશ્ચિત પણે
‘એક ભૂતપૂર્વ પ્રેમી’
લખાયેલું, સળગ્યા કરે મારા આત્માની દિવેટ થઈને.

સ્ત્રીના દેહની ઉષ્મા
ફૂલો, તારાઓ, રાતનું આકાશ
અને તારો દીધેલો અમૂલ્ય વ્હાલો દેહ
જીવવા માટે ખૂબ જરૂરી...
બધું જાણે એ નુકસાનની ભરપાઈ રૂપે
જે નુકસાન પહોચ્યું છે આપણા ઈશ્વર સાથેના વિચ્છેદનથી.

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)



Tanvir Parves Ahmed

મને કશું દેખાતું જ નથી
સમીર તાંતી

મને કશું દેખાતું નથી- નદી, નાવ કે નગર
રાબેતા મુજબ હર એક દિવસ
મારી આંખ સામેથી પસાર થઈ વિલાઈ ગયો છે
મકાનો; અંદરથી અજવાસવાળાં કે પરગ્રહનાં રાચરચીલાં
મને કશું દેખાતું જ નથી, મૂળિયાં, સ્ટોન-સ્મોક,
કે રૂપાળી સ્ત્રીની પ્રબળ કામેચ્છા
લોઢું કેવી ખિન્નતા સાથે પીગળે છે
અને આગ ઉતારી પાડે છે લોઢાના ગર્વને. આ દેખાડો અને હસવું,
નાયલોનનાં મોજાંમાં સુરક્ષિત બધાય પગ ખોવાઈ ગયા છે
એ બિચારી સાથે કે જેને આવતીકાલ કહેવાય છે.
જો કે આ વસ્તુઓ પણ અર્થ વગરની છે.
આજ, આવતીકાલ કે પરમદિવસ
તે હતું કે તે છે કે તે હશે - તે ચાલ્યા કરશે. મને કશી ખેવના જ નથી
કવિતાની પ્રશંસા, એક ખુલ્લી ખોપડીની અંદરનો કવિ-અભરખો
મારી આંખોમાંથી ધીમે ધીમે વિલાઈ રહ્યા છે સુકાઈ રહેલા આંગળા
વધી રહેલી દૃષ્ટિની ઝાંખપ, ભારઝલા થઈ ઢળી પડેલા હોઠ.
આ બધાં મારા પર શાસન ચલાવવાનાં છે
પણ હું તેની મક્કમપણે અવહેલના કરું છું
હું મારામાં રહેતા ઝંખના નામના જંગલી પ્રાણીને વશમાં કરી, પાળું
તેને ચારો આપું, તેને પેઘાડું, પલંગ નામની સપાટ જણસ પર સુવાડું
મને કશું જ દેખાતું નથી, મૃત્યુની કલાકારી, રોગમીમાંસા કે આ વૃદ્ધોના નિસાસા.
વાસ્તવમાં દરરોજ હું એક આંધળી સ્ત્રીની પ્રસૂતિની પીડામાં પાછો ફરું છું
અને અહીં એકમાત્ર જગ્યાએ જ મને મળે છે એક પરિત્યક્ત વીરડો.
એક વિચિત્ર ગભરાટ તારાઓ અને ગ્રહોમાં ઊછરી રહ્યો છે
આ ગૂંચવાયેલા ગૂઢ અઘોરી કેશની જેમ, આ નિરંતર સળગતી આગની જેમ
હું પણ ક્રોધાવેશમાં બળીને રાખ થઈ જાઉં અને સૂરજ થઈ ઊગું પાછો
પવન નહીં, પાણીની હૂંફ નહીં, નહીં ચંદ્ર કે નહીં હિમાચ્છાદિત શિખર
બસ એક અજ્ઞાત ખબર ઈસુઅવતરણની
જેમ પેલાં પંખીઓ ઊડી ગયાં.

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)



Beda Dutta

તેનો દોષ કેમ કાઢું
સમીર તાંતી

આ ભૂખને હું ગુનેગાર કેવી રીતે ઠેરવી શકું
ભૂખ તો મારી બાળપણાની બક્ષિસ

તેના પડછાયામાં સૂઈને તો મેં વાંસળી વગાડી છે
વાંસળી વગાડી છે ‘શ્યામ-કાનુ’ થઈને

તેની હારોહાર મેં સપનાં જોયાં છે
અને એક દિવસ શ્રદ્ધાપૂર્વક દારુ પણ પીધો છે.

મારે તેની સાથે કોઈ ઝગડો જ નથી

આ ભૂખને હું ગુનેગાર તો કેવી રીતે ઠેરવી શકું
ભૂખ તો છે મારી માની પહેલી કસુવાવડ
ત્રીજું વિશ્વ છે મારી યાતનાનું

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)

શુકેશ્વરમાં ફૂલ ખરીદતાં
એમ. કમાલુદ્દીન અહમદ

એક
શુકેશ્વરમાં ફૂલ ખરીદતાં ખરીદતાં
તું સમાઈ જાય છે
આકાશના ભૂરા ગર્ભમાં

કુશળ તરવૈયાની જેમ
આકાશમાં તરતાં તરતાં
બે ડૂબકીઓ લગાવી અને
તું બહાર આવી જાય છે.

બે
ચંદ્ર કુમાર સાથે
બસમાં કચડાઈ-ભીંસાઈને
શહેરની બાજુવાળા વિસ્તારમાં ગયો'તો તે દિવસે
સરસવનાં ફૂલોવાળા ખેતરો નિહાળવાને.

પહેરણના ખિસ્સામાંથી શોધી ન શક્યો પાકિટ
ન સાંભળ્યો પીળો રાગ, પૈસાની ચિંતામાં
નિરાશ થઈને પાછો ફર્યો ચંદ્ર કુમાર સાથે.
તેના હાથમાં હતો જીર્ણ-શીર્ણ થઈ ગયેલ
'જોનાકી'નો* પહેલો અંક.

* - અસામિયા ભાષાનું ૧૯૮૯માં શરૂ થયેલું સામયિક જે ૧૯૦૩માં બંધ થયું



Hirak Jyoti Das


Himangshu Lahkar

ત્રણ
તેં ખરીદી હતી
રજનીગંધાની થોડી છડીઓ
તેના સ્નિગ્ધ દબાવથી
બ્રહ્મપુત્રાના વક્ષમાં ઊઠ્યું'તું પૂર
તે પૂરે
ખળભળાટ મચાવ્યો હતો
મારી છાતીમાં.

ચાર
એ દિવસે મુશળધાર વરસાદ વરસતો'તો
કોઈ સ્ત્રીનો શૃંગાર ધોવાઈ ગયો'તો
સિટી બસની બારીમાંથી મેં જોયું
તેના હાથમાંનાં રજનીગંધાનાં ફૂલ
પાણીનાં ટીપાં પડવાથી વધારે ચમકી ઊઠ્યાં'તાં
વીજળીને ખભે મૂકવાથી
ઉજમાળાં થઈ ગયાં'તાં રજનીગંધાનાં ફૂલ

પાંચ
શુકેશ્વરના આકાશમાં
તું ફેલાઈ ગઈ છે.
નીચે ઢગલો એક ફૂલ.
જ્યારે કે
થોડી વાર પહેલાં જ
છ નંબરની સિટીબસમાંથી
શુકેશ્વર ઘાટ પર તું ઊતરી હતી.

*શુકેશ્વર –ગોહાટી પાસે બ્રહ્મપુત્રા કાંઠે આવેલું એક સ્થાન

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)

હવા

એમ. કમાલુદ્દીન અહમદ

જમરૂખના પાંદડાં પર
ધ્રુજારી લાવવાવાળી હવા.
એક કંપારી

ભાદરવાની ઉજમાળી બપોર
સુકાઈ રહેલા ચહેરા પર
સુખ ચોપડતી
બોરડીનાં પાન હલાવવાવાળી હવા
આજે નથી.

બાળપણનું વિશાળ શેરડીનું ખેતર
તેનાં લાંબાં પાન પર લહેરાઈને
મારા હૈયાને ઘસીને ચાલી જાય છે
હવા.

આળસની પૂતળીને
ભાંગીને ભુક્કો કરીને
ઘાંસિયાં વનોની વચ્ચે આવી
જે હવાએ મને થથરાવી દીધો છે
તે હવા માટે તો
મેં સાચવીને રાખી'તી
હજારો પળ
શામળા રંગની.

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)



Reitesh Khabia



Pulak Nath

ઢંઢેરા

કરબી ડેકા હજારિકા

વાત જે ફક્ત તું મારા કાનમાં જ કહી શકે
આ કોયલડી તે બધી વાતને મોટેથી કહી આવે આખી દુનિયાને
પોતાની પાંખોમાં ભરીને
બધે છતાં કરતી ફરે હૃદયનાં રહસ્યો.
હોઠનો બટવો ચંદ્ર પાસે ખોલે
અને ચંદ્ર તો શરમનો માર્યો થઈ જાય રાતોચોળ.
અને હળવે હાથે તે ભૂરી ઘેરાશનો પડદો પાડી દે.

કોઈ વાતોડી છોકરીની જેમ
સતત બકબક કરતી
કોયલ ડુંગરેથી ઊડીને છેક સીમાડે જાય
અને ચામાચીડિયાં ચિં ચિં કરતાં જાગી જાય.
એક ઝરણું
પોતાના એકાલાપનું મૂળ શોધતું
શાંત પર્વત પરથી ખળખળ ખળખળ વહેતું રહે નીચે.

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)

ચૂલો
રબીન્દ્ર સરકાર

ચૂલો રાહ જુએ છે દીવાસળીની

તેના પર પડે છે પડછાયા
હવાઈ ગયેલા ગન પાઉડર જેવા લોકોના
લોકો સુકાઈ ગયેલાં કેળનાં પાંદડાં જેવા લાગતા
જાણે કે ઉપવાસી બુધ્ધના હાડપિંજર
ઉદ્યમપૂર્વક રાહ જોતા જ્ઞાનના અંતિમ વિસ્ફોટની.

મોઢે મેશ ભૂંસેલો આ ખાલી ચૂલો ઠરી ગયો છે
ચોખા નહીં કે નહીં વાસણ રાંધવાનાં
ઝાડ-પાનના જમણ સાથે આદિવાસી છોકરડાં
બેઠાં છે ચૂલાની ફરતે
દૂધ જેવા સફેદ ચોખાની પરીકથાઓ સાંભળવાને.

પ્રભુ જગન્નાથના મંદિરે રોજ ઊઠીને ચોખા રંધાય
ચોખાના ડુંગરા ને દાળના દરિયાઓ...
સી-બીચ પરની હોટલોમાં પાકતા મટનની સોડમ
અને હવા સૂરાવલીઓ છેડે આ ખાલી ચૂલા પર

કાંઠે તણાઈ આવેલા એક મરેલા કાચબા માટે
કેટલાક ઉદ્દંડ કૂતરાં અને ગીધડાં ઝગડે
શેરીનાં બે છોકરાં
ચોખાની સફેદીને ચાટે
અને દરિયાકાંઠાના સૌંદર્યને બગાડે.

લોકો કહે છે કે એક મોટો ધરતીકંપ થવાનો છે
ત્યારે બધું જ ઊંધુંચત્તું થઈ જવાનું છે
ચૂલો રાહ જૂએ છે
એક ઠંડી ચૂપકીદી સાથે અને
ક્રોધે ભરાયેલા ઝેરીલા સર્પના રાફડાઓની વચ્ચે.

અનુ. યોગેશ વૈદ્ય
(રીતુરાજ કલીતાના અંગ્રેજી અનુવાદ પરથી)



Aditya Kumar Bordoloi

એક કાવ્ય
લુત્ફા હનુમ સલિમા બેગમ

ખરેલાં પાંદડાં શોધે છે
એક લીલો રસ્તો
વૃક્ષોની ડાળીઓમાં પાછાં ફરવાનો

પંખી ઝંખે છે
ઈંડાની પીળી ઝરદી બની જવા.
નદી પાછી માગે છે
તેની મરેલી માછલી

પડછાયો
ઝાડ બનવા માગે,
માણસનું હૈયું બનવા માગે.
ધુમાડો ઝંખે છે એક લાલ કેડો
અગ્નિના હૃદયમાં પાછા જવાને

પાણી પથ્થર થવાને,
અને પથ્થર ઇચ્છે માણસોનાં હૈયાંમાં ઓગળી જવાને.

અને
તારામાં ઓગળી ગયેલી હું
શોધું છું મારગ
લીલાશમાં થઈને
પાણીમાંથી, પથ્થરમાંથી,
શબ્દો અને સૂરમાંથી.
મારામાં પરત જવાનો.

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)

કાવ્યો
રફિકુલ હુસેન

૧)
કસબાઓમાં અને શહેરોમાં
કબરો ખાલી છે

ફુગાઈ ગયેલાં હાડપિંજરો પણ રોટલી માટે વિલાપ કરે છે
પરિસ્થિતિ પરિણામદાયી નથી

ટોપાધારી સૈન્યનો સંદેશો
ફક્ત પવન જ સાંભળે છે ધ્યાનથી

લોકશાહીના ભાટ-ભજનિયાં
પહોંચે છે એકલાં વૃક્ષો સુધી જ

અરે! ચકલીનાં ‘ચીંચી’ માત્રથી
ઈંડાનું કોચલું તૂટી શકે.

૨)
કસબાઓમાં અને શહેરોમાં
કબરો ખાલી છે
પ્રતિબંધિત હથિયારધારીઓ વિરુદ્ધનું
મૃત્યુ-દમન
બેજીવી બાઈઓનાં કપડાં ઉતરાવી
ખાંખાંખોળા કરે
તો ચાલો, આખા દેશને ફક્ત ગીધડાં અને કૂતરાંનાં જ
વાઘા પહેરાવીએ
અહીં માણસજાતનો કોઈ અવાજ જ ન રણકવો જોઈએ.

૩)
જો કસબાઓમાં અને શહેરોમાં
કબરો ખાલી હોય

જો ફુગાઈ ગયેલાં હાડપિંજરો પણ રોટલી માટે વિલાપ કરતા હોય
પરિસ્થિતિ સ્હેજેય પરિણામદાયી ન જ હોય

તો પછી, ફરીથી શાંતિ સ્થાપવા અને ફરીથી કલ્યાણકારી કામો કરવાં
હાલ પૂરતું તો
બીજી વખત મૂંગા થઈ જવું તે આજની જરૂરિયાત છે
હાલ પૂરતી

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)



Binoy B Gogoi

તારો ઊતરતો શિયાળો
કબિન ફૂકન

તારો ઊતરતો શિયાળો સૌમ્ય, સુગંધી
હૂંફાળા શ્વાસ અને ઉત્તેજના
આંગળા અને હોઠની બક્ષિસ
ભીનું શરીર
અને તેનીય પેલે પાર વિખેરી રહ્યાં છે
મનના ધુમ્મસને અને શરીરની ટાઢને દૂર દૂર સુધી...

આ મધુર અવાજ
આ ચહેરાની પાકી ગયેલી કાંતિ
આ શરીરનો સૂક્ષ્મ સંસ્પર્શ
ખડખડાટ હાસ્ય
સુઘડ છાતી પરની આ ઊની આંચ
અને બરફનું પીગળવું.
આ શિયાળાના શોકે
તને જકડીને રાખી છે ગીતોમાં ને ઘુઘવાટમાં...

તારો ઊતરતો શિયાળો
જરા વધુ નજીક લાવે છે મારી વસંતને.

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)

હું

રવીન્દ્ર બરા

રાતે શહેરના
કારખાનાની નિસ્તબ્ધતામાં સંભળાય
મારું અસ્તિત્વ

દીવાલો પર લાગેલા પોસ્ટરોને ભીંજવતી
રડતી શાહી
મારી દૃષ્ટિ
સમાંતરે વહી જતી.

કારખાનામાં
અને દીવાલો પરનું
આ સુસ્ત અમરત્વ
મારું છે
મારું જ છે
જે પંગુને રાખ્યું છે મેં જીવતું મારા જ પ્રયત્નો વડે.

અનુ. યોગેશ વૈદ્ય
(કૈલાશ ચૌધરીના અંગ્રેજી અનુવાદ પરથી)



Vikramjit Kakati



Rupam Chakraborty

માટીની ભીની સુગંધ

રવીન્દ્ર બરા

હવે લોકોના મોઢે
પ્રચંડ તોફાનની
ઉલ્કાપાતની વાતો

કોઈ કોઈને ઓળખતું નથી
સુકાયેલા વૃક્ષ નીચે
સહુ રોકાઈ પડ્યા છે
અપરાધના અંતિમ દિવસની પ્રતીક્ષામાં
હું પણ નીકળીને આવી ગયો છું
તમારી સાથે.

અનુ. યોગેશ વૈદ્ય
(રત્નેશ કુમારના હિંદી અનુવાદ પરથી)


મારું ગીત

ચેની રામ ગોગોઈ

દુનિયાની ગૂઢમાં ગૂઢ લિપિ ઉકેલી શકનારો
હું કવિ છું,
સાદો અને નર્યો-નકરો કવિ ;
એના પરિણામે કબરની બેચેનીએ
અનધિકૃત ઘર કર્યું છે મારામાં

ગીત જે નવજાતને મોતની પીઠી ચોળે
એ છે મારો જાણીતો પ્રદેશ
હું બદનામ રાતોનેય ઊજવું
મને ખબર છે
જિંદગી ઉપજાઉ માટી છે. કલાનું વણછેડ્યું ગાન છે
અને એ બનાવે છે કવિતાને માંસલ.
મારી કૂખમાં રાતે જાગતાં રહે છે શબ્દનાં બિયાં,
ઉજાશનું ગાણું
એમના માટે જેમણે મને ચાહ્યો
મને ખવડાવ્યું, મને કપડાં પહેરાવ્યાં
અને મારાં આંસુ લૂછ્યાં હળવા હાથે
આ કવાયત, આ મારા સભાન વિગ્રહો ટકાવી રાખે છે જીવન પ્રવાહને
તેના સૂક્ષ્મ વાચનને.

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)



Vikramjit Kakati

કાગળ જે આવવાનો હતો

ઉદય કુમાર શર્મા

જે કાગળ આવવાનો હતો, તે આવ્યો નહીં
છાપરામાં ખોસી રાખેલી વાંસળીને પાણીના તળિયે વાગતી સાંભળીને
ફરીથી પૂર આવવાની વાત હતી, ફરી પૂર આવ્યું નહીં
અંધ ગાયકોના દરદીલાં ગાણાં સાંભળી સડકોનાં, ગલીઓનાં
રૂંવાડાં ઊભાં થઈ જવાની વાત હતી, રૂંવાડાં ઊભાં થયાં નહીં.
દુનિયાભરનાં કેટલાંયે ઝરણાંઓનું કલકલ કલકલ વહેવું
લોહીમાં સંભળાવાની વાત હતી, તે સંભળાયું નહીં.
જે કાગળ આવવાનો હતો, તે આવ્યો નહીં

બંધ પર પડ્યા રહેતા એક રુદનના આંધળા કૂવામાં
વિદ્રોહ કરવાની વાત હતી, કર્યો નહીં
આંદાવાડીમાં ચણા વેચતા એક છોકરાની કક્કો વાંચવાની
વાત હતી, વાંચી શક્યો નહીં
બિહૂના તહેવારમાં વાસણ માંજતી છોકરીના
તેની મા પાસે જવાની વાત હતી, તે ગઈ નહીં. તેની મા પાસે
જે કાગળ આવવાનો હતો, તે આવ્યો નહીં

નદી ને તળાવ, જાળ ને ટોપલીઓ ભેગાં મળી જશે
તેવું વિચાર્યું હતું, ભેગાં મળ્યાં નહીં.
ઝાડ-પાન પર સપનાં હસી ઊઠશે, વિચાર્યું હતું,
સપનાં હસ્યાં નહીં.
ગોળ અને કેળાંની સાથે દૂધ દોસ્તી કરી લેશે, વિચાર્યું હતું,
દોસ્તી થઈ નહીં.
જે કાગળ આવવાનો હતો, તે આવ્યો નહીં

કેટલા જલતરંગો હિલોળાઈને પર્વતને તરંગાવું શીખવવાના હતા
શીખવ્યું નહીં.
દમયંતીએ નળને લખ્યું નહીં, કૃષ્ણની સાથે પણ રાધા રોકાઈ નહીં
જે કાગળ આવવાનો હતો, તે આજે પણ આવ્યો નહીં.

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)

ગોકળગાય

અનુપમા બાસુમતારી

એ દિવસે મેં ખેતરમાં ઊગેલા અનાજના ડૂંડાંઓ પરથી
ગોકળગાય વીણી વીણીને
વાંસની ટોપલીમાં ટોચ સુધી ભરી.
તેમને હું બાફું એ પહેલાં
તેમનાં કોચલાં ઉખેડવાની અને તેમની લબલબતી જીભ જોવાની
મને મજા પડી હતી.
મેં તેમનું જીવનસત્ત્વ ચૂસી લીધું ને ફેંકી દીધાં
તે કોચલાં કર્કશ અવાજ કરતા ફરસ પર વેરાયાં
એક ચોક્કસ વિચિત્ર લયમાં તેમનો વિલાપ
તેમના મૃત્યુની વેદનામાં વીંટળાયેલો.

હવે હું દરિયાકાંઠે ભાખોડિયા ભરું છું
હાથ-પગના બળે જમીન અને પાણીમાં ઢસડાઈ ઢસડાઈ શોધતી ફરું છું
પેલી અજાણી સ્વરલિપિના મૂળને
દરિયાના ધાડપાડુ મોજાંઓએ મને ખેંચી કાઢી
અને અહીં પાણીથી દૂર ફંગોળી દીધી છે.

અચાનક એક અદીઠ હાથ મને ઉપાડે છે
મારા જીવનસત્ત્વને ચૂસીને મને ખાલી કરી મૂકે છે.
હૃદય તૂટવાની પીડાથી
મારા શરીરનું કોચલું ભાંગી જાય છે
અને એક અજાણી ઓલાદનું કોઈ વિચિત્ર પરિમાણ ઘડાઈ જાય છે.

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)



Monjurul Hoque

ક્રોસ કનેક્શન

અતનુ ભટ્ટાચાર્ય

થોડી વાર પહેલાં મારા ફોનની ઘંટડી વાગેલી
પણ હું જેના ફોનની રાહ જોતો હતો તેનો ફોન ન્હોતો તે
કોઈ બીજાનો હતો

થોડી વાર પહેલાં એક ફોન આવ્યો હતો
પણ જેના માટે એ ફોન આવ્યો હતો તે હું ન્હોતો
કોઈ બીજું હતું.

તોય
તેને કંઈક કહેવું હતું
એક દુઃખની કવિતા સંભળાવવી હતી તેણે કોઈકને
ભલે ફોનના સામે છેડે હું મડદાની જેમ નિશ્ચેષ્ટ બની ગયો હતો
ભલે ફોનના સામે છેડે કોઈ ગૂંગાની જેમ અવાક બેઠો હતો હું
ભલે મારા માટે અનપેક્ષિત હતો તે અને તેના માટે હું

પણ આશ્ચર્યની વાત હતી,
તે જ પરિચિત નિસાસો, તે જ ઘટનાક્રમ

મને થયું, ચાલ થોડા નિશ્વાસોની આપ-લે કરી લઉં
થોડોક થાક, એક લાંબો નિશ્વાસ હું પણ મોકલાવું

ત્યાં જ અચાનક તમે આવી ભળી ગયા અમારી વાતચીતમાં વચ્ચે
મને એવું લાગ્યું
જાણે થોડા સમય પહેલાં જે સાંભળી હતી તે તમારી જ વાતો હતી
મને એવું લાગ્યું
જાણે તમારા જ ઘાવને મેં જોયા હતા કાઈ બીજાની પીઠ પર.

જ્યારે મને ખાતરી થઈ કે
તમારા પર થોડો ભરોસો કરી શકાશે
જ્યારે મને ખાતરી થઈ કે
તમારી સાથે થોડી ભાગીદારી થઈ શકશે
બરાબર ત્યારે જ મારા ધ્યાને પડ્યું કે
સામે છેડે તમે લાઈન પર રહ્યા ન્હોતા.

તમારી જગ્યાએ કોઈ બીજું હતું
કોઈ બીજું થાકેલ, તૃતીય પુરૂષ
અને ફોનના આ છેડે હું ઘાંટા પાડતો રહ્યો
હેલ્લો..
હેલ્લો..
હેલ્લો..

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)

પર્વતનાં આંસુ
કૌસ્તુભમોની સાઈકિયા

વૃક્ષો અને ઝાડીઝાંખરાંની હજારો ફાટી આંખે
પર્વત જોઈ રહ્યો છે.
તેના પથરીલા પગ હલાવતો
તે માથું ઊંચકે છે અને
મારી શાંત ઊંઘને બાથમાં ભરી લે છે.

આ પર્વત જાણે છે મારા જન્મની કહાણી
આ પર્વત જાણે છે મારી પ્રેમિકાનું નામ
મારા બાપદાદા આ પર્વત માથે પોઢ્યા છે
પણ હવે આ પર્વત પડ્યો છે માંદો

તેને બીમારી લાગી છે ખવાણની.

જ્યારથી સભ્યતા આવી વસી છે તેના વક્ષમાં
પોતાના ખવાણને પળે પળે વેઠી રહ્યો છે તે.

મેં તેના નિરાશ હૈયા પર હાથ રાખ્યો
તો માટી જેવા લાલ આંસુઓ નીચે વહેવા લાગ્યા.

અનુ. યોગેશ વૈદ્ય
(આનંદા બોર્મુદોઈના અંગ્રેજી અનુવાદ પરથી)



Nikunja Das



Sheikh Abdul Nadim

યાદગીરી
અબોની ચક્રવર્તી

(કવિ અને પોલીસ ઓફિસર નિત્ય દત્તાની યાદમાં, જેની અંતિમવાદીઓએ હત્યા કરી)

ના, ત્યારે નહીં જ્યારે શ્વાસની પરેડ ચાલુ હતી,
પણ હવે કૂચ કરી જાઓ અને તેના પગ પાસે ફૂલોના ગુચ્છા મૂકો
કે તે મૃત્યુ પામ્યો છે

તે ત્યારે ગણવેશમાં ન્હોતો,
કે ન્હોતો પરેડમાં
એ ગણવેશ, એ રોજિંદો ઘટનાક્રમ
હજુય
આપણે તો કોઈને તેના પહેરેલા ગણવેશથી જ ઓળખીશું.

કવિતા ધિક્કારે છે તે અસંગત પોષાકને
છતાંય આપણે તે નગ્ન સચ્ચાઈને તેલ ચડાવવાના
અને વિસ્ફોટો સામે આત્મસમર્પણ કરવાના
નિર્ણાયક લડાઈમાં સિઝરનું પડખું ચીરી નાંખ્યું હતું બ્રૂટસે
જિસસની બે ગફલતભરી ચોરીઓ માટે
જે ક્યારેય ફરી થવાની ન્હોતી
હું મારા હાથ ખીલાઓ પર ફેલાવીશ નહીં
આ એક વખત મરી જવા માટે
પાછો ફરી મરવા માટે
ફરી પાછો

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)

સાયકલ

દેવપ્રસાદ તાલુકદાર

ભયભીત રાતના અંતે
થાકેલી હવા
ઊતરી આવે છે સવારના અજવાળામાં
હું લીલા ઘાસ પર હાથ મૂકું તો
લીલી થઈ જાય છે મારી પાંપણો

હું સાયકલની ઘંટડી ઉતારીને
મોંસૂઝણાની વાંસળીનો એકાદ સૂર લટકાવી દઈ
ભીડની વચોવચ
પેડલ પર પગ મૂકું છું

સાયકલની ઊતરી ગયેલી ચેઈન
ફરી ફરી ચડાવું છું
પરસેવે રેબઝેબ થઈ જાઉં છું છતાં
પંખીના કલરવ પર આસક્ત છાંયામાં
મારા કલેજાને ટાઢક વળે છે
ઠંડીમાં કાંપતા કાંપતા
બન્ને હાથ ઘસીને હૂંફ શોધું છું

કઠણ અને અણિયાળા પથ્થરો મારી સાયકલના ટાયરને ઘસી નાખે છે
ઊખડખાબડ પથરા પર ચાલતી જીર્ણ સાયકલના ખડખડાટથી
દુઃખી થઈ જાય છે સમય

સાયકલ ખભે ઉપાડીને
ફક્ત જોયા કરું છું તૂટેલો પૂલ વિચ્છિન્ન
આ પાર પેલે પાર.
વ્યસ્ત ચોક વચ્ચે સાયકલ પર ઝૂકીને
આકાશમાં ઘેરાયેલાં વાદળાં તરફ
સર ઉઠાવીને જોઉં છું
મૂશળધાર વરસાદની રાહ જોતાં
સપનાં તરી રહ્યાં છે વક્ષની બારીઓ ખોલીને.

સૂરજ આથમવા ટાણે
હું પાછો ફરું છું
મારી સાયકલ પર ખડકીને.
થોડી આશા, થોડી નિરાશા.

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)

ઉંદર

બિપુલ કુમાર દત્તા

એક છૂપો ઘરફોડુ થઈને
તેણે શું શું નથી કોતરી ખાધું ?
ઘરમાં દર બનાવ્યાં.
એક પાવરધા શિકારીની જેમ
તેની પાસે બધી જ આવડતો છે કાવતરાં કરવાની.
તેના શિકારી દાંતોથી તેણે કોતરી ખાધી
ડાંગર મારી કોઠીમાંથી
કોતરી ખાધા મારા કાગળો અને ચોપડીઓ

રાતે અંધારામાં
તે મારા ઓશીકામાં સરકી આવે છે
મારા મગજને બગાડે
મારા મગજના મજ્જાતંતુને કોતરી ખાય.
શું શું હોઈયાં કરી નથી જતો તે !
હવે તેણે બાસમતી ચોખાની કોઠી ખોલી છે.

રાતના અંધરાનો ફાયદો ઉઠાવીને
તે વસ્તુઓને એક સ્થાનેથી બીજે સ્થાને પહોંચાડી આવે છે
મંદિરની ભગવત ગીતા મસ્જિદમાં
અને મસ્જિદનું કુરાન મંદિરમાં.
ઈશ્વર-અલ્લાહના ભક્તોના મગજ પર
તે યુદ્ધની બધી જ યુક્તિઓ કામે લગાડે છે.

હું તેને ઓળખી ગયો છું
અત્યાર સુધી શું હું દહેશતમાં હતો ?
હવામાં તેનું લોહી ઉડાડવું પડે તો પણ ભલે
હું તેને મારી નાખીશ.

તમે પણ તેને સારી પેઠે ઓળખો છો
તમે તેને અમેરિકન કે જાપાનીસ ઉંદર કહેશો
ક્રાંતિની ભાષામાં તેને
સામ્રાજ્યવાદ કહે છે.

અનુ. યોગેશ વૈદ્ય
(ક્રિષ્ના દુલાલ બરુઆના અંગ્રેજી અનુવાદ પરથી)



નિલીમ કુમાર

અનુભવ તુલસી





,

સનંત તંતી

પ્રિપેઇડ, પોસ્ટ પેઇડ અને આઉટ ઑફ સર્વિસ
પૂર્ણા ભટ્ટાચાર્ય

૧)
એ સ્ત્રી જેને હું મા કહેતો
તેને સિમકાર્ડમાં નાખી હતી મારા બાપે
જમીનદારને ત્યાં વૈતરું કરનારી
હું તેના ગર્ભમાં રહ્યો તે પહેલાંથી.

મળસ્કે જમીનદારનો રિંગટોન મોટેથી રણકે
મારી માના ચાર્જ થયેલા નોકિયા વક્ષમાં
મારી મા છાતીએ મેથોની* બાંધતીક ઊભી થાય ઝડપભેર
રિંગટોને મારી માની ગરીબ ઝૂંપડીની ઝાંપલી ખોલી આપી છે

૨)
મારી માને તેની સ્ત્રી હોવાની પીડામાંથી મુક્તિ મળી
જ્યારે હું એક વિક્ષુબ્ધ મેસેજ થઈને જન્મ્યો
અને સોફ્ટવેર વચ્ચે સ્ટોર થઈ ગયો
એકવીસમી બપોરે (મારા જીવનની)
એક નવો મેસેજ આવ્યો જમીનદારના ઘરેથી
મારી માની સાંઈઠ ટકા બેલેંસ ઊડી ગઈ
અને તે ફરીથી જોડાણ મેળવી શકે તે પહેલાં
મારી માએ પોસ્ટ પેઈડ કાર્ડ થઈ જવું પડ્યું

૩)
જમીનદારનાં ઘરબાર વચ્ચે
હવેલીના દ્વાર પર્યંત
મારી માનું નેટવર્ક હંમેશાં બીઝિ રહે
અમે મારી માના હૈયાથી સંપર્ક જ ખોઈ નાખ્યો
મારા બાપે કદી નિશાળના ઉંબરે પગ ન્હોતો મૂક્યો
તેણે ‘સર્વશિક્ષા’ની તાલીમ કે શિક્ષણ ન્હોતું લીધું
કે તે મોબાઈલની સ્વિચને દબાવી શકે
તેમની મોબાઇલ ડિરેક્ટરીમાં કશું લખેલ નહોતું
બીએસએનએલ, રિલાયન્સ કે એરટેલના સર્વિસ સેંટર વિષે.

મારા બાપને ખબર ના પડી
કેમકરીને આ બધું છપરામાંથી ટપકીને આવ્યું
અને મારી માને નિસ્તેજ અને માંદી બનાવી દીધી
અને તેની મુઠ્ઠીને લકવો લાગી ગયો
જે મુઠ્ઠીમાં તે દાતરડું પકડતી

બાપે કેળના પાંદડાને ભાંડ્યું
જેના પર તે પહાડા લખતો
મને ‘રોંગ નંબર’ અને ‘મિસ્ડ કોલ’ કાં ના આવડ્યા
મારી જાતને એસ ટી ડી કાં ના બનાવી શક્યો ?

મારા બાપને મારી જરૂર ના પડે તો સારું
મારા બાપથી મારો સંપર્ક તૂટી ગયો છે

મારી માનો સેલ ફોન પણ
આઉટ ઓફ સર્વિસ છે હવે.

* - મેથોની- છાતીથી નીચે બંધાતું વસ્ત્ર

અનુ. યોગેશ વૈદ્ય
(એસ એન ચક્રવર્તીના અંગ્રેજી અનુવાદ પરથી)



Panku Saikia

નેઇલકટર

અનુપમ કુમાર



Binoy B Gogoi

પત્ની બોલી :
કાલથી વિદિશા સ્કૂલે જવાની છે
તેના નખ વધી ગયા છે
કાપવા પડશે
ઑફિસેથી પાછા આવો ત્યારે
એક નેઇલકટર લેતા આવજો.

હા, દીકરીના નખ
ખરેખર વધી ગયા છે...
ઑફિસેથી નીકળીને
સીધો એક દુકાનમાં ઘૂસ્યો
અને
એક નેઇલકટર ખરીદી, ખિસ્સામાં નાખી
ઘર તરફ જતી બસમાં ચડી ગયો.

બસના મુસાફરોના પણ નખ વધી ગયા છે
શું તેમણે નેઇલકટર ખરીદ્યા છે ?

બસનો ડ્રાઇવર
બસ ચલાવે છે નખ વડે
અને
કંડક્ટર નખ વડે જ
પરચૂરણ ગણે છે.

એક મુસાફરે
બારીની બહાર તેના નખને ફેલાવી દીધા
અને પલકારામાં જ
આકાશમાં ઊડતા બગલાના ઝુંડમાંથી
થોડા બગલાને ઝપટી લઈ
થેલીમાં ભરી લીધા.
બગલા થોડો અવાજ કરી કરીને
થઈ ગયા ઠંડા તેની થેલીમાં.
મુસાફરે ખિસ્સામાંથી રૂમાલ કાઢીને
હાથ પરનું લોહી લૂછ્યું અને
ચમકતી ધારવાળા નખને
ખિસ્સામાં મૂકી દીધા.
પણ
તેની જાણ બહાર જ
તેની થેલીમાંથી વહી રહ્યું છે લોહી
અને મારા પગરખાં વચ્ચે થઈને
રેલાઈ રહ્યું છે
લોહીથી ભીંજાઈ રહી છે
આખી બસ
હું ભીંજાઈ રહ્યો હતો પરસેવાથી
પરસેવાથી ભીંજાઈ ગયું
મારી ત્વચા નીચેનું લોહી.

મારા ખિસ્સામાં રાખેલા નેઇલકટરને
મેં સખત રીતે જકડી લીધું.

ઊતરો,
ત્રણ નંબરનો ગેઇટ આવી ગયો.

પેલા મુસાફરોના તીક્ષ્ણ નખથી
જાતને બચાવતો
કંઈ જ બોલ્યા વગર
ગુંગાની જેમ
ઊતરી ગયો બસમાંથી.
ખરેખર લોકોના નખ વધી ગયા છે.

હું નેઇલકટરને સખત રીતે મુઠ્ઠીમાં જકડીને
સડસડાટ આગળ વધી જાઉં છું.

ઘરના આંગણાંની બહાર જ
રમી રહી હતી વિદિશા
આ કઈ રમત રમી રહી હતી તે?
હું પૂતળું બની ગયો
સ્વર્ગમાંથી ટપકેલા મનુષ્યની જેમ.

તેના નખ ધીરે ધીરે
લાંબા થઈ રહ્યા છે.
લાંબા થઈ રહ્યા છે.

વધતા વધતા એક સમયે
તેના એક હાથના નખ
બદલાઈ ગયા
બુલડોઝરના પોલાદી સૂપડામાં
અને
એ સૂપડાથી
તે હિરોશિમા અને નાગસાકીના
પેટાળમાંથી ખોપડીઓ ખોદીને લાવી
રમવા માટે

બીજા હાથના સૂપડાથી
પોખરણની રાખ ભેગી કરીને
ખોપડીઓના માથા પર ઉડાડી રહી છે તે.
અને
બહેનપણીઓને બોલાવી રહી છે
..આવો..આવો...
આપણે સભ્યતા સભ્યતા રમીએ..

હું અવાક.
ધીમે ધીમે આગળ વધ્યો
અને તેને બાથમાં જકડી લીધી
અને
તરત જ ખિસામાંથી
નેઇલકટર કાઢી
કાપી નાખ્યા તેના બધાય નખ ત્યાં ને ત્યાં જ.

હવે
તે ક્યારેય સભ્યતા-સભ્યતા નહીં રમી શકે.
કેમકે
કાલથી તે સ્કૂલે જશે
અને
તેની ભણવાની પાટલીના ખાનામાં જ રહેશે
એક નેઇલકટર
જે હશે તેના ભણતરનો
પહેલો પાઠ.

અનુ. યોગેશ વૈદ્ય
(કવિના હિંદી અનુવાદ પરથી)

પલાસવાડી- ૧૯૫૪
અનુપમ કુમાર

"પાણી મરે તરસ્યું, અગન મરે ઠંડીથી.
ખુદા છુપાઈને રહે મૌલવીની પાછળ"
(આસામિયા પ્રાર્થનાગીત ' જિકર'ની પંક્તિઓ)

મરુભૂમિને
નદીની હૃદયવંદના

પૂરની કારીગરી

દુ:ખની ફસલ
લીલું હાસ્ય
અને ઇતિહાસનું એક પાનું

મારી સ્મૃતિમાં
સિંધુના પૂરની કારીગરી
મૃતકોનો મંડપ મોહન-જો-દરો

સ્મૃતિની તળેટીમાંથી
પાણીનું પૂર રણભેરી વગાડતું
યુદ્ધમેદાનમાં આવી ગયું હતું.
બાજુમાં જ પૂરનો રાક્ષસી હુમલો

હુમલામાં જમીનદોસ્ત થઈ ગયાં હતાં...
આશાઓનાં પીળાં સરસવ નિહત્થાં
લીલાં સપનાં, હાઇસ્કૂલનું સાઇનબોર્ડ
રાષ્ટ્રીય ધોરીમાર્ગ, ચરિયાણ,
લાલુમહારાજનું ત્રણ માળનું મકાન,
મારા દાદાજીની અક્ષરપોથી, પર્વતો
અને માગશર મહિનાનું ઉજમાળું ખેતર
હવે હું ઘવાયેલું પંખી છું
નદીની હૃદયવંદનામાં

રખડી રખડીને શોધી રહ્યો છું
લીલી લખાવટના ઇતિહાસમાં
ખોવાયેલું ઠેકાણું મોહન-જો-દરોનું

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)

તૂંબડાનું ફૂલ

જીબન નરાહ

વરસાદમાં પાવો વાગતો રહ્યો ભીનું ભીનું.

એક એક કરીને સપનાં ખરતાં રહ્યાં
પાંદડાં માફક

હું એક નાનકડી હોડી.
મને કાંઠાઓ પર ખેંચીને લઈ જાય
પાવાના સૂર
નદીની જેમ હું નહીં જ વીતાવું રાત એકાકી
હું જંગલના દવનું એકલું પહેલું ફૂલ

ધુમાડાની ડમરી ભેગો
એક આગિયો ભીંજાયેલો આવ્યો ક્યાંકથી
અને કહેવા લાગ્યો :

" તને પાવાની ભીની ભીની ધૂન સંભળાય છે ?
હું તો તેના અદીઠ બજવૈયાને શોધવા નીકળ્યો'તો
પણ આ વાવડો મને અહીંયાં તાણી લાવ્યો છે
તું કોઈને કહેતો નહીં કે હું અહીં આવ્યો છું
વાવડો પણ આ વાતને છુપાવી રાખશે
ક્યાંક જો આભને ખબર પડી જશે
તો એ તારોડિયાને કહી દેશે.

તારી સાથે આજની રાત વિતાવીશ હું
મારા શરીરે તૂંબડાના ફૂલનો રંગ લગાડ્યો છે.
દીવો ઠારી નાંખ
આપણને ફૂલો ઊગી આવશે રાતમાં."

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)



Kuntala Roychoudhury

મૃત્યુ

જીબન નરાહ

એક

ઘંટ રણકતો કંપ્યો
નિમગ્ન શાંતિને ચીરતો
ગામ લગીરેક જાગ્યું ઉપરછલ્લું
અને પાછું મૂર્છિત થઈ ગયું

ઘર-ઘોલકાંઓનાં પાદચિહ્ન
ધૂળિયા મારગ પર મૂર્છિત થઈ ગયાં, શાંતિમાં ગરક.
મૃત્યુઘંટના છાંટા ઊડ્યા
મોઢાંઓની ઉપર અને ભીતરે.

વિષાદથી વળી ગયેલાં કેળનાં પાન ઓઢીને
લોકો બહાર નીકળ્યા

સંવેદનબુઠ્ઠા અને પીડિત ડાબા હાથને
બાંયની સાથે ચામડી ઊખડતી લાગી.

એક જીવતી બપ્પોર બળી ગઈ
ઢબૂરી દીધી તેને લાલ ખાંપણની નીચે

બે

ગઈ પેઢીએ ઊંઘેથી ગાયા
દોતારાના મૂંગા રાગ.
હૈયાના બેઠા પૂલ પર ઊભીને
લોકોને કેમ સમજાવવા કે
દરેક અંત પછી એક શરૂઆત હોય છે
એક શરૂઆત પછી બીજી એક શરૂઆત
બધી ઘટનાઓ છે એક ગાણું અંતનું.

ત્રણ

પાયાની હળવી ધ્રુજારી
વિખરાઈ ગઈ ઘંટ પર

અંગૂઠાથી અવશેષો ઊગે
વંડામાં કોડિયું બળે માટીનું
પાછળ ન જોઈશ
પાછળનો મૃત્યુઘંટ વિરમી ગયો છે.

અનુ. યોગેશ વૈદ્ય
(નીરેન્દ્રનાથ ઠાકુરિયાના અંગ્રેજી અનુવાદ પરથી)

પોતાનું
મનોજ બરપૂજારી

આજીવન વિચારતો રહ્યો છે તે

વિચારવું સહેલું નથી હોતું
જેમ પોષના વરસાદમાં પલળવું

વિચાર્યા વગર પણ ચાલે નહીં
જન્મથી વિકલાંગ હોવા છતાંય
તેણે વિચાર્યું હતું એક સડકથી જ ગુજારો થઈ જશે
આજ સુધી પોતાની સડક પર જ તે ચાલતો રહ્યો છે
માળો બનાવવાની વાત વિચારતાં જ કોઈ
પહોંચી શકે છે તેના મૂળ સુધી
ઉનાળામાં આવી શકે છે કોઈ તેની નાવ લઈને નદી પાર કરીને

નાવ રોકીને તે બેઠો રહે છે
એક પથ્થરની છાતીમાં શોધતો ફરે છે તે
વિચારેલી વાતોને
પોષનો વરસાદ પણ તેને તાપણા સુધી ન લઈ જઈ શક્યો.
તે કોઈને પણ પોતાની ધરતી પર પગ મૂકવા દેતો નથી

ક્યાં સુધી મૂંગો રહેશે તે

આજીવન એ જ વિચારતો રહ્યો છે તે
તેની પાછળની સડક ટૂંકી થતી જાય છે.

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)



Bidyut Bikash



Soumen Biswas

રાતનાં ફૂલો
જનાન પૂજારી

ઠક ઠક ઠક
મળસકે બારણું ખખડ્યું
માએ દીકરા સામે જોયું, દીકરાએ બાપ સામે
અને બાપે જોયું તેની વ્હાલસોયી દીકરી સામે.

કશું ચિંતાજનક નથી, અને તે કાલે તો પાછો આવી જશે
થોડી પૂછપરછનો જ મામલો છે ફક્ત
નાનકડો મામલો છે સવાલ પૂછવાનો
સવાલો કરવાના છે, બસ, મા બડબડી

શું થઈ રહ્યું છે ? શું ?
માની આંખો ઢળી ગઈ
બાપ દીકરી સામે જોવા લાગ્યો
દીકરીએ કહ્યું ; સવાલો પૂછવાના છે
સવાલો પૂછવાના છે, લોકો ગણગણ્યા

ઠક ઠક ઠક
લોકો ભેગાં થઈ ગયાં આજુબાજુ
અને બની ગયાં ટોળું
અને કહેવા લાગ્યાં;
સવાલો પૂછવાના છે
હા, અમારે (પણ) સવાલો પૂછવાના છે.

અનુ. યોગેશ વૈદ્ય
(ગોપલ દાસના અંગ્રેજી અનુવાદ પરથી)

છુકછુક ગાડી

અર્ચના પુઝારી

કાનખજૂરાની જેમ
કાળો ઉચ્છવાસ આકાશમાં ફેલાવતી
એક લાં...બી કાળી વ્હિસલ
લોહીમાંથી પસાર થઈ જાય.
કોલસાની ભૂકી ઉડાડતી જાય
મારા બાળપણની રેલગાડી

આ નાનાં નાનાં ઘરોમાં શું છે
શું ભર્યું છે આ ઘરોમાં
લોકો ચડે, લોકો ઊતરે
તેમનાં શ્વાસોનાં વાદળાં ચડે
અને આખું આભ આશ્ચર્યમાં ગરકાવ.

બારીઓમાંથી ડોકાય
રીંછની વિધવિધ ભાવભંગિમા.
થાંભલા જેવો લાંબો સ્ટેશન માસ્તર
હાથમાંના ફાનસને ધુમ્મસ અને ટાઢ વચ્ચેથી વીંઝતો
અમને હેરત પમાડતો.
હાથમાં સિગારેટ લઈ દૂર ચાલ્યો જતો કોઈ અજાણ્યો માણસ
"ખટક ખટ ખટક ખટ
તીનસુકિયા અને પરત "
ચાલો નાસી છૂટીએ.
આપણી છાતી પર આપણા હાથ મૂકીએ
આ તો છુકછુક ગાડી !
એક પાછળ એકના ખભે હાથ મૂકીને
વ્હિસલ મારતી ફરે.
પડોશીના વાડામાં ઘૂસી જાય.
મને ખ્યાલ પણ નહીં ને હું તો રાતની ગાડીમાં બેસી ગઈ
અને ત્યાં જ રોકાઈ ગયાં
તારોડિયાં મકાનોનાં સપનાં જોતાં.
અમને બેબાકળા કરી મૂકતો એક આભાસી ઓળો
અમારા પર તરાપ મારે છે.
ગામમાં, બીડમાં, ખેતરમાં,
મા પર અને ભાઈ પર
મારી બહેનનાં હૈયામાં....
પેલી નિષ્ઠુર લંબાતી વ્હિસલ.
પેલી રેલગાડી.
પેલાં પ્રેમનાં મૂળિયાં .

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)

કવિતા

અજિત ગોગોઈ

તને ઊંચકીને ફરું છું સતત

શિવને ખભે સતીનું નિર્જીવ શરીર જાણે
તું વજનદાર થઈ રહ્યો છે મારા માટે
છતાંય તને ઊંચકીને ફરું છું
ખાતાં-પીતાં, ઊઠતાં-બેસતાં, સપનામાં ને જાગતાં જાગતાં

કદાચ તું મરી ગયો છે
તારી છાતીમાંથી દુર્ગંધ આવી રહી છે
તારી સ્મૃતિઓમાંથી પણ દુર્ગંધ આવી રહી છે
તારી દુર્ગંધથી ફેલાઈ રહી છે મારા શરીરની પણ ધૃણાજનક દુર્ગંધ

મારા લાંબા-ટૂંકા શ્વાસ
મારા નિઃસાસા તું સાંભળે છે, શું તું સાંભળે છે?
ના, તું નથી સાંભળતો
તું તો છે અથર્વ જેને ભૂતકાળ નથી કે નથી કોઈ ભવિષ્યકાળ

તારો અતીત હોત તો તે અતીતને દોષ દઈને
તને ઉતારી નાખત ખભા પરથી
તારું ભવિષ્ય હોત તો તારા ભવિષ્યની આશંકાઓ બતાવીને
ઉતારી નાખત તને મારા ખભા પરથી.

તું તો છે કેવળ વર્તમાન
તને છોડીને હું મરી ન શકું
માટે તને ઊંચકીને ફરું છું સતત.

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)



Hirak J Das

માટી, માણસ,નદી અને મેદાન
મીરા ઠાકુર

આ ઊમટતી જનમેદનીમાંથી જન્મે છે યાત્રા અથવા
પાછી ફરતી ધારા,
અહીં શરૂ થાય છે કૃત્રિમ કે અકૃત્રિમ વિલાસમાં પ્રેમના ભાવતાલ
લેણ-દેણના નિયમિત ખેલ.
હા, હા, બજાર શરૂ થાય છે અહીંથી જ.
અહીંથી બધું મળી જાય છે, દેવા માગો તો દિલ ખોલીને બધું જ આપી શકાય છે
મન થાય તો સમુદ્રમંથન કરીને અમૃતને કે ઝેરને નસેમસમાં વહાવી શકાય છે
ક્યારેય ન છિપાતી તરસને ધરતી ચીરીને લાવી શકાય છે.
અથવા હથેળી પર ઉગાડી શકાય છે વિશ્વનું સર્વોત્તમ વિશાળ વૃક્ષ,
આંગળીના વેઢે દઈ શકાય છે સ્નેહહીન સપનાનું પરચૂરણ
વિલાપ
ઇચ્છો તો સમુદ્રના પેટાળથી લાવી શકાય છે શંખ
ઠરી શકે છે આગમાં બળેલ કલેજાની યંત્રણા
જે રીતે હોય કોઈની શોધમાં કાંટાળાં જંગલ
શબ્દોની કોઈ હિરણ્યમય સવારે
એક અંધારિયા વર્ષને પાર કરીને રોકાઈ ગઈ છું હું
તારા ખોવાઈ ગયેલા દિવસોના ઠેકાણાની શોધમાં
આ ઊભરાતો દરિયો જ એક દિવસ લઈ આવશે
જીવનની 'સફળ કહાણી'
માટી, માણસ, નદી અને મેદાનની.

અનુ. યોગેશ વૈદ્ય
(કિશોરકુમાર જૈનના હિંદી અનુવાદ પરથી)



Ravindra Tanwar


Banajit Axom

માટીનો દીવડો
મીરા ઠાકુર

કાલ રાતે
તારી શોધમાં
તારોડિયાઓમાં ભટકતી રહી હું
સવારના આકાશમાં
જોયો ચંદ્ર
લાશ જેવો.

હવે
પહાડો પર
પીંજાયેલા રૂની જેવા વાદળના ટુકડા
શેવાલીનાં ફૂલો પર ઠરેલા શોકના બિંદુઓ.

મારા માટે
થથરે છે દિવસ
ટાઢીબોળ છોકરી જેવો.

ક્યાં મૂકું
મારા દેહનો ભાર.
તારું
સ્વાગત કઈ રીતે કરું.
મારા
માટીના દીવડાની તો
વાટ જ નથી સળગતી.

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)

કંપતાં અંકુર
કુશાલ દત્તા

...કેવી જીવંત હયાતી !

જાણે કોઈ કામાતુર જોડાની
શિલ્પમંડિત રતિક્રીડા
ધબકતી બે ક્ષણો વચ્ચેની હવામાં

એક તાજા જ ફૂટેલા છોડવાનો લાલ અંકુર
વહેળોના કાંઠે

આ છોડવાના મૂળને
નદીના આ કાંઠાથી એક નિશ્ચિત કોણથી જુઓ તો
તે લાગે નિસર્ગાતીત
છોડવાથી લઈને નદીના મધ્ય વહેણ સુધી
કોઈ સાપોલિયા જેમ સેલારા લેતું મૂળ

થોડી વાર રહી
નહાવા આવેલી કોઈ માથાબોળ કન્યા
આ મૂળને જોઈને ગોથું ખાઈ જશે,
મૂર્છા આવી જશે તેને.
અને તેનું શિલ્પ કંડારાઈ જશે બીજી જ પળે છોડવાનાં મૂળમાં
અને ત્યાં સુધીમાં તો
ડૂબી રહ્યો હશે સૂરજ ઘરે પાછી ફરતી ભેંસોનાં શિંગડાંઓમાં.

રાઈનાં ખેતરોમાં
રાડાં અને ડાભ વાટે ઊતરી જતો
ઊતરી જતો ઊંડા જંગલમાં
સાવચેત આંખે બધું કળી જઈને
તાજા જ ફૂટેલા છોડવાનો લાલ અંકુર.

નદીના સામા કાંઠે
જ્યાંથી રસ્તો ફંટાઈને જંગલ તરફ જાય છે
ત્યાં શાંત બિડાયેલાં આંખોનાં બે પોપચાં
કંપતા રહેશે બે ક્ષણોની વચ્ચે
અને ભેંસોની ઘંટડીઓ દૂર વહી જઈને
ભળી જશે ચુપકીદીમાં.

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)



Iftikar Ali

તેનો આસમાની દેહ
નીલિમા ઠાકુરિયા હક

તેનો આસમાની દેહ
ઊગે છે ગગનમાં
ન જાણે ક્યાં છોડી આવી છું ઋતુઓને
હવે કદાચ આ બ્રેઇલલિપિથી ટેવાયેલી
આંગળીઓ
કશું નહીં સમજી શકે.

ચાંદનીની ચકલી
અંધારાને ખોતરી ખોતરીને
ખાવા લાગી ત્યારે જ અસાર થઈ ગયું બધું
અસાર થઈ ગયા ઊંચા ઘાસની જેમ કંપતા હોઠથી લાગ્યા તેના હોઠ
તપાવેલ સૂયાથી વીંધાયેલા તેના વક્ષમાંથી
વહેતું તેનું લોહી
હેમંતના વળાંકે ધુમ્મસમાં
              છાનુંમાનું ખોવાઈ ગયું
હવે તેની પાંપણોમાં છે ઓસ
દુઃખની ક્ષણોમાં દેહમાં હજારો નીલ કમલ.

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)

આપણે કોઈને કેટલા જાણીએ
નીલકાંત સૈકિયા

આપણે કોઈના વિષે કેટલું જાણીએ છીએ ?
જે કંઈ જાણીએ છીએ તે પૂરતું પણ હોય છે શું ?

જે કંઈ જાણીએ છીએ તે એક હિસ્સો છે બસ જીવનનો
બાકી જે નથી જાણતા તે જ ઢાંકીને રાખે છે આખા જીવનને

બધુ જાણીએ છીએ એમ માનીને જ શરૂ કરીએ છીએ સફર
કોઈ દીકરો બને છે કોઈ બાપ બને છે

કોઈ માતા કોઈ બહેન
કોઈ સગો કોઈ બંધુ

પતિ-પત્ની બનીને સાથે સાથે સપનાં જુએ છે
સપનાનો અર્થ જ જાણ્યા વગરનો રહી જાય છે એકબીજાં માટે

માટે તો અજવાળામાંય ચોંકી ઊઠે છે પત્ની
પ્રાર્થના પતિનું ખીસું ભારે બનાવે છે

કોઈને કહ્યા વગર અચાનક ગુમ થઈ જાય છે એક કવિ
એકલતાના ઓરડામાં શું શોધતા ફરે છે ઘડપણના દિવસો ?

આપણાથી વધુ જાણકાર છે ફૂલો તે પતંગિયાંઓને જાણે છે
આપણાથી વધુ જાણકાર છે તારાઓ તે આકાશનો વર્તાવ સમજે છે

આપણે જાણીએ થોડું અને કહીએ પૂરું
બીજાના જીવન વાંચતાં વાંચતાં
પરિપક્વ વાચક હોવાનો ઢોંગ કરીએ છીએ

જે કંઈ વાંચીએ તે હોય કેવળ પ્રસ્તાવના
જીવનનો વિશાળ ગ્રંથ તો વંચાતો જ નથી

આપણે કોઈના વિષે કેટલું જાણીએ છીએ ?
જે કંઈ જાણીએ છીએ તે છે સાવ સામાન્ય
જે નથી જાણતા તે જ છે અસલ જીવન.

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)

આજની રાત
પ્રાંજિત બરા

આજની રાત ફરીથી ઝીણાં ઝીણાં શાંત ફૂલો લીમડાનાં
તારો શ્વાસ થઈ રહ્યો છે સફેદ
તારું આખુંય શરીર થઈ રહ્યું છે સફેદ
અને આ અડકો ત્યાં ભાંગી જાય તેવી કુંવારી રાત સફેદ
તારી પહેલા વરસાદની લટ ફરતે ઘૂમે

કોની રાહમાં તું આમ બારીએ ઊભી છે આવી નિબિડ અને મૌન
આવી ભૂરી પડી ગયેલી, શાંત - કોને શોધી રહી છે
તું આમ ચંદ્રપ્રકાશિત ઘાસમાં ?

કોની રાહ જોઈ રહી છે તું આમ ?
શું તેના શરીર પર લહલહતી કુંજારો છે ?
તેં તારા બન્ને હાથોથી લચી પડેલી ડાળોને ખંખેરી ?
શું ફૂલો ખરી રહ્યાં છે તારા દેહ પર ?
તારા વક્ષની ટોચે અને આ રાતની લટોમાં ?

લીમડાનાં ફૂલો ખરી રહ્યાં છે તારા દેહ પર?
શું તું પલળી રહી છે આ બટકણી ઉત્સવ રાતમાં ?

અનુ. યોગેશ વૈદ્ય
(અરુંધતી ગોહાઈનના અંગ્રેજી અનુવાદ પરથી)

બધાં ફૂલો રાતનાં
પ્રાંજિત બરા

રાતના બધાં જ ફૂલો
ઊઘડી ગયાં છે
સ્હેજેય અવાજ કર્યા વગર

નદી પાર કરતો ચંદ્ર
મને તેની જોડે લઈ જાય છે
તારાં સપનાંઓ જેવા રાઈનાં પીળાં ધમરખ ફૂલોનાં પાથરા વચ્ચે.

અનુ. યોગેશ વૈદ્ય
(પલ્લવી દાસના અંગ્રેજી અનુવાદ પરથી)

નદી અને માણસ
બિપુલજ્યોતિ સાઇકિયા

૧)
નદી માણસનો ભૂતકાળ સંભારે છે
રૂપાળાં અથવા કદરૂપાં વ્યક્તિચિત્રો
ભેગાં કરેલા બધાં જ ગીતો અને બધાં જ સપનાંઓ

પંખી થઈને ઘરડાં ગળાંઓમાં મૂકે છે ગીત યૌવનનું
યુવાનના હાથમાં મૂકે છે તારુણ્યનાં દીવાસ્વપ્નો
તરુણના હોઠમાં મૂકે છે
સોનેરી વારતાઓ શૈશવની

પોતાની જાતને ફરી શોધી કાઢવાની લ્હાયમાં
સરનામાંઓના ફાંટા જ ભૂલી જતો તે.

૨)
ક્યારેક નદી ગાય છે માણસની શિરાઓમાં
તેને ચિરંજીવિતાની ક્ષણ બક્ષે છે
તેના રક્તમાં ગ્લાનિ તરી આવતા
જીવનની બધી જ પાવન શ્રદ્ધાઓ
માણસના તરસ્યા ખોબામાં મૂકી દે છે.

૩)
નદી સ્પર્શની અનુભૂતિ આપે છે
આપે છે શ્રદ્ધાળુ હાથ, સાંભળતાં હૈયાં

જ્યારે માણસને યુદ્ધનાં બિયાં મળી આવે પોતાના હૈયામાંથી
તે દોડી જાય છે નદીની પાસે
જેમ કોઈ ખિન્ન કવિ તેની સ્ત્રી પાસે જાય.

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)



Prabal Paplu Deuri



Nishad Mankar

વરસાદ ! આવ
બિપુલજ્યોતિ સાઇકિયા

વરસાદ ! આવ
મેં અધૂકડું જ વાસ્યું છે મારું બારણું
અને બારીઓ પણ છે ખુલ્લી

આ એકધારાપણાને ધોઈ નાખ
પૃથ્વીને ઢાંકી દે સફેદ દરિયાથી
પુરાણ-પૂજનીય સૂરજ ભલે આથમી જાતો ઘરના વાડામાં

ધોઈ દે આ ધૂળિયા હાથ
કે હું શરૂ કરું ફરીથી જળયાત્રા
હલેસાં મારતો.
ધોઈ દે..
લોહીથી નહીં ! ધોઈ દે તેને મારા વિષાદની યમુનાના વાદળી પાણીથી
કે હું પ્રવાહની શિરાને વીછળી, તેની આરપાર જોઈ શકું

ધોઈ દે મારા રક્તરંજિત ચહેરાના પડછાયાને
કે હું આ કમળ આચ્છાદિત તળાવમાંથી ખોબો ભરીને પાણી પી શકું
કે હું ઝિરકના ફૂલો હટાવીને ફરીથી જોઈ શકું
આંખની લણણીના દિવસો

વરસાદ ! આવ
મેં અધૂકડું જ વાસ્યું છે મારું બારણું
અને બારીઓ પણ છે ખુલ્લી

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રિયંકુ શર્માના અંગ્રેજી અનુવાદ પરથી)

ખોવાયેલા હાથ
અરૂપા બરુઆ

બીજા દરજ્જાના નાગરિકને
કોઈ જ માન્ય અધિકાર નથી હોતો !
દાસી હતી તે જ સારું હતું
એક દિવસે તેમણે કહ્યું-
" ઊઠ, તારી પૂજા થશે ! "
મારા દશ સશસ્ત્ર હાથ થયા
પગમાં પડ્યો અસુર
નતશીશ થયા અગણિત લોક
સિંહવાહિની થઈને મેં ગર્વ સાથે પૂજા સ્વીકારી
પૂરી પાંચ રાત અને પાંચ દિવસ.

પછી એક દિવસ તેમણે કહ્યું
'ચાલ, અમે તારું વિસર્જન કરશું !'
તે પછી હું નિર્વસ્ત્ર થઈ
શેર-શેર, પા-પા શેર જોખાઈને વેચાયું મારું માંસ.

દાસીમાંથી દેવી બનવાના સમયગાળામાં
સ્ત્રી બનવાની છૂટ નથી હોતી
માટે હું નદી બની, પથ્થર અને ખેતર બની.
આગ, માટી અને આકાશ બની તમારી કવિતાઓમાં.

હવે

પાછા માગવાથીય તેઓ નથી દેતા
મારા પેલા દશ ખોવાયેલા હાથ.

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)



Himangshu Lahkar



Jayanta Aakaash Barman

ભય
બિજોયશંકર બર્મન

વાંસના ટેકે ઊભેલી ઝૂંપડીની દીવાલ પર બનેલા
ભમરીનાં ભોણને ઉખેડી નાખતા તેં કહેલું -
કશો ફરક નહીં પડે
આને આજે ઉખેડી નાખું છું પણ આ ફરી પાછું બંધાઈ જશે
જ્યારે લણણી પછી ડાંગરનું ખેતર
સૂરજથી તપીને તરડાઈ જશે.

એક ભડકો ઓગળી ગયો
અંધારામાં
શંખની બંગડીમાંથી તેં જોયો હતો
એક માણસને
અંધારા બોગદામાં થઈને વહી જતો
તેના સૂકલકડી હાથમાં તારો કાળો ચહેરો હતો.

સપ્તપર્ણીના વૃક્ષ પરથી ઓસનાં ટીપાં પડે
અને પર્વતની ટોચે કંઈક દીવો થઈને બળે.
એ દીવો
મારી તરફ આવી રહ્યો છે
કે હું દીવા તરફ જઈ રહ્યો છું ?

મને એવું લાગ્યું એક દિવસ
જ્યારે હું
એક ડાંગ લઈને મારા વાડાનાં વનમાં
ભૂતિયા વૃક્ષ પરથી
એક લાલ છાંટવાળી કેરી પાડવાની કોશિશ કરતો હતો.

*- સપ્તપર્ણી જેને બંગાળમાં છતિયાન કે દીતા કહે છે. તેને દૈત્યનું વૃક્ષ ગણાય છે

અનુ. યોગેશ વૈદ્ય
(નરેન્દ્રનાથ ઠાકુરિયાના અંગ્રેજી અનુવાદ પરથી)

ભાઈને

મૃદુલ હાલોઈ



Mainak Goswami

અમારા શિયાળુ ખેતરોમાં
અડાબીડ ઘાસ ઊગવા લાગ્યું છે
મારા શબ્દો
ધાનના બીજની જેમ
કોઠારની કોટડીમાં પોઢી ગયા છે છાનામાના.

શું તારા શબ્દો પણ ??

આ તે જૂના દિવસોની જ સુક્કી ડાંગરની સાદડી છે
જેના પર થઈને મધ્યાહ્ન વહી રહ્યું છે.
બે છોકરા માત્ર –
જેઓ ડાંગરના ક્યારાઓ વચ્ચે દોડી રહ્યા છે
હાંફતા હાંફતા.
અમે નથી
- અમારા જેવા છે કોઈક.

એ વીતેલાં વર્ષોના અમારી વાડીના મકાન પાસે
આંબે મોર આવ્યા છે
એક કબૂતરનું ઘૂ ઘૂ
નમતી સાંજને વીંધી નાખે છે
અને ખરજનો સૂર જે તું છોડી ગયેલો મારા હૈયામાં
અત્યાર સુધી રોકી રાખેલી તે ધાડ પાડી દે છે....
જ્યાંથી આપણી આંખોના દીવડા દેખાતા નથી
મને ખબર છે
તું હજુય સાંભળી રહ્યો છે
પંખીનો ચહકાટ
અને દોડી રહ્યો છે
એક ખોવાયેલા અંજીરને શોધતો.

અને અહીં હું એકલો
ભાગી રહ્યો છું
પેલા ઝીણી પાંખાળા લાલ વાણિયા પાછળ
જેની પાછળ આપણે સાત ખેતરવા દોડ્યા હતા છતાંય
આપણને દઈ ગયો હતો તે હાથતાળી.

આપણા ખેતરે ડાંગર લહલહે છે
આપણાં હૈયામાં સાચવીને રાખેલા શબ્દોના અંકુર
અધીરા થઈ ગયા છે
કોઠીના દાણાની જેમ.

તારો શ્વાસ મારા હૈયાને વીંધતો નીકળે છે

પેલા લાલ વાણિયા પાછળ દોડતા બે છોકરા
અદ્દલ આપણા જેવા જ લાગે છે
જેવા આપણે હતા વર્ષો પહેલાં .

એ જ જૂના વાણિયા ઊડતા
અને એ જ બે છોકરડા
એ બે આંસુમાં રેળાઈ રહ્યા છે
જેને હું રોકી નથી શકતો.

અનુ. યોગેશ વૈદ્ય
(જ્યોતિર્મય તાલુકદારના અંગ્રેજી અનુવાદ પરથી)

કેદીઓ
હેમાંગકુમાર દત્તા

કેદમાં પૂરવાની વાત હોય તો
'ઘરમાં જ પૂરી રાખવા' તે વિચાર ઉત્તમ
સગવડ માટે
તમારી પાસે તમારું પોતાનું જ ઘર છે
કેદમાં પુરાઈ જવા માટે.

જોકે આ માટે જેલ પણ કાંઈ ખોટી નહીં !
અંતે તો તે પણ કોઈકનું ઘર જ છે.

વંચિતો કેદ કરાયેલા હિજરતીઓ છે
હંમેશ માટે બહાર જ રખાયેલા.

અનુ. યોગેશ વૈદ્ય
(પ્રદીપ આચાર્યના અંગ્રેજી અનુવાદ પરથી)



Ashish Jalan

કાવ્ય
પ્રતીમ બરુઆ

પ્રાચીન પીપળાની ડાળે
પવન જાતે ગળાફાંસો ખાય

રાતના બીજા પહોરે
પાણીનું વહેણ થંભી ગયું
નદીના વક્ષ પર

મારી બધી મૂંગી વિપત્તિઓમાં
મારાં બધાં છાનાં ડૂસકાંઓમાં
તારો સાથ રહ્યો છે હર પળ

યાતના છાંડતી નથી
આ ધૂંધળી સાંજનો નિશ્ચિત મારગ

પ્રાચીન પીપળાની ડાળે
પવન જાતે ગળાફાંસો ખાય

રાતના અંતિમ પહોરે
ધૂતારા પણ ડૂસકાં ભરે
નીરવતામાં

બધું જ ખતમ થઈ ગયું છે તે વિચાર
સાચો નથી હકીકતે.
આ પ્રલંબ રાત સાથે યુદ્ધ કર્યા પછી જ
સૂરજ આપણા આકાશમાં ઊગે છે

જે રાતના અંધારામાં ઇતિહાસ બની ગયું છે
તેને
આપણે સૂરજના અજવાળે પણ ફંફોસતા રહીએ
સચ્ચાઈના પડછાયામાં

અનુ. યોગેશ વૈદ્ય
(ક્રિષ્ના દુલાલ બરુઆના અંગ્રેજી અનુવાદ પરથી)

પાનખરમાં

અલકેશ કલીતા

પાનખરે મને શીખવ્યું છે
કોઈ પણ કારણ વગર અવસાદી થઈ જવું

એક ઉંમર હતી કે જ્યારે પાંસળાંના પાંજરામાં
એક મીઠું ફળ
એની શરૂઆતની તૂરાશમાં હતું
પછી દૈયડની તીણી ચીખની જેમ
એક બિયાએ ફળમાંથી ઇશારો કર્યો.
હું આ ઓધાન માટે તૈયાર નહોતો.
મને વહાલું લાગતું હતું ગણિત
મને ગણિત વહાલું લાગતું કેમકે હું પહાડા સારી પેઠે યાદ રાખી શકતો

અને મને એક ગાંઠ હતી
ભોલુકા વાંસને તાજો કોટો ફૂટ્યો હોય તેવી
પુષ્પકોશથી ઢંકાયેલી
કુતૂહલવશ થતા અખતરાઓ વચ્ચે એક દિવસ
મને થઈ ગયું' તું સ્ખલન પહેલવારકું; કોઈ જંગલી કાગડાની કરાંજ જેવું
હું એ નિરાદરની સ્થિતિ માટે પણ તૈયાર નહોતો.
મારું બાળપણ નિચોવાઈ ને ખાલીખમ
અને હું કોઈ નવી ગણતરી માંડું તે પહેલાં તો
મારી પોથીમાં ચીતરાઈ ગયું'તું મોટું મીંડું
એ જ હતી મારી પેલ્લીવેલ્લી કવિતા !
આ વ્યક્તિગત ક્ષોભની સ્થિતિ માટે મારી પાસે કોઈ જ બચવનામું નથી
અને મને હજુય વહાલું છે ગણિત.

કોઈ વાંદરો એક કાચું ફળ તોડી લઈ
તેના દાંત ભરાવે તેમાં અને ફેંકી દે, વેડફી નાખે તેને
ફળમાં રહેલું આવતી કાલનું ઝાડ
હવાના સુસવાટા સામે ઝૂઝતું રહે
ઓ મારા હૃદય !
ઓ ! સ્ત્રીઓને વહાલા મીઠા ફળ
તારી વાર્તા તો પાનખરમાં શરૂ થાય છે
કારણ વગરના અવસાદની વચ્ચે.

અનુ. યોગેશ વૈદ્ય
(કવિના અંગ્રેજી અનુવાદ પરથી)



Arup Mazumder

આશાવાન કુતરો

અલકેશ કલીતા

ફકત બદલાવ માટે
પોતાના ઘાવને ચાટતાં ચાટતાં
તેણે
અંદર વળેલા કાંટાવાળા
એક ઝાડની છાલને ચાટી,
ઘણી બધી આશાઓ હતી કે
છાલના જે ભાગને તેણે ચાટ્યો છે
તે પોતે જ ઘાવ બની જશે તરત
પોતાના ઘાવ જેવો જ તાજો
અને તેનાથી પણ ઊંડો.

હંમેશાં રાહ જુએ
ભમરીઓના ઝુંડની
કે તેઓ તેની હગારના ચોસલાને પ્રેમાદર આપવાને આવે.
તે તેના (જ) પ્રેમમાં પડી જાય છે
જે તેણે એક વખત ખાધું હતું

અનુ. યોગેશ વૈદ્ય
(કવિના અંગ્રેજી અનુવાદ પરથી)

જ્યારે પણ તમે જાલુકબારી આવો...

પ્રનબકુમાર બર્મન

.

તમે જ્યારે પણ જાલુકબારી આવો
મને મળજો
આર.સી.સી. કે એ.ટી. હાઉસનાં બંધ બારણાં ખખડાવજો
પૂછજો- " અહીંયાં લવર બર્ડ રહે છે ?"
મારા પીધેલા મિત્રો બહાર આવશે
અને કહેશે –અહીં નહીં, અહીં નહીં
તે રહે છે ઊંચાઈએ , ધુમાડામાં રહે છે
જે વાસંતી કવિતાઓ વાંચે છે
જે મોટેથી સૂત્રોચ્ચારો કરે છે કે
કોનો ભય છે તમને ?
કોનો ભય છે તમને ?
બોરદોઈશીલા*ને આવવું હશે
તો જરૂર આવશે.
તે તેનામાં જ સમાયેલા છે ત્યાં.

જ્યારે પણ તમે જાલુકબારી આવો
મને મળજો
હું તમને ઓળખી જઈશ, કદાચ ના પણ ઓળખું
તોય આપણે સાથે હસશું
હું પૂછીશ કેમ છો તમે
તમને સારું હશે તો મને આનંદ થશે
જો તમને સારું નહીં હોય તો
તમારા વિષાદને લઈ લઈશ થોડો
પછી આપણે દેશ વિષે વાતો કરી શકીશું
રાજા અને સાર્વભૌમત્વ વિષે વાતો
જ્યારે વાત વિષણ્ણ બની જશે
આપણે પાછા પ્રેમની વાતો પર આવી જઈશું
તમારી ઇચ્છા હશે તો આપણે દારૂ પીશું
અને સિગરેટના ધુમાડાના ગોટા ઉડાડશું
પ્રકાશ અને જીવન વિષેનાં કાવ્યોનો પાઠ કરશું
હું તમારી પાસે તેનો સ્વીકાર કરીશ કે
હુ છું એક સ્વ-પીડિત નિર્વાસિત આ શહેરનો
હું બિલકુલ નાખુશ માણસ છું

જ્યારે પણ તમે જાલુકબારી આવો
મને જરૂર મળજો
આરસીસી કે એ.ટી. હાઉસનાં બંધ બારણાંઓને
તમે ખાલી ખખડાવીને જ ચાલ્યા ન જતા.

તે એક જે દેખાય છે બળતો
બધાય ગુલમહોરમાં.
તે એક જે ખોવાઈ ગયો છે
સાંજના બજારની સ્રૈણ ખાખાખીખીમાં
તે એક જે ઊભો છે
એકાકી બસ-સ્ટોપ પર
એકાદ સપનું ક્યાંકથી આવે તેની રાહ જોતો.
તેને જઈને પૂછજો – તમે પેલા લવર બર્ડ છો ?

* બોરદોઈશીલા – આસામમાં ધોધમાર વર્ષા લાવતો પવન

અનુ. યોગેશ વૈદ્ય
(ઉપાસના ગોસ્વામીના અંગ્રેજી અનુવાદ પરથી)



Sheikh Abdul Nadim

ખમીસ

પંકજ ગોવિંદા મેધી

જેમાં મારા શરીરની ગંધ સમાણી છે તે મારું ખમીસ છે.
જેમાં તમારા શરીરની ગંધ સમાણી છે તે ખમીસ તમારું .

દુકાનમાં પડેલા ખમીસને અલગ ગંધ છે તેની પોતાની

તે ખમીસમાં દુકાનદારના શરીરની ગંધ નથી.
આથી તેનો માલિક એ દુકાનદાર નથી.

ખમીસ પોતે જ ખમીસનું માલિક છે પોતાના શરીરની ગંધ સાથે.

થોડીવાર પહેલાં હું મળી અવ્યો છું
તે ખમીસને
એક દુકાનમાં જઈને.

ખમીસ પોતાના શરીરની ગંધને વેચવા રાહ જોઈ રહ્યું છે ખરીદનારની .

અનુ. યોગેશ વૈદ્ય
(કવિના હિંદી અનુવાદ પરથી)

પરિવાર
કનકચંદ્ર રાય

મારા પિતા પાસે હતું બરફનું એક ઘર
તેની અંદર ગણિત સિવાય કશું ના ચાલે
કવિતા વર્જિત હતી

મારી મા હતી પડછાયો તે ઘરનો
જ્યાં ઊછરતી હતી
મારી અગણિત ઇચ્છાઓ

મારી બહેન હતી દીવાસળીનું એક બાકસ
જેને હું મિત્રો બનાવવા દેતો ન્હોતો
કવેળાના ફાગણનો મને ડર લાગતો હતો
ક્યાંક દાઝી ન જાય મારી બહેન

મારી બહેનના હૈયામાં આકાર લેતો તિખારો
સમય જતાં અસહ્ય થઈ ગયો હતો
તે દિવસે સપનાંના બજારમાં
હું તેનાથી જરા દૂર ગયો જ હતો
ને તે સહસા સળગી ઊઠી
અને મારા પિતા થઈ ગયા પાણી
મારી મા તે પાણીનો પડછાયો
અને હું એ પડછાયાની
રખડી પડેલી ચીસ

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)



Binoy B Gogoi

બાપુજી તમે ધીમેધીમે ગુમ થઈ રહ્યા છો
અપરાજિતા બુઢા ગોહાઈ

સુકાયેલ પર્ણો વચ્ચે
ઝાકળનાં બુંદ ઠરી રહ્યાં છે

ઓ બાપુજી
તમે ગુમ થઈ રહ્યા છો સમયના વક્ષમાં
અને તમારી દીકરી આગળ વધી રહી છે તમારા પગલે પગલે

મારા શરીરે ચોળશો નહીં અડદ-હળદરની પીઠી
મારી બીમાર માને છોડી નહીં શકું
કંઈ જ છોડી નથી શકતી
માયાની પૃથ્વી
વાડીના ખૂણામાં ઔષધની વેલ ઊગી છે
તમે ધ્રૂજતા હાથે પાઈ નહીં શકો તેનો રસ માને
આ દીકરીના હૈયામાં
એક મંજૂષા છે પથ્થરની ઓ બાપુજી
પથ્થરની મંજૂષા

વરસાદમાં પલળી રહી છે તમારી દીકરી
આંસુનો વરસાદ
મેં કામનાઓના મહેલને તોડી નાંખ્યો છે
નષ્ટ કરી નાખ્યા છે સ્વપ્નાંના સ્તંભોને

ગઈ રાતે પણ તમે બડબડતા હતા ઊંઘમાં
તમે ગુમ થઈ રહ્યા છો સમયના વક્ષમાં
તમારા વક્ષમાં તમારી દીકરી
તમે ગુમ થઈ રહ્યા છો સમયના વક્ષમાં
તમારા વક્ષમાં તમારી દીકરી
તમે ગુમ થઈ રહ્યા છો સમયના વક્ષમાં
તમારી દીકરી તમારા પગલે પગલે આગળ વધી રહી છે

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)

ડાયણ
પ્રશાંત રાભા

એક અડધી લખેલી કવિતાથી
ગઈ રાતે મારું સપનું નંદવાયું
એક વૃદ્ધ દંપતી મારી કવિતાનો વિષય
જેમની આંખોની પૂતળીઓમાં
ઢળી ગયો હતો સાંજનો સૂરજ
જીવનને પીળું બનાવી દઈને
પગદંડી પર એક સાંજ અંધારા તરફ આગળ વધી રહી હતી..
ધીમે ધીમે, ભય સાથે, સંશય સાથે
વધી રહી છે રાતની ઉંમર

વૃદ્ધ વૃદ્ધાને છોડીને
વૃદ્ધા વૃદ્ધને છોડીને
પાર કરવા નથી માગતા વૈતરણી

એક દિવસ પૌત્ર-પૌત્રીને
અડધી વારતા સંભળાવતાં સંભળાવતાં
બન્નેએ પોતાની જ આંખે જોઈ
જંગલાના સ્થાને સ્કૂલ બનતી
જોયાં હતાં લોકોને અજવાળાની મદદથી રાતને દિવસ બનાવતા
આકાશમાં વિમાન ઉડાવતા જોયા
સાચ્ચે જ લોકો તો બદલી ગયા !

આટલી બધી વિવેકબુદ્ધિ વચ્ચે પણ
ડરતાં ડરતાં વૃદ્ધ-વૃદ્ધાના વક્ષમાં
એક સંશય ઊગી નીકળે છે

જો દુકાળમાં વેરાન થઈ જાય ખેતર
જો બીમાર થઈને મરી જાય હળે જોતર્યા બળદ
કોઈ નવા રોગચાળાથી
જો ગામ આખું કકળી ઊઠે
કેડીઓ પર થઈને આવેલી ગામડિયણ બાઈ
જો વેધક નજરે જોતી ચાલી જાય
તો કેમ કરીને તેઓ બન્ને સૂઈ શકશે, કેમ કરીને
આ અંધારી ઓરડીમાં


અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)

ગામ
નીલ નયન

ભાંગીને ભુક્કો થઈ ગયેલા ગામને
હીરાના ટુકડાની જેમ છાતીએ વળગાડીને ફરું છું
શહેરોમાં, મહાનગરોમાં.
ગામની વિનવણી અને ગાયનની ગોધૂલિ અસ્ત થઈ ગયા પછી
રજનીગંધાનાં ફૂલો એક સપનું થઈને ખીલી ઊઠ્યાં છે
આકાશ, ખેતર, ફૂલો, પંખેરું, ચરિયાણો અને નદીને ખોયાં પછી
એકલતાને એક પ્રેમિકાની જેમ આસું વાટે વહાવી રહ્યું હતું
હૃદય દુઃખી
ખેડૂઓ, વૃદ્ધ, બાળકો, યુવતીઓ અને એક-બે
નોકરી કરીને ગામનું નામ રોશન કરવાવાળા નોકરિયાતો

હવે એક જૂના મિત્રના જેવા...

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)



Subha Sarkar

બકુલના ફૂલોની કવિતા
સત્યજિત નાથ

બકુલનાં ફૂલો વીણતાં એક દિવસ
આપણે એક-બીજાંને ખોઈ નાખ્યા હતાં

જોઈ હતી
લોહિયાળ પર્વતની પેલી પાર
કપાઈને નીચે પડેલી
એક લાલ પતંગને
જે ઘરે પાછા ફરતા પંખીની પાંખોથી કપાઈ ન્હોતી

ચોમાસુ નદીમાં
વહેતી હોડી અચાનક ખોટકાઈ ગઈ હતી

ઘૂંટણભર પાણીના અજવાળામાં
નાનીનાની માછલીઓને વિહરતી જોઈ હતી
એક મોટી માછલીની પાછળપાછળ

બકુલનાં ફૂલ ખીલ્યાના એક દિવસ પછી
લીલાં પંખીઓનું એક ઝુંડ
ગીત ગાતું નીકળ્યું હતું આકાશમાંથી
લીલૂડો થઈને સળગી ઊઠ્યો હતો એક સૂરજ
બકુલનાં ફૂલો વીણતાંવીણતાં આજ
બન્ને હાથ કાંપી રહ્યા છે
હાડકાંઓની વચ્ચે ખીલી ઊઠ્યું છે
બીજું એક અણદીઠું બકુલનું ફૂલ

ક્યાંક
અવાજની સાથે બટકી જતા
એક સૂરજનો ધ્વનિ સાંભળી રહ્યો છું

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)

રાતના અંધારામાં ગર્ભવતી થતી એક નદી
મણીકા દાસ


એક ચટ્ટાનનું હૈયું ફાડીને વહી આવે છે
રાતના અંધારામાં ગર્ભવતી થયેલી એક નદી

ઊજળી પીળી માછલીઓ
ચાલી જાય છે વિદાયનાં ગીતો ગાઈ ગાઈને

પ્રાચીન પીપળાનાં બે વૃક્ષ
શોકના માર્યા ઝૂકી જાય છે

વધુ એક જાળને ગૂંથી ન શકનારી હું
તરફડતી પડી છું
પેલા બન્ને પીપળાનાં થડ પાસે.

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)



Saurav DebNath

પિતાજી પથર બનીને બેઠા રહે છે

સંસ્કૃત સૌરભ બરા

જંગલને સાફ કરી દાદાજીએ બનાવેલો
લાકાડાંનો વિશાળ બંગલો હવે ધૂળ ખાય છે

પિતાજીની આંખે મોતિયો આવ્યો છે

બારીમાંથી પશ્ચિમની હવા આવે છે
બારીમાંથી ઉત્તરની હવા આવે છે
બારીમાંથી પૂર્વની હવા આવે છે
બારીમાંથી દક્ષિણની હવા આવે છે

પિતાજીની છાતીમાં હિમવર્ષા થઈ છે
પિતાજી પથ્થર બનીને બેઠા રહે છે ઓસરીમાં

દરવાજામાંથી કોણ બહાર નીકળે છે
દરવાજામાંથી કોણ અંદર આવે છે
દરવાજાને કોણ ખોલે છે
દરવાજાને કોણ વાસે છે

આવવા-જવા અને ખોલવા-વાસવા બાબતે
પૂછવા હું પિતાજી પાસે જાઉં છું
પિતાજી પથ્થર બનીને બેઠા રહે છે ઓસરીમાં

બંગલાની અંદર હાસ્ય
બંગલાની અંદર થોડા સિસકારા
બંગલાની ફરસ પર કોઈનો પદરવ
બંગલાના કોઈ ઓરડામાં કોઈનો ગણગણાટ
હર દરવાજે સિસોટી

કાગડાનાં ઝુંડમાંથી કોઈ એક કાગડાના દાંત તૂટે છે.
તે પાતાળકૂવામાં ટકરાઈ-ટકરાઈને ગોકીરો મચાવે છે પડોશમાં

પાછો ફરીને હું પિતાજીની ભાળ લેવા જાઉં છું
વક્ષનું અંધારું લઈને અંધકારમાં જ બેઠો રહે છે માટીનો એક ઘડો.

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)

મારા બન્ને હાથ

(નીલમણિ ફુકન માટે)

યુગજ્યોતિ દાસ

મારા બન્ને હાથને સ્પર્શીલ્યો
દુઃખના રંગના ભૂરા મારા બન્ને હાથ

આ ખીણનો સહુથી ક્ષીણ હાથ
ફેલાવી દીધો છે
ત્યાં જ આંસુ ટપકાવો
સૂરજે શેકેલા મારા બન્ને હાથ
હસવું ખોઈ નાખીને મારા બન્ને હાથ
અત્યંત એકાકી

આવો આંસુને સથવારો દ્યો
ફેલાવી દીધા છે
મારા આ વિનમ્ર હાથને

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)



Sazid Khan

તૂટેલી રાશવાળી સાંજ
મૃણાલ આકાશ મેધી

તૂટીલી રાશવાળી સાંજ
દોડ્યા કરે છે

ફેફસાંમાં શિંગડાંની અણી કાઢીને
સાંજ ભાગતી ફરે છે વાડીએ-વાડીએ

હું તૂટેલી રાશને સાંધીને
હાંકતો ફરું છું સાંજને પાછળ-પાછળ

ધીમે-ધીમે રાશ
વીંટળાઈ જાય છે મારા હાથમાં
મારા પગમાં

મારી ગતિ ઘટી જાય છે
હું ક્યાંક જઈને રોકાઈ પડું છું
ને થોડી વારમાં ગાયબ થઈ જાય છે સાંજ

હું જ્યાં છું
આજે ત્યાં ફેંફસાંનો ઢગલો છે.
ને કાળક્રમે ગાયબ થઈ રહ્યો છું હું.

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)



Jameson Sahariah


Sandip Das

રાત
કવિતા કર્મકાર

રાત પડતા જ
શ્વાસ ખોઈ નાખે છે છંદ, ઊપડી જાય છે એક પીડા
છાતીના જૂના જખમ ફૂલ બની જાય છે

રાત પડતાં જ
મહોરું પહેરનારાઓ મહોરાં ઉતારી નાખે છે
તેના નખોરિયા લાંબા થઈ જાય છે
લબલબવા લાગે છે તેમની કામનાઓની લાંબી જીભડી

રાત પડતાં જ
બ્હાવરું બની જાય છે અંધારું
છાતીની તૂટી ફૂટી ઝૂંપડીમાં
એકલો સળગ્યા કરી છે એક દીવડો

રાત પડતાં જ
સુદૂર પહાડી ઝરણું
હળવે હળવે જંગલમાં ઊતરી આવે છે
તેના સાથમાં વહે છે
ચાંદનીનો ઠંડો પીળો અજવાસ
નદી કિનારે વાંસ ઝૂકીને ચૂમે છે
અલ્લડ લહેરોને

રાત પડતાં જ
ભેરુવછોયું એક પંખી રડ્યા કરે છે
મારી બારીની સામે.

રાત પડતાં જ
દાદીની વારતાના અશરીરી પડછાયાને
મોટા થયેલા ભાળું છું.

અનુ. યોગેશ વૈદ્ય
(દિનકર કુમારના હિંદી અનુવાદ પરથી)

O આ અંકનું ફોટો-સૌજન્ય

THE PHOTOGRAPHY CLUB OF ASSAM

ફોટોગ્રાફિ ક્લબ ઑફ આસામ એ ઉત્તરપૂર્વની સહુથી મોટી ફોટોગ્રાફિ સંસ્થા છે. સમગ્ર આસામ અને ઉત્તરપૂર્વમાં ફોટોગ્રાફરોનું વિશળ વર્તૂળ ધરાવે છે. અનેક રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય ખ્યાતિપ્રાપ્ત ફોટોગ્રાફર આ સંસ્થા સાથે જોડાયા છે. બધી જ જાતની ફોટોગ્રાફિને પ્રોત્સાહન આપવાનું કામ મોટા પાયા પર કરી રહેલી આ સંસ્થા સતત ફોટોપ્રદર્શનો અને શિબિરોનાં અયોજન કરતી રહી છે. તાલીમ અને પ્રકાશનો કરવા ઉપરાંત ફોટોગ્રાફરોના વ્યાવસાયિક વિકાસ અને ઊગતા ફોટોગ્રાફરોને પગભર કરવા માટે અનેક ઉપક્રમો પણ આ સંસ્થા કરી રહી છે. 'નિસ્યંદન'ને તેમના વેબ પોર્ટલ અને ફેઇસબૂક પેઈજ પરથી કોઈ પણ ફોટોગ્રાફ વાપરવાની સૌહાર્દપૂર્ણ મંજૂરી આપી છે.

સંસ્થાની વેબસાઈટ http://photographyclubofassam.org/ અને ફેઇસબૂક પેઈજ Photography Club of Assam અને Photography club of Assam1 ની મુલાકાત લેતાં સંસ્થાની વ્યપકતા અને સમૃદ્ધિનો અંદાજ આવી શકે છે.

અમે ફોટોગ્રાફિ ક્લબ ઑફ આસામ અને સર્વે ફોટોગ્રાફરોના આભારી છીએ. (ફોટોગ્રાફ નીચે ફોટોગ્રાફરોનાં નામ મૂક્યાં છે.)




Pulak Nath

* શ્રદ્ધાંજલિ *



કવિશ્રી લાભશંકર ઠાકર

૧૪/૦૧/૧૯૩૫ ૬/૦૧/૨૦૧૬



કવિશ્રી નિદા ફાઝલી

૧૨/૧૦/૧૯૩૮ ૮/૦૨/૨૦૧૬



હેમચંદ્ર બરુઆ : અસમિયા લેખક, કોશકાર અને સુધારક (૧૮૩૬ – ૧૮૯૭)

હેમચંદ્ર બરુઆનો જન્મ ૧૮૩૬માં શિબસાગર મુકામે થયો. પિતાજી મુક્તારામ બરુઆનું તેમની બાલ્યાવસ્થામાં મૃત્યુ થયું. કાકા લખિનાથ બરુઆએ તેમનો ઉછેર કર્યો.

હેમચંદ્ર બરુઆએ અસમિયા ભાષાના પ્રથમ શબ્દકોશની રચના કરી જે આજે પણ 'હેમાકોશ' તરીકે ચલણમાં છે. તેમણે અસમિયા ભાષાના વ્યાકરણની પણ રચના કરી. તેમના આ કામે અસમિયા ભાષાને એક સુગઠિત ઢાંચામાં બાંધી આપવાનું કામ કર્યું. એક રીતે તેમના આ પ્રદાને અસમિયા ભાષાને તેની રદ થયેલી માન્યતાની પુનર્સ્થપના કરવામાં પણ અગત્યનું યોગદાન આપ્યું.

હેમચંદ્ર બરુઆની નોંધપાત્ર કૃતિઓમાં કનિયાર કિર્તન (નાટક ૧૮૬૧), આદિપથ (૧૮૭૩), પાઠમાલા (૧૮૮૨), બાહીરે રોંગચોંગ ભીતોરે કુઆભાતુરી (નવલ કથા), પોર્હાસોલિઆ અભિધાન છે. તેઓ ૧૮૮૨થી ૧૮૮૫ના ગાળામાં 'આસામ ન્યુઝ'ના સંપાદક પણ રહ્યા.

હેમચંદ્ર બરુઆને આધુનિક અસમિયા ભાષાના જનક કહેવાયા છે.